Thursday 26, November 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૭૦ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## વાપીના જ્વેલર્સ પર હુમલાનાં ત્રણેય આરોપી સબજેલ ભેગા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૫ :** વાપીના જ્વેલર્સ ઉપર થયેલા હુમલા કેસમાં ત્રણેય આરોપીઓને આજે વાપી કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે ત્રણેયને નવસારી સબ જેલમાં મોકલી દેવાનો હુકમ કર્યો હતો.

હુમલા બાદ સ્થળ પરથી એક આરોપી ઝડપાઈ ગયો હતો, જ્યારે બાકીના ભાગી છૂટેલા બે આરોપીઓને ગણતરીના કલાકોમાં જ પોલીસે સુરતથી ઝડપી પાડ્યા હતા. ત્યારબાદ ત્રણેય આરોપીઓ યુવરાજ સુખદેવ સિંહ, લવપ્રીત નિર્મલ સિંહ તથા અનમોલ બાલવીરસિંહને કોર્ટમાં રજૂ કરી ૮ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. ગત રવિવારે ત્રણેયના મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યા હતા જેમાં જુગરાજ ઉર્ફે યુવરાજને મેડિકલ ચેકઅપ કરાવી પરત ફરતીવેળા તેણે ડ્રાઈવર કમ એ એસઆઈ સુનિલ મિશ્રા અને એસઓજી પીઆઈ પરમાર ઉપર હુમલો કર્યો હતો. આ દરમિયાન પીએસઆઈએ સ્વબચાવમાં આરોપી જુગરાજને પગમાં ગોળી મારી હતી. ઘાયલ થયેલા આરોપીને પહેલા વાપી સિવિલ અને બાદમાં વલસાડ સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સાજો થયા બાદ આજે રિમાન્ડ પૂરા થતાં ત્રણેય આરોપીઓને વાપી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે ત્રણેયને જ્યુડિશિયલ કસ્ટડીમાં નવસારી સબ જેલમાં મોકલવાનો આદેશ કર્યો હતો.

બીજી તરફ આજે આરોપીને કોર્ટમાં રજૂ કર્યા ત્યારે કોર્ટ પરિસર બહાર એકત્ર થયેલા વાપીના જ્વેલર્સ ઓ એ જ્વેલર્સ એસોસિએશન પ્રમુખ અમૃતભાઈ સોનીની આગેવાનીમાં વલસાડ જિલ્લા પોલીસની આ કેસમાં હુમલાખરોને ત્રણ જ કલાકમાં ઝડપી પાડવાની કામગીરીને બિરદાવી વલસાડ પોલીસ જિંદાબાદના સૂત્રો પોકાર્યા હતાં.



લવાછાના રામેશ્વર મહાદેવ મંદિર પરિસરમાં ૧,૪૧,૧૪૧ દીવાઓ પ્રગટાવવામાં આવતા સમગ્ર વાતાવરણ દિવ્ય અને અલૌકિક બની ગયું હતું. હજારો ભક્તો દીપ પ્રગટાવવા અને મહાદેવના દર્શન કરવા ઉમટી પડ્યા હતા. દીવાઓના ઝગમગાટ વચ્ચે મંદિરની શોભા અદભૂત લાગી રહી હતી. ભક્તોએ હર હર મહાદેવના નાદ સાથે દેવદિવાળીની ઉજવણી કરી હતી.

## વલસાડ પાલિકાના 'ઓપરેશન પૂતળા' થી વેપારીઓમાં ફફડાટ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૫ :** વલસાડ શહેરના રસ્તા પર વારંવાર ટ્રાફિક સમસ્યા માથાનો દુઃખાવો બનતા વલસાડના જિલ્લા કલેકટરની કડક સુચનાથી વલસાડ નગરપાલિકાની ટીમ દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર મૂકવામાં આવતી ખાણીપીણીની લારી-દુકાન બહાર મૂકવામાં આવેલ પૂતળા સહિત નીચે પથારો નાખી ચીજ વસ્તુઓ વેચનારા ઉપર નગરપાલિકાના ટ્રાફિક વિભાગ દ્વારા ચીજ-વસ્તુઓ ઉચકતા નાના-મોટા વેપારીઓમાં દોડધામ મચી ગઈ હતી. વલસાડ શહેરના, સ્ટેડિયમ રોડ, બેચર રોડ, એમ. જી. રોડ, ભીડભંજન મહાદેવ મંદિર રોડ, નાના ખત્રીવાડ આઝાદ ચોક, હાલર ચાર રસ્તા, તિથલ રોડ સહિતના વિસ્તારમાં વધતી જતી ટ્રાફિકની સમસ્યાને પગલે વલસાડ નગરપાલિકા દ્વારા આજે આક્રમક રીતે 'દબાણ હટાવો ઝુંબેશ' હાથ ધરવામાં આવી હતી. ટ્રાફિક સમસ્યાને હલ કરવા માટે વલસાડ જિલ્લા કલેકટરની કડક સુચનાથી વલસાડ નગરપાલિકા ની ટીમ દ્વારા છેલ્લા બે દિવસથી વલસાડ શહેરના વિસ્તારોમાં જેમાં ખાસ કરીને શહેરના સ્ટેડિયમ રોડ અને એમ.જી. રોડ, આઝાદ ચોક વિસ્તાર માં ખરીદી માટેના મુખ્ય કેન્દ્રો છે. અહીં કાપડ અને તૈયાર કપડાના અનેક શો-રૂમ્સ આવેલા છે. ઘણા વેપારીઓ પોતાની દુકાનનું ડિસ્પ્લે વધારવા માટે રસ્તા સુધી પૂતળા ઉભા રાખતા હતા, જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને પસાર થવામાં ભારે મુશ્કેલી પડતી હતી. આ અંગેની ફરિયાદો ઉઠતા પાલિકા તંત્ર એક્શનમાં આવ્યું હતું.

આજે સવારથી જ નગરપાલિકાની દબાણ હટાવો શાખાની ટીમ પોલીસ બંદોબસ્ત સાથે બંને માર્ગો પર ત્રાટકી હતી. ટીમે રસ્તા પર અડચણરૂપ બનેલા પૂતળા અને અન્ય સામાનને સીધો ટ્રેક્ટરમાં ભરી જપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરી હતી. પાલિકાની આ આકસ્મિક કાર્યવાહીને પગલે અન્ય દુકાનદારોએ ફટાફટ પોતાના પૂતળા અને બોર્ડ દુકાનની અંદર ખેંચી લીધા હતા.

નગરપાલિકાની આ કડક કાર્યવાહીને કારણે સ્ટેડિયમ રોડ અને એમ.જી. રોડના વેપારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. અગાઉ અનેકવાર મૌખિક સૂચનાઓ આપવા છતાં દબાણ ન હટતા છેવટે પાલિકાએ આ કડક વલણ અપનાવતા વેપારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી.

## વાપીમાં બે દિવસીય વિશેષ પોલીયો રસીકરણ કરાશે

**વાપી મનપા વિસ્તારમાં કુલ ૪૪,૪૦૬ બાળકો પૈકી ૩૬,૯૬૪ બાળકોને પોલિયોના બે ટીપા પીવડાવાયા અને વંચિત રહી ગયેલા ૭,૪૪૨ બાળકો માટે તા. ૨૬ અને ૨૭ નવેમ્બરના રોજ વિશેષ ઝુંબેશ ચલાવાશે**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** વાપી મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા પોલિયો નાબૂદી અભિયાન અંતર્ગત આવતીકાલથી બે દિવસ સુધી વિશેષ કામગીરી હાથ ધરવામાં આવશે. જેમાં આરોગ્ય વિભાગની ૩૧૨ ટીમો ઘરે-ઘરે જઈ ઝીરો થી પાંચ વર્ષ સુધીની વયના બાકી રહી ગયેલા ૭૪૪૨ બાળકોને પોલિયોના બે ટીપા પીવાથી વંચિત રહી ગયેલા બાળકોને પોલિયાની રસી પીવડાવશે. સમગ્ર વિશ્વ અને ભારતમાંથી પોલિયો રોગને નાબૂદ કરવાના હેતુથી વર્ષોથી આ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત ગત રવિવારે દેશભરમાં તેમજ ગુજરાતના તમામ જિલ્લાઓ, તાલુકાઓ અને શહેરી વિસ્તારોમાં ઝીરો થી પાંચ વર્ષનાં બાળકોને પોલિયાના બે ટીપા પીવડાવવામાં આવ્યા હતા. જોકે, વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં કુલ ૪૪૪૦૬ બાળકો પૈકી ના ૩૬,૯૬૪ બાળકો ને પોલિયોના બે ટીપા પીવડાયા હતા અને વંચિત રહી ગયેલા ૭૪૪૨ બાળકોને હવે વાપી મહાનગરપાલિકા દ્વારા તારીખ ૨૬ અને ૨૭ નવેમ્બરના રોજ વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવશે. આ કામગીરીમાં વાપી અર્બન હેલ્થ વિભાગના અંડરમાં આવતા વટાર છીરી કરવડ ડુંગરા વાપી ગીતા નગર અને વાલ્મિકી હેલ્થ વિભાગ ની કુલ સાત જેટલી યુપીએસસી વિભાગના આશાવર્કર, બાલવાડી અને આંગણવાડી વર્કરો તેમજ અન્ય તાલુકાઓમાંથી આરોગ્ય વિભાગના કર્મચારીઓને અહીં સેનાદ કરી તેઓ વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા દરેક વિસ્તારના ઘરે-ઘરે પહોંચીને બાકી રહી ગયેલા બાળકોને પોલિયાના બે ટીપા પીવડાવશે.આ સમગ્ર કામગીરી વાપી મહાનગરપાલિકાના હેલ્થ વિભાગના ઈન્ચાર્જ ડૉ. મોનિક પટેલના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગની ટીમ દ્વારા કરવામાં આવશે.

## દાનહની શાળાઓમાં ઇલેક્ટોરલ લિટરસી ક્લબનો શુભારંભ

**ભાવિ યુવા મતદારોને ચૂંટણી પ્રક્રિયા, મતદાર નોંધણી અને મતદાનના મહત્ત્વ અંગે માર્ગદર્શન અપાયું**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૫ :** યુવા પેઢીમાં લોકશાહી મૂલ્યોને મજબૂત બનાવવા તેમજ ચૂંટણી પ્રક્રિયા અંગે જાગૃતિ કેળવવાના ઉદ્દેશ્યથી દાદરા અને નગર હવેલી પ્રશાસનના ચૂંટણી વિભાગ દ્વારા બુધવારે પ્રદેશની શાળાઓમાં ઈલેક્ટોરલ લિટરસી ક્લબ (ઈએલસી)નો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ અંતર્ગત સેલવાસના ટોકરખાડા સ્થિત સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળામાં મતદાર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ડો. અનિતા રાનીએ ભાવિ યુવા મતદારોને ચૂંટણી પ્રક્રિયા, મતદાર યાદીમાં નામ નોંધાવવાની પ્રક્રિયા, મતદાનના મહત્ત્વ તેમજ લોકશાહીમાં નાગરિકોની જવાબદારી અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

વિદ્યાર્થીઓમાં જાગૃત અને જવાબદાર નાગરિક તરીકેની ભાવના વિકસાવવા તેમજ લોકશાહી પ્રક્રિયામાં તેમની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાનો આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય રહ્યો હતો.

આ પ્રસંગે શિક્ષણ વિભાગના અધિકારી પરિતોષ શુક્લા, શાળાના આચાર્ય જયેશ ભંડારી, શિક્ષકગણ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.મતદાર યાદીના ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ (એસએસઆર)-૨૦૨૭ અંતર્ગત તમામ પાત્ર નાગરિકો, ખાસ કરીને પ્રથમ વખત મતદાર બનનાર યુવાનોની નોંધણી પર વિશેષ ભાર મૂકવામાં આવી રહ્યો છે.

તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ અથવા તે પહેલાં ૧૮ વર્ષની વય પૂર્ણ કરનાર યુવાનો મતદાર યાદીમાં નામ નોંધાવવા માટે અરજી કરી શકશે. આ ઉપરાંત તા. ૧ એપ્રિલ, ૧ જુલાઈ અને ૧ ઓક્ટોબર, ૨૦૨૭ના રોજ ૧૮ વર્ષની વય પૂર્ણ કરનાર ભાવિ મતદારો પણ અગાઉથી અરજી કરી શકશે.

પાત્ર નાગરિકો ચૂંટણી પંચના મતદાર સેવા પોર્ટલ voters.eci.gov.in, ઈસીઆઈનેટ મોબાઈલ એપ અથવા સંબંધિત બૂથ લેવલ ઓફિસર (બીએલઓ) મારફતે અરજી કરી શકશે. ચૂંટણી સંબંધિત માહિતી અને માર્ગદર્શન માટે હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર પણ સંપર્ક કરી શકાશે.

શાળાઓમાં ઈલેક્ટોરલ લિટરસી ક્લબની સ્થાપના દ્વારા યુવા પેઢીમાં ચૂંટણી અંગે જાગૃતિ વધારવા અને લોકશાહીને વધુ મજબૂત બનાવવાની દિશામાં પ્રશાસન દ્વારા મહત્ત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે.

## ભાગડાવડા તળાવ પર અચાનક ખોદકામ કેમ ?



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૫ :** વલસાડ નજીક આવેલી ભાગડાવડા ગ્રામ પંચાયત વિસ્તારના મોરાભાગડાગામ તળાવની જમીનમાંથી માટી ખોદકામ કરવામાં આવી રહ્યું હોવાનો મામલો સામે આવતા સ્થાનિક રાજકારણ અને ગ્રામજનોમાં ભારે ચર્ચા જાગી છે. તળાવ પાસે ચાલી રહેલી આ ખોદકામની કામગીરીને લઈને સ્થાનિક રહેવાસીઓમાં અનેક શંકા-કુશંકાઓ સાથે સવાલો ઊભા થયા છે.સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા અનુસાર, ગામ તળાવ નજીક ચાલી રહેલા આ માટી ખોદકામ અંગે ગ્રામજનોને અગાઉથી કોઈ પણ પ્રકારની જાણ કે માહિતી આપવામાં આવી નથી. અચાનક શરૂ થયેલી આ કામગીરીને પગલે સ્થાનિકોએ ગ્રામ પંચાયતની ભૂમિકા સામે સીધા સવાલો ઉઠાવ્યા છે.

### વિદેશમાં રોજગારીના સપના બતાવી

## વઘઈના નિવૃત્ત જવાન સાથે છેતરપિંડી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૨૫ :** ડાંગના વઘઈ તાલુકાના માછળીગામમાં રહેતા અને એસઆરપીમાંથી નિવૃત્ત થયેલા જયરામભાઈ કાળુભાઈ બાગુલ સાથે ઓસ્ટ્રેલિયાના વર્ક વિઝા અપાવવાના બહાને ૧૦.૩૮ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.અમદાવાદના ઈમિગ્રેશન એજન્ટ હિતેશભાઈ નગીનભાઈ પટેલે વિદેશમાં નોકરીની તક ઊભી કરવાની ખાતરી આપી વિશ્વાસ કેળવ્યો હતો. અગાઉ દીકરાને આયર્લેન્ડ મોકલવા માટે બેંક બેલેન્સની વ્યવસ્થા કરી આપનાર એજન્ટ સાથેના વિશ્વાસનો લાભ લઈને ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ઓસ્ટ્રેલિયાના વર્ક વિઝા માટે પરિવારના બે સભ્યો અને જમાઈ સહિત કુલ ત્રણ લોકોને વિદેશ મોકલવાની વાત કરવામાં આવી હતી. એજન્ટે દરેક વ્યક્તિ દીઠ ૨ લાખ રૂપિયા ખર્ચ થશે તેમ જણાવી જુદા-જુદા બેંક ખાતાઓમાં UPI મારફતે રકમ જમા કરાવવા જણાવ્યું હતું. ફરિયાદીએ પોતાના GPF ફંડમાંથી નાણાં ઉપાડીને શરૂઆતમાં ૩ લાખ રૂપિયા બેંક ઓફ બરોડાના ખાતામાં અને ત્યારબાદ બીજા ૩ લાખ રૂપિયા અન્ય ખાતામાં UPI દ્વારા ટ્રાન્સફર કર્યા હતા. આ ઉપરાંત મેડિકલ, ફાઈલ ચાર્જ તથા અન્ય ખર્ચના નામે વધુ રકમ પડાવવામાં આવી હોવાનો આક્ષેપ છે, જેના કારણે કુલ ૧૦.૩૮ લાખ રૂપિયા ચૂકવવા પડ્યા હતા.ફરિયાદમાં જણાવ્યા મુજબ, આ રકમ એજન્ટ હિતેશભાઈ નગીનભાઈ પટેલ, તેમના પત્ની શિવાંગીબેન (મૂળ ગામ બરેજા, તા. લેકોઈ, જી. અમદાવાદ ગ્રામ્ય; હાલ મણિનગર, અમદાવાદ) તેમજ ઓફિસના કર્મચારીઓના ગૂગલ પે અને ફોન પે મારફતે મોકલવામાં આવી હતી. પરિવારના સારા ભવિષ્યની આશાએ નિવૃત્તિની મૂડી અને મહેનતની કમાણી ગુમાવનાર નિવૃત્ત જવાને આ મામલે ૧૭ નવેમ્બર ૨૦૨૬ના રોજ વઘઈ પોલીસ સ્ટેશનમાં બે આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે, જેની આગળની તપાસ PSI એસ.સી. ગામિત ચલાવી રહ્યા છે.

ભરતી કરવાની છે
૧) પીયુન(પટ્ટાવાળા) લેડીઝ/જેન્ટસ
૨) લેડીઝ ક્લાર્ક
૩) મેઈનટેન્સ સુપરવાઈઝર
૪) લાઈઝનીંગ કામ કરી શકે એવા સુપર વાઈઝર
રાજ-રાજેશ્વર વિદ્યા મંદિર, છરવાડા
Mo. 9879463248/8140977999

નેમિનાથ ટ્રેડર્સ

ખીલા વાયર વેલ્ડમેસ
ખીલી હુક જાળી નટબોલ્ટ
ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
CBSE AFFILIATED - 430373
unleash your true potential · VIDYA DHAM INTERNATIONAL SCHOOL · VAPI · LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session 2027-2028
Nursery to Std. 10
13th Year Anniversary
SPECIAL OFFERS
FREE Textbooks From Nursery to Std 10

Sports – Table Tennis
Library & Reading Room
Creative Learning & Activity
Fun with Numbers
Science Lab
LCD Class Rooms
Additional Curriculum features
1 English Conversation & Phonics for Fluency
2 Personality development & Memory Boosting techniques.
3 innovative clubs for Std 6 to 10
4 Indoor Sports Activities for std Nursury to std 10
5 Mental and Vedic Maths for Std 1 to 5
6 AI and Coding for Jr KG to Std 10
Admission forms available
All working days
At school's office
vidyadham4@gmail.com
www.vidyadhamschoolvapi.in
9725295578/ 9081807258/ 9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191
Learn · Grow · Achieve Together

## વાંસદા તાલુકા સ્વાગત કાર્યક્રમ યોજાયો

**નાગરિકો દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નોના સમયમર્યાદામાં નિરાકરણ માટે કલેક્ટરએ સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચના આપી**




(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૨૫ :** જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને તાલુકા સેવા સદન, વાંસદા ખાતે તાલુકા કક્ષાના સ્વાગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન નાગરિકો દ્વારા રજૂ કરવામાં આવેલા વિવિધ પ્રશ્નો અને રજૂઆતો અંગે સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી, તેમના યોગ્ય અને સમયસર નિરાકરણ માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવા જિલ્લા કલેક્ટરશ્રીએ સૂચનાઓ આપી હતી.

તાલુકા સ્વાગત કાર્યક્રમ દરમિયાન પંચાયત વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ તેમજ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ સહિતના વિવિધ વિભાગોને લગતા કુલ ૧૦ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. કલેક્ટરએ રજૂ થયેલા પ્રશ્નોની સમીક્ષા કરી સંબંધિત અધિકારીઓ પાસેથી જરૂરી વિગતો મેળવી હતી. તેમજ દરેક પ્રશ્નનું નિયમોનુસાર યોગ્ય નિરાકરણ આવે અને તેનો સમયમર્યાદામાં નિકાલ થાય તે માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. આ પ્રસંગે કલેક્ટર મનીષ ગુરવાનીએ જણાવ્યું હતું કે, નાગરિકોના પ્રશ્નોનું અસરકારક અને સમયસર નિરાકરણ લાવવા માટે જિલ્લા સ્વાગત અને તાલુકા સ્વાગત કાર્યક્રમોનું વિશેષ મહત્ત્વ છે. આ સ્વાગત કાર્યક્રમમાં મામલતદાર મીત મોદી, તાલુકા વિકાસ અધિકારી વનરાજસિંહ ચૌહાણ સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

## દેવસરમાં શીખ સમુદાય દ્વારા નગર કીર્તન નીકળ્યું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૨૫ :** બીલીમોરાના દેવસર સ્થિત ગુરુનાનક નગર શીખ કેમ્પ ગુરુદ્વારા ખાતે શીખ સમુદાય દ્વારા ગુરુનાનક જયંતિની અત્યંત ભક્તિભાવ અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન અવસરે ગુરુદ્વારાના નવજવાનો અને સાધસંગત દ્વારા વહેલી સવારે ૫:૦૦ વાગ્યે ભવ્ય પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું.

બેન્ડવાજાની સુરાવલી અને વાહેગુરુ... વાહેગુરુ...ના પવિત્ર જાપ તથા કીર્તન સાથે નીકળેલી પ્રભાતફેરીએ સમગ્ર વિસ્તારમાં ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતું. ગુરુદ્વારા ખાતેથી પ્રસ્થાન થયેલું આ નગર કીર્તન સરદાર માર્કેટ રોડ, રાજભોગ સર્કલ અને સ્ટેશન વિસ્તારમાંથી પસાર થઈ, ઓવરબ્રિજ ઓળંગીને પરત દેવસર ગુરુદ્વારા ખાતે સંપન્ન થયું હતું.

સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે ગુરુદ્વારાના સેવાદારોએ તન, મન અને ધનથી સેવા આપી ગુરુનાનક જયંતિની ઉજવણીને યાદગાર બનાવી હતી.

## ભીનારમાં મહાકાળી માતા મંદિરે હવન યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૨૫ :** વાંસદા તાલુકાના ભીનાર ગામે પાટી ફળિયામાં મહાકાળી માતાજી મંદિરે દેવા દિવાળી અને પૂનમ નિમિત્તે હોમ - હવન સાથે ઉજવાયો હતો, મંદિર ના પુજારી સુખાભાઈ ભગત દ્વારા મંદિર ના પટાંગણ હોમ - હવન અને પૂજાનું આયોજન થયું ગામ લોકો એ મોટી સંખ્યામાં હાજરી આપી હવન પુજામાં ભાગ લીધો તથા ગરબા રમી હર્ષોલ્લાસ વ્યક્ત કર્યો અંતે મહા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિરના પુજારી સુખાભાઈ પટેલ (ભગત)એ જણાવ્યું કે અમારા મંદિર દુ:ખી લોકો માટે આશ્રયસ્થાન છે. અહીં આવતા દરેક ભક્તને મદદરૂપ થવાનો પ્રયત કરવામાં આવે છે. મંદિરના વિકાસ માટે આર્થિક સહયોગની ધણી જરૂર છે. તેથી કોઈ પણ ભક્ત સહ ભાગી થવા ઈચ્છે તો જરૂર સહયોગ આપે તેવી ભાવના વ્યક્ત કર્યો હતો.



## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૨૬-૧૧-૨૦૨૬, **વાર :** ગુરૂવાર **તિથિ :** કારતક વદ ૨, **સૂર્યોદય :** ૦૭ : ૦૪ **સૂર્યાસ્ત** ૦૫ : ૪૯, **ચંદ્રોદય** - ૦૭:૩૬ **ચંદ્રાસ્ત** - ૦૯:૫૨ **ચંદ્ર રાશિ :** મિથુન, **નક્ષત્ર** - મૃગશીર્ષ

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** માનસિક શાંતિ રહેશે. કાર્યસ્થળ પર -શંસા મળશે. આર્થિક લાભના સારા યોગ છે.

**વૃષભ(બ.વ.ઉ) :** નવા કાર્યની શરૂઆત માટે શુભ દિવસ. પરિવાર તરફથી પૂરો સહયોગ મળશે.

**મિથુન(ક.છ.ઘ) :** વાણીમાં સંયમ રાખવો જરૂરી. અટકેલા કામ પૂરા થશે. સ્વાસ્થ્ય સારું રહેશે. કામમાં પ્રગતિ જોવા મળશે.સામાજિક જીવન સક્રિય રહેશે.

**કર્ક(ડ.હ) :** દિવસ દરમિયાન ભાગદોડ રહેશે, પરંતુ અંતે સફળતા મળશે. ખર્ચ ઉપર નિયંત્રણ રાખવું. આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં રસ વધશે, જે તમને આંતરિક શાંતિ આપશે.

**સિંહ(મ.ટ.) :** નોકરીમાં પ્રમોશન અથવા નવા અવસર મળી શકે. ગુસ્સા પર નિયંત્રણ રાખવું જરૂરી. સર્જનાત્મક કાર્યમાં સફળતા મળશે.

**કન્યા(પ.ઠ.ણ.) :** ધનલાભના યોગ છે. ભાગ્ય સાથ આપશે. લાંબા ગાળાના રોકાણ માટે સારો દિવસ.ખર્ચા પર નિયંત્રણ રાખશો તો દિવસ સરળ રહેશે.

**તુલા (ર.ત.) :** સ્વાસ્થ્ય પ્રત્યે સાવધાન રહેવું. નજીકના વ્યક્તિ સાથે વિવાદ ટાળવો. ટૂંકી મુસાફરીનો યોગ બની શકે છે. કામમાં ઉત્સાહ રહેશે.

**વૃશ્ચિક(ન.ય.) :** દાંપત્ય જીવનમાં મધુરતા રહેશે. વ્યવસાયમાં ભાગીદારીથી લાભ થશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળી શકે. શત્રુઓ પર વિજય મળશે.

**મકર(જ.ખ) :** રચનાત્મક કાર્યોમાં રસ વધશે. સંતાન તરફથી ખુશખબર મળી શકે. પરિવાર સાથે આનંદભર્યો સમય પસાર થશે.

**કુંભ(ગ.શ.સ.) :** ભૌતિક સુખ-સુવિધાઓમાં વધારો થશે. માતા તરફથી લાભ શક્ય છે. વાહન ચલાવતી વખતે ખાસ સાવચેતી રાખવી.

**મીન(દ.ચ.ઝ.થ.) :** સાહસ અને પરાક્રમમાં વધારો થશે. ટૂંકી મુસાફરીના યોગ છે. ભાઈ-બહેનોનો સંપૂર્ણ સહયોગ મળશે.

**નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રી કનુભાઈ દેસાઈ**

## તા.૨૭થી ૨૯ નવેમ્બર દરમિયાન ડાંગ જિલ્લાની મુલાકાતે

(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા.૨૪ :** ગુજરાત રાજ્યના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈ આગામી તા.૨૭, ૨૮ અને ૨૯ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન ડાંગ જિલ્લાની સંભવિત ૭૨ કલાકની મુલાકાતે પધારનાર છે.

મંત્રીની આ મુલાકાત અંતર્ગત આગામી તા. ૨૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૧૪:૦૦ કલાકથી જિલ્લા સેવા સદન (કલેક્ટર કચેરી), આહવાના સભાખંડ ખાતે જિલ્લાના નાગરિકોના વિવિધ પ્રશ્નોની ચર્ચા અને તેના ત્વરિત નિરાકરણ માટે જન સુનાવણી જાહેર ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ દરમિયાન મંત્રી સ્થાનિક નાગરિકો સાથે સીધો સંવાદ સાધી તેમના પ્રશ્નો અને રજૂઆતો સાંભળશે.

આથી, ડાંગ જિલ્લાના તમામ પ્રજાજનોને જણાવવામાં આવે છે કે, તેઓ પોતાના વ્યક્તિગત કે જાહેર હિતના પ્રશ્નો/રજૂઆતો આગામી તા. ૨૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૧૧ કલાક સુધીમાં જિલ્લા કલેક્ટર કચેરી, આહવાના જનસંપર્ક વિભાગ ખાતે લેખિતમાં રજૂ કરવાના રહેશે તથા અરજદારએ પોતાના પ્રશ્ન તથા તેના આધાર પુરાવા સાથે રૂબરૂ તારીખ ૨૮ નવેમ્બર, ૨૦૨૬ના રોજ બપોરે ૧૩કલાકે કલેક્ટર કચેરી,આહવાના સભાખંડ ખાતે ઉપસ્થિત રહેવાનું રહેશે.

**નવસારી જિલ્લા પોલીસ સલાહકાર સમિતિની બેઠક યોજાઈ**

## નવસારીમાં જાહેરાતના હોર્ડિંગ્સ અંગે પોલીસીની તજવીજ



(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા.૨૪ :** નવસારી જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ વધુ સુદૃઢ બને, ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ આવે અને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત થાય તે હેતુથી આજરોજ જિલ્લા સેવા સદનના સભાખંડ ખાતે જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના અધ્યક્ષસ્થાને 'જિલ્લા પોલીસ સલાહકાર સમિતિ'ની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકમાં નાયબ પોલીસ અધિક્ષક એસ. કે. રાય દ્વારા નવસારી જિલ્લા પોલીસ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી વિવિધ કામગીરીની વિગતો રજૂ કરવામાં આવી હતી. જેમાં સમિતિના સભ્યોની રજૂઆતો અન્વયે નવસારી ટાઉન વિસ્તારમાં ખાસ કરીને કોન્વેન્ટ સ્કૂલ અને પારસી હોસ્પિટલ સામે નિયમિત પેટ્રોલિંગ કરી અડચણરૂપ પાર્કિંગ બદલ ૫૩ વાહનચાલકોને મેમો આપી ૨૬,૫૦૦/-નો સ્થળદંડ વસૂલવામાં આવ્યો છે. આ ઉપરાંત શાળાઓની આસપાસ તમાકુનું વેચાણ અને જાહેર સ્થળોએ ધૂમ્રપાન બદલ ૪૨ વ્યક્તિઓ સામે દંડકીય કાર્યવાહી કરી ૮,૪૦૦/-નો દંડ કરાયો છે. જ્યારે ખેરગામ બજાર વિસ્તારમાં સાંકડા રસ્તાઓને કારણે થતી ટ્રાફિક સમસ્યાના નિરાકરણ માટે ચાર રસ્તા, શ્રીજી હોટલ, પોસ્ટ ઓફિસ અને દશેરા ટેકરી ખાતે ટ્રાફિક બ્રિગેડ તથા જી.આર.ડી. જવાનોને શિફ્ટ વાઈઝ તૈનાત કરી તેમજ બેરીકેટ મૂકી ભારે વાહનોને બહારના રસ્તે ડાયવર્ટ કરી ટ્રાફિક નિયંત્રણની કામગીરી કરવામાં આવી રહી છે.

બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ શહેરના વિવિધ પ્રશ્નો અંગે મહત્વપૂર્ણ સૂચનો કર્યા હતાં. જેમાં શહેરના મુખ્ય માર્ગો પર અનધિકૃત રીતે લાગતા એડવર્ટાઈઝમેન્ટ હોર્ડિંગ્સની સમસ્યાના કાયમી ઉકેલ માટે નવસારી મહાનગરપાલિકાને કઈ જગ્યાએ અને કઈ સાઈઝમાં હોર્ડિંગ્સ મૂકી શકાય તે અંગે ચોક્કસ 'એડવર્ટાઈઝમેન્ટ પોલિસી' માટે વિચારણા કરવા સૂચના આપી હતી.

## નવસારી આઈટીઆઈમાં પમો દીક્ષાંત સમારોહ સંપન્ન



(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા.૨૫ :** યુવા કૌશલ્યને નવી દિશા અને ઉજ્જવળ કારકિર્દીના દ્વાર ખોલવાના ઉમદા હેતુ સાથે સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI), નવસારી ખાતે તારીખ ૨૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ પમો દીક્ષાંત સમારોહ (Convocation Programme) અત્યંત ઉત્સાહ અને ગરિમાપૂર્ણ માહોલમાં યોજાયો હતો. સંસ્થાના આચાર્ય જી. એન. લાડના કુશળ નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ આયોજિત આ ભવ્ય સમારોહમાં તાલીમ પૂર્ણ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા, જેની સાથે જ તેમના વ્યાવસાયિક જીવનની નવી સફરનો મંગલ પ્રારંભ થયો હતો.

આ પ્રસંગે દક્ષિણ ગુજરાતના પ્રતિષ્ઠિત ઉદ્યોગ જગતના પ્રતિનિધિઓએ ઉપસ્થિત રહી તાલીમાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ગોલ્ડી સોલાર પ્રા. લિ. (Goldi Solar Pvt. Ltd.)ના મેહુલ દોશી અને દેવેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતાં, જેમણે વર્તમાન ઔદ્યોગિક માંગ અને કૌશલ્ય વિકાસના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. આ ઉપરાંત એલ એન્ડ ટી (L&T, સુરત)ના કલ્પેશ ગજ્જર અને નિલેશ પટેલ, કાયરા મશીન ટૂલ્સના હર્ષ વઘાસિયા, એસ્ટેક ઈલેક્ટ્રિકલ્સ ઈન્ડિયા પ્રા. લિ.ના રુચિર કંસારા, ગિન્ઝા (સચિન)ના મોહમ્મદ યુસુફ અંસારી તેમજ કાલિયાવાડીના માજી સરપંચ શ્રી પરેશ પટેલે ખાસ હાજરી આપી વિદ્યાર્થીઓને ઉદ્યોગજગતની જરૂરિયાતો અને રોજગારીની વિપુલ તકો અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

કાર્યક્રમના અંતે સંસ્થાના આચાર્ય જી. એન. લાડે ઉપસ્થિત તમામ ઉદ્યોગપતિઓ, મહેમાનો, વાલીઓ અને વિદ્યાર્થીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આઈ.ટી.આઈ. અને ઉદ્યોગજગત વચ્ચેનો સેતુ વધુ મજબૂત બને તે માટે સંસ્થા સતત પ્રયત્નશીલ છે. સમગ્ર દીક્ષાંત સમારોહને યાદગાર અને સફળ બનાવવા માટે સંસ્થાના સમગ્ર સ્ટાફગણે ભારે જહેમત ઉઠાવી હતી.

## આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટે ડાંગમાં ૩ વર્ષમાં ગ્રામ વિકાસના કાર્યો કર્યા

**ડાંગના ૩૧૧ પૈકી ૨૧૦ ગામોમાં ગ્રામવિકાસ સાથે આદિવાસી સંસ્કૃતિ, દેશી બિયારણ અને પરંપરાગત જ્ઞાનના સંરક્ષણની અનોખી પહેલ**



(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૨૫ :** આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ (સેવાધામ) દ્વારા ડાંગ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષથી 'ડાંગ પ્રેરણાવૃત્તિ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ડાંગ જિલ્લાના કુલ ૩૧૧ ગામોમાંથી ૨૧૦ ગામોમાં ૧૧ મંગલવૃત્તિઓના માધ્યમથી અત્યાર સુધીમાં કુલ ૫૦ બોરીબંધ અને પથ્થરપાળા તૈયાર કરવામાં આવેલ છે. સાથે જ ગ્રામવિકાસ, આદિવાસી સંસ્કૃતિ, પરંપરા, દેશી બિયારણ અને પ્રાકૃતિક વારસાના જતન માટે વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે.

આ કાર્યક્રમ અંતર્ગત ગામોમાં પરંપરાગત જળસંચય પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા બોરીબંધ અને પથ્થરપાડા જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. આવી કામગીરી દ્વારા વરસાદી પાણીનો સંગ્રહ, ભૂગર્ભ જળસ્તરમાં વધારો તથા કુદરતી જળસ્રોતોના સંરક્ષણ અંગે લોકજાગૃતિ કેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

આ કામગીરીમાં સ્થાનિક લોકોની ભાગીદારી અને શ્રમદાનથી આ પ્રવૃતિ કરવામાં આવી રહી છે. જેમાં ગ્રામજનોને સાથે રાખીને ગામના કુદરતી સંસાધનોનું સંરક્ષણ થાય અને આવનારી પેઢી માટે પ્રાકૃતિક વારસો જળવાઈ રહે તે દિશામાં પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

'ડાંગ પ્રેરણાવૃત્તિ' માત્ર ગ્રામવિકાસનો કાર્યક્રમ ન બની રહેતા ડાંગની આદિવાસી સંસ્કૃતિ, પરંપરા, પ્રકૃતિ અને સામૂહિક સહભાગિતાને મજબૂત બનાવવાનું એક પ્રેરણાદાયી અભિયાન બની રહ્યું છે.

## માહલા કોલેજમાં 'નશામુક્ત યુવા ફોર વિકસિત ભારત' યુવા સંસદ યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૨૫ :** ભારત સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય અંતર્ગત માય ભારત કચેરી, ડાંગ દ્વારા એસ.એસ. મહાલા કોલેજ ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને 'વિકસિત ભારત યુવા સંસદ' અંતર્ગત 'નશામુક્ત યુવા ફોર વિકસિત ભારત' વિષય પર ભાષણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમનો પ્રારંભ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય વિજયભાઈ પટેલના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં ડાંગ જિલ્લાના વિવિધ કોલેજો તથા યુવા મંડળોના આશરે નવ જેટલા યુવા ભાઈ-બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ પ્રસંગે યુવાનોને સંબોધન કરતાં વિજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાનું જે સ્વપ્ન જોયું છે, તેને સાકાર કરવાની મહત્વપૂર્ણ જવાબદારી દેશના યુવાનોના ખભા પર છે. વિકસિત ભારતના નિર્માણ માટે યુવાનોનું તન અને મનથી સ્વસ્થ, સક્ષમ અને મજબૂત હોવું જરૂરી છે. નશો થોડા સમય માટે ક્ષણિક આનંદ આપી શકે છે, પરંતુ તે વ્યક્તિના સ્વાસ્થ્ય, કાર્યક્ષમતા અને સમગ્ર પરિવારને બરબાદ કરી નાખે છે. તેથી યુવાનોએ નશાની જાળમાં ફસાયા વગર નશામુક્ત જીવન અપનાવવું જોઈએ.

આ પ્રસંગે માય ભારત કચેરી, ડાંગ દ્વારા નાયબ મુખ્ય દંડકશ્રીના હસ્તે યુવાનોને રમતગમતની કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ યુવાનોમાં નશામુક્તિ અંગે જાગૃતિ ફેલાવવી, લોકશાહી મૂલ્યો અને સંસદીય પરંપરાઓની સમજ વિકસાવવી તથા વર્ષ ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણમાં યુવાનોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાનો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન હિસાબી અધિકારી ચંદ્રકાંત બક્ષી દ્વારા કરવામાં આવ્યું હતું.

### દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

ગુરૂવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

### સુડોકુ નં.૩૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | 1 | | | | 9 | 8 | |
| | 3 | | 5 | | 1 | | 7 | |
| | | 9 | | 3 | | 6 | | |
| | | 2 | 3 | 7 | 8 | 1 | | |
| | | | | | | | | |
| | | 4 | 6 | 1 | 5 | 3 | | |
| | | 7 | | 6 | | 5 | | |
| | 1 | | 4 | | 7 | | 9 | |
| | 2 | 8 | | | | 7 | 1 | |

**અહીં એક ચોકઠું આપ્યું છે**

**જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**સુડોકુ નં.૩૮નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 5 | 3 | 4 | 2 | 9 | 7 | 1 | 6 |
| 1 | 4 | 6 | 3 | 7 | 5 | 2 | 8 | 9 |
| 2 | 9 | 7 | 8 | 1 | 6 | 5 | 4 | 3 |
| 3 | 6 | 5 | 2 | 8 | 4 | 1 | 9 | 7 |
| 4 | 8 | 2 | 1 | 9 | 7 | 3 | 6 | 5 |
| 9 | 7 | 1 | 6 | 5 | 3 | 8 | 2 | 4 |
| 7 | 3 | 8 | 9 | 4 | 1 | 6 | 5 | 2 |
| 5 | 2 | 4 | 7 | 6 | 8 | 9 | 3 | 1 |
| 6 | 1 | 9 | 5 | 3 | 2 | 4 | 7 | 8 |

## ધરમપુરમાં આપ દ્વારા મોંઘવારી અને ભેળસેળ સામે કાર્યવાહીની માંગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૨૫ :** આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી કમલેશ પટેલની આગેવાની હેઠળ પાર્ટીના કાર્યકરોએ ધરમપુર મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર રજૂ કરી વધતી મોંઘવારી અને બજારમાં નકલી તથા ભેળસેળયુક્ત વસ્તુઓના વેચાણ સામે તંત્રનું ધ્યાન દોર્યું હતું.

આવેદનપત્રમાં ગેસ સિલિન્ડર, પેટ્રોલ - ડીઝલ, ખાદ્યતેલ, શાકભાજી સહિત જીવનજરૂરી ચીજવસ્તુઓના સતત વધતા ભાવને કારણે સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવારો પર વધી રહેલા આર્થિક બોજ અંગે રજૂઆત કરવામાં આવી હતી. સાથે જ બજારમાં નકલી અને ભેળસેળયુક્ત વસ્તુઓના વેચાણ સામે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી.

પાર્ટી દ્વારા જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ પર નિયંત્રણ લાવવા, ભેળસેળયુક્ત વસ્તુઓના વેચાણ સામે કડક કાર્યવાહી કરવા તેમજ દુકાનો, બજારો અને ગોડાઉનોમાં નિયમિત તપાસ હાથ ધરવાની માંગ કરવામાં આવી હતી. મોંઘવારીથી સામાન્ય જનતાને રાહત મળે તે માટે તંત્ર દ્વારા તાત્કાલિક પગલાં ભરવાની પણ અપીલ કરવામાં આવી હતી.

## પારડીમાં બાળકોને પોલિયોના ટીપાં પીવડાવાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૫ :** પારડી પંથકમાં રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા પોલિયોના ડોઝ નાના બાળકોને પીવડાવવામાં આવ્યા હતાં. જેમાં વિશાળ સંખ્યામાં બાળકો આવ્યા હતાં. પારડીના જુદા જુદા વિસ્તારોમાં અને ગામડાઓમાં તથા જાહેર સ્થળો પર રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા નાના બાળકોને પોલિયોના ડોઝ પીવડાવવામાં આવ્યા હતાં. દિવસ દરમિયાન પારડી પંથકમાં વિશાળ સંખ્યામાં વાલીઓ પોતાના બાળકોને લઈને પોલિયોના બુથ પર ગયા હતાં. તાલુકાના ગામડાઓમાં પણ જાહેર સ્થળો પર તથા દરેક ગામડાઓની આંગણવાડીઓમાં પ્રાથમિક શાળાઓમાં બાળકોને પોલિયોના ડોઝ પીવડાવવામાં આવ્યા હતાં. બાળકો લખવા મુક્ત રહે અને એમનું જીવન સ્વસ્થ બની રહે એવા શુભ હેતુથી રાજ્ય સરકાર દ્વારા ચોક્કસ કામગીરી કરવામાં આવી રહી છે. કારણ કે બાળકો જ દેશનું ભવિષ્ય છે. એટલા માટે બાળકોનું ભવિષ્ય ઉજવડ થાય એવા હેતુથી પોલિયો મુક્ત અભિયાન પારડી પંથકમાં ચલાવવામાં આવ્યું હતું. જેમાં વિશાળ સંખ્યામાં બાળકોએ ભાગ લીધો હતો. પારડી નગરપાલિકાના વોર્ડ નંબર એકના સદસ્ય સિરીશભાઈ પટેલે પોલિયો બુથમાં સુંદર સેવા આપી હતી અને સંપૂર્ણ સહકાર આપી પોલિયો અભિયાનને સફળ બનાવવામાં સહાયતા કરી હતી. સ્ટાફે એમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## સેલવાસ ગાયત્રી મંદિરમાં તુલસી વિવાહ ઉત્સવ ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૨૫ :** મંગળવારે ધાર્મિક આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ગાયત્રી મંદિર ખાતે તુલસી વિવાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે હેમંત પટેલના નિવાસસ્થાનેથી ભગવાન શાલિગ્રામનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. જે ગાયત્રી મંદિર ખાતે પહોંચ્યો હતો. ગાયત્રી મંદિર ખાતે માતા તુલસી અને ભગવાન શાલિગ્રામના વિવાહ સંપન્ન થયા હતાં. આ ધાર્મિક પ્રસંગે સેંકડો શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી પુણ્યલાભ મેળવ્યો હતો.



શ્રદ્ધાળુઓની ઉત્સાહભેર ઉપસ્થિતિથી મંદિર પરિસરમાં ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું.

હિન્દુ ધર્મમાં તુલસી વિવાહનું વિશેષ ધાર્મિક અને આધ્યાત્મિક મહત્ત્વ રહેલું છે. આ આયોજન સનાતન સંસ્કૃતિ, ધાર્મિક આસ્થા, સામાજિક એકતા અને ભારતીય પરંપરાઓનું સુંદર ઉદાહરણ બન્યું હતું.

## વલસાડમાં મીરા રોડ માહ્યાવંશી મિત્ર મંડળનું દિવાળી સ્નેહમિલન યોજાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૫ :** મીરા રોડ માહ્યાવંશી મિત્ર મંડળ દ્વારા આયોજિત દિવાળી સ્નેહ મિલન કાર્યક્રમ અત્યંત ઉત્સાહ અને સફળતાપૂર્વક સંપન્ન થયો છે. મંડળની ટીમના સુચારુ આયોજન, દૂરંદેશી અને ઉત્કૃષ્ટ ટીમ વર્કના કારણે આ કાર્યક્રમ યાદગાર બની રહ્યો હતો.

આ પ્રસંગે સમાજના અગ્રણી છબીલદાસ રાઠોડ અને કમલાબેન છબીલદાસ રાઠોડને મુખ્ય અતિથિ તરીકે આમંત્રિત કરી તેમનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માન બદલ તેમના પુત્ર મેહુલ સી. રાઠોડ અને પુત્રવધૂ અંજુમારા મેહુલ રાઠોડે સમિતિના તમામ સભ્યોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે આ ક્ષણને સમગ્ર પરિવાર માટે ગૌરવપૂર્ણ ગણાવી હતી.

રાઠોડ પરિવારે મંડળની સમાજસેવાની પ્રવૃત્તિઓને બિરદાવતા જણાવ્યું હતું કે, મીરા રોડ માહ્યવંશી મિત્ર મંડળ સમાજ માટે આ જ રીતે ઉત્તમ કાર્યો કરતું રહે તેવી શુભેચ્છા છે અને મંડળના દરેક સામાજિક કાર્યમાં તેમના પરિવારનો હંમેશા સંપૂર્ણ સહયોગ રહેશે. અંતમાં, સૌના ઉત્તમ સ્વાસ્થ્ય, સુખ અને સમૃદ્ધિ માટે ઈશ્વરને પ્રાર્થના કરવામાં આવી હતી.

## વાપી મામલતદાર કચેરીની જિલ્લા કલેક્ટરે અચાનક મુલાકાત લીધી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** વલસાડ જિલ્લા કલેક્ટર નિતીન સાગવન અને પારડીના પ્રાંત અધિકારી નીરવભાઈ પટેલ દ્વારા આજે વાપી મામલતદાર કચેરીની અચાનક મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન બંને અધિકારીઓએ કચેરીની વિવિધ શાખાઓની મુલાકાત લઈ કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

જિલ્લા કલેકટર નિતીન સાગવાન દ્વારા નેશનલ હાઇવે નંબર ૪૮ ઉપર આવેલ વાપીના બલિઠા ખાતે ની મામલતદાર કચેરીમાં આવેલા તમામ વિવિધ વિભાગો માં પહોંચે ત્યાં ઉપસ્થિત જવાબદાર અધિકારીઓને કચેરીના તમામ સરકારી રેકોર્ડની યોગ્ય જાળવણી અને સાચવણી થાય તે માટે જરૂરી વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત કચેરીના તમામ



વિભાગોમા સ્વચ્છતા જળવાઇ રહે અન સાફ-સફાઈની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તે અંગે પણ ખાસ તાકીદ કરી હતી.

જિલ્લા કલેક્ટરની આ ઓચિંતી મુલાકાતને પગલે વાપી મામલતદાર કચેરીના કર્મચારીઓ અને અધિકારીઓમાં પણ સતર્કતા જોવા મળી હતી.

## કલગામના હનુમાનજી મંદિરે હવન-પૂજા અને મહાપ્રસાદનું આયોજન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** દેવ દિવાળી એટલે કે કારતક સુદ પૂનમના પાવન પર્વ નિમિત્તે ઉમરગામ તાલુકાના કલગામ ખાતે આવેલા હનુમાનજી મંદિરે હવન અને પૂજાનું ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં હનુમાનજી ભક્તો જોડાયા હતાં. વાપીના સામાજિક કાર્યકર્તા અને સેલ્યુટ તિરંગાના રાષ્ટ્રીય મહામંત્રી ઉત્તમભાઈ પટેલ તથા તેમના પરિવાર દ્વારા કલગામ ખાતે આવેલ જાણીતા એવા હનુમાનજી મંદિર પરિસરમાં હવન અને પૂજા-અર્ચના કરવામાં આવી હતી. ધાર્મિક વિધિ પૂર્ણ થયા બાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં



હજારોની સંખ્યામાં હનુમાનજી ભક્તોએ ઉપસ્થિત રહી મહાપ્રસાદનો લાભ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે ઉત્તમભાઈ પટેલ પરિવાર દ્વારા વાપી, પારડી અને આસપાસના વિસ્તારોમાં અવારનવાર સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આ ઉપરાંત જરૂરિયાતમંદ લોકોને પણ પરિવાર દ્વારા સતત મદદરૂપ થવાનો પ્રયાસ કરવામાં આવે છે. દેવ દિવાળીના પવિત્ર પર્વે યોજાયેલા આ ધાર્મિક આયોજનમાં મોટી સંખ્યામાં ભક્તોની ઉપસ્થિતિ જોવા મળી હતી.

## ડુંગરી બ્રહ્મદેવ બાપાના મંદિરે લોકમેળામાં ઘોડાપૂર ઉમટ્યું





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૫ :** વલસાડ તાલુકાના ડુંગરી ગામે ડુંગરની ટેકરી પર બિરાજમાન પૌરાણિક શ્રી ભ્રમદેવ બાપાના મંદિર પરિસરમાં વર્ષોની પરંપરા મુજબ ભવ્ય લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. દેવ દિવાળીના પાવન પર્વ નિમિત્તે ભરાતા આ મેળામાં દર્શન અને આસ્થાનું અનેરું મહાત્મ્ય રહેલું છે.

ભ્રમદેવ બાપા પ્રત્યે ભક્તોમાં અતૂટ શ્રદ્ધા હોવાથી માત્ર સ્થાનિક જ નહીં, પરંતુ સુરતથી લઈને મુંબઈ સુધીના શહેરોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી પડે છે.

આ ઉપરાંત ડુંગરી તેમજ આજુબાજુના વિસ્તારમાં આવેલા ૧૫થી ૨૦ ગામોના ગ્રામજનો પણ બહોળી સંખ્યામાં પરિવાર સાથે મેળાની મજા માણવા અને બાપાના આશીર્વાદ લેવા માટે પધારે છે.

દેવ દિવાળીના પર્વનું વિશેષ ધાર્મિક મહત્ત્વ હોવાથી મંદિર ખાતે વહેલી સવારથી જ ભક્તોની લાંબી કતારો જોવા મળે છે. ડુંગર પર આવેલા આ રમણીય અને પવિત્ર સ્થાનકે ભક્તિમય માહોલની સાથે પરંપરાગત મેળાનો અનેરો ઉત્સાહ પણ જોવા મળી રહ્યો છે.

## પારડી હાઈવે પર દોરા ભરેલી ટ્રક પલ્ટી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૨૫ :** પારડી નજીક નેશનલ હાઈવે પર એક મોટી દુર્ઘટના ટળી છે. વાપીથી વલસાડ તરફ જતાં ટ્રેક પર ખડકી ઓવરબ્રિજ ચડતી વખતે દોરા ભરેલી ટ્રક પલટી મારી ગઈ હતી. જોકે, આ અકસ્માતમાં ટ્રક ચાલકનો ચમત્કારિક બચાવ થયો હતો. મળતી માહિતી મુજબ, ટ્રક નંબર DD 01 H 9373 સેલવાસથી દોરાનો જથ્થો ભરીને સુરત તરફ જઈ રહી હતી. દરમિયાન વાપીથી વલસાડ તરફના ટ્રેક પર પારડી નજીક આવેલા ખડકી બ્રિજ પર ચડતી વખતે ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં ટ્રક ધડાકાભેર પલટી મારી ગઈ હતી. અકસ્માતની જાણ



થતાં જ પારડી પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. સદનસીબે આ ઘટનામાં ટ્રક ડ્રાઈવરને કોઈ ગંભીર ઈજા પહોંચી ન હતી અને તેનો ચમત્કારિક બચાવ થયો હતો. હાઈવે પર ટ્રાફિક જામ ન થાય તે માટે પોલીસે તાત્કાલિક ક્રેન બોલાવી હતી અને પલટી મારેલી ટ્રકને રસ્તાની સાઈડમાં ખસેડી વાહન વ્યવહાર શરૂ કરાવાયો હતો.

## તિથલમાં ૩૨ હજાર હરિભક્તોની સભા યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૫ :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર તીથલમાં પરમ પૂજ્ય મહંત સ્વામીની દિવ્ય ઉપસ્થિતિમાં એક વિરાટસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે ૩૨,૦૦૦થી વધુ હરિભક્તો અને ભાવિકો ઉપસ્થિત રહી પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં દિવ્ય દર્શન અને આશીર્વાદનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

આ સભાની વિશેષતા એ રહી હતી કે વલસાડ જિલ્લાના ૪૦૦થી વધુ ગામોના હરિભક્તો પોતાના ઘરેથી શ્રદ્ધાપૂર્વક હાથથી ફોલેલા અણીશુદ્ધ ચોખા તથા કલાત્મક હાર લઈને આવ્યા હતાં. જેને સૌ હરિભક્તોએ ભક્તિભાવપૂર્ણ ગુરુહરિ શ્રી મહંતસ્વામી મહારાજને અર્પણ કરી પોતાની ભક્તિ અદા કરી હતી. મહંતસ્વામી મહારાજે પણ દરેક હરિભક્તોની વ્યક્તિગત પ્રાર્થનાઓ સ્વીકારી સૌને દેવ દિવાળીના પાવન પર્વના રૂડા આશીર્વાદ આપ્યા હતાં અને કહ્યું હતું કે તમારી ભક્તિથી ખેંચાઈને જ અક્ષર પુરુષોત્તમ મહારાજ અને અમે અહીં આવ્યા છે. ભગવાન અને ગુણાતીત ગુરુની પ્રાપ્તિ



થઈ એટલે આપણે રોજ રોજ દિવાળી છે. એનો વિશેષ મહિમા સમજવો તો ભક્તિ અને સેવાનો આનંદ આવે. સર્વે તને મને ધન્ય સુખી રહે એવા દેવ દિવાળીના શુભ આશિષ આપ્યા હતાં.

સભામાં પધારેલા દરેક હરિભક્તો અને ભાવિકો પ્રવેશ સમયે પ્રસાદરૂપે ફૂડ પેકેટ આપવામાં આવ્યા હતાં. સુવ્યવસ્થિત આયોજન અને ભક્તિમય વાતાવરણ વચ્ચે હજારો હરિભક્તોએ આ દિવ્ય પ્રસંગનો લાભ લીધો હતો. આ પ્રસંગે વલસાડ જિલ્લાથી ગુજરાત સરકારના આદિજાતિ,ફુટીર ખાદી અને ગ્રામ ઉદ્યોગના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલ, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, વલસાડ દાંગ જિલ્લાના સાંસદ અને લોકસભા દંડક ધવલભાઈ પટેલ, પુર્વ મંત્રી જીતુભાઈ ચૌધરી, ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા તેમજ અન્ય કાર્યકર્તાઓ પણ ઉપસ્થિત રહ્યા હતાં અને સૌ પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજનાં દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતાં.

મહંત સ્વામી મહારાજના પાવન સાંનિધ્યમાં યોજાયેલી આ વિરાટ સભાએ તીથલ સહિત સમગ્ર વલસાડને ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિકતાના રંગે રંગી દીધું હતું.

# સંવિધાન દિવસ : બંધારણીય મૂલ્યો-માનવતા અને રાષ્ટ્રનિર્માણનો સંકલ્પ

**-પ્રો.સતિષકુમાર પરમાર**


૨૬ નવેમ્બર ભારતીય લોકશાહીના ગૌરવ-સ્વાભિમાન અને નાગરિક ચેતનાનો દિવસ છે. આ દિવસને આપણે 'સંવિધાન દિવસ' કે 'બંધારણ દિવસ' તરીકે ઉજવીએ છીએ. આ દિવસ માત્ર એક ઐતિહાસિક દસ્તાવેજને યાદ કરવાનો દિવસ નથી પરંતુ આપણા અધિકારો, ફરજો, સ્વતંત્રતા, સમાનતા, ન્યાય અને માનવ ગૌરવના મૂલ્યોને સમજવાનો તથા જીવનમાં ઉતારવાનો મહાપર્વ છે. ભારતનું બંધારણ આપણને એક એવા લોકશાહી રાષ્ટ્રના નાગરિક બનાવે છે જ્યાં વ્યક્તિની ઓળખ તેના ધર્મ, જાતિ, ભાષા, લિંગ કે સામાજિક દરજ્જાથી નહીં પરંતુ માનવી તરીકેના તેના ગૌરવ અને અધિકારોથી થાય છે.આ દિવસ આપણને યાદ અપાવે છે કે બંધારણ માત્ર કાયદાનું પુસ્તક નથી પરંતુ દેશના દરેક નાગરિક માટે ન્યાયપૂર્ણ-સમાનતાપૂર્ણ અને માનવતાથી ભરપૂર સમાજનું સ્વપ્ન છે.

**બંધારણની રચનાની જરૂરિયાત શા માટે ઊભી થઈ?**

૧૫ ઓગસ્ટ-૧૯૪૭ના રોજ ભારત અંગ્રેજોના શાસનમાંથી આઝાદ થયું. આઝાદી સાથે દેશ સમક્ષ એક મહત્વપૂર્ણ પ્રશ્ન હતો કે હવે ભારતનું શાસન કઈ વ્યવસ્થા-નિયમો અને સિદ્ધાંતોના આધારે ચાલશે? દેશની વિવિધતા, અનેક ભાષાઓ, ધર્મો, સંસ્કૃતિઓ અને સામાજિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખીને એવી વ્યવસ્થા જરૂરી હતી જે સમગ્ર દેશને એકતાના સૂત્રમાં બાંધી શકે અને દરેક નાગરિકને ન્યાય તથા સમાન અધિકાર આપી શકે. આ હેતુથી બંધારણ સભાની રચના કરવામાં આવી. બંધારણ સભાએ લાંબી ચર્ચાઓ, વિચારવિમર્શ, અભ્યાસ અને લોકશાહી મૂલ્યોના આધારે ભારતના બંધારણનું નિર્માણ કર્યું. ૨૬ નવેમ્બર-૧૯૪૯ના રોજ ભારતનું બંધારણ સ્વીકારવામાં આવ્યું અને ૨૬ જાન્યુઆરી-૧૯૫૦ના રોજ તેનો અમલ થયો. આ ઐતિહાસિક દિવસની યાદમાં વર્ષ ૨૦૧૫ થી ૨૬ નવેમ્બરને સત્તાવાર રીતે સંવિધાન દિવસ તરીકે ઉજવવાનું શરૂ કરવામાં આવ્યું છે.

**વિશ્વનું વિશાળ અને અનોખું લેખિત બંધારણ..**

ભારતનું બંધારણ વિશ્વનાં સૌથી વિસ્તૃત લેખિત રાષ્ટ્રીય બંધારણોમાંનું




એક છે,તેની રચના કરવામાં ૨ વર્ષ ૧૧ મહિના અને ૧૮ દિવસનો સમય લાગ્યો હતો. બંધારણની મૂળ આવૃત્તિમાં ૩૯૫ અનુચ્છેદો ૨૨ ભાગો અને ૦૮ અનુસૂચિઓ હતાં. આ બંધારણ માત્ર લખાણરૂપ દસ્તાવેજ નથી પરંતુ ભારતના ઈતિહાસ-સંસ્કૃતિ અને કલાત્મક વારસાનું પણ અદભુત પ્રતિબિંબ છે. અંગ્રેજી અને હિન્દીની મૂળ નકલો હાથથી સુંદર સુલેખન કરીને તૈયાર કરવામાં આવી હતી. અંગ્રેજી આવૃત્તિનું સુલેખન પ્રેમ બિહારી નારાયણ રાયજાદાએ કર્યું હતું અને શાંતિનિકેતનના કલાકારોએ આચાર્ય નંદલાલ બોઝના માર્ગદર્શન હેઠળ તેને સુંદર ચિત્રોથી સુશોભિત કર્યું હતું. આટલા વિશાળ દેશ માટે બંધારણની રચના કરવી એ માત્ર કાયદાકીય કાર્ય નહોતું પરંતુ વિવિધતા વચ્ચે એકતા, મતભેદો વચ્ચે સમન્વય અને દરેક વ્યક્તિને માનવીય ગૌરવ આપવાનો મહાન પ્રયાસ હતો.

**બંધારણના શિલ્પીઓ અને મહાનુભાવોને વંદન..**

ભારતના બંધારણના નિર્માણમાં અનેક મહાન વ્યક્તિઓએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું હતું. બંધારણની મુસદ્દા સમિતિના અધ્યક્ષ ડૉ.ભીમરાવ આંબેડકર સાહેબે બંધારણને સુવ્યવસ્થિત સ્વરૂપ આપવામાં અત્યંત મહત્વની ભૂમિકા ભજવી હતી. બંધારણ સભાના અધ્યક્ષ ડૉ.રાજેન્દ્ર પ્રસાદે સમગ્ર પ્રક્રિયાને ગૌરવપૂર્ણ રીતે માર્ગદર્શન આપ્યું હતું. ગુજરાતની ધરતીના મહાન સપૂતો સરદાર વલ્લભભાઈ પટેલ-કનૈયાલાલ માણેકલાલ મુનશી અને હંસાબેન મહેતાએ પણ બંધારણ સભા અને તેની વિવિધ સમિતિઓમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. આ મહાનુભાવોની દ્રષ્ટિ, દૂરંદેશી, રાષ્ટ્રપ્રેમ અને લોકહિતની ભાવનાએ ભારતના ભવિષ્યને ઘડવામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. આવા મહાન બંધારણ ઘડવૈયાઓનાં ચિત્રો-પ્રતિમાઓ અને સ્મૃતિચિહ્નોને પુષ્પહાર અર્પણ કરીને સન્માનિત કરવું એ કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો એક માર્ગ છે પરંતુ સાચી શ્રદ્ધાંજલિ તો તેમના વિચારો-આદર્શો અને મૂલ્યોને આપણા જીવનમાં ઉતારવાથી જ આપી શકાય.

**બંધારણ આપણને અધિકારોની સાથે ફરજો પણ શીખવે છે..**

આપણા બંધારણે નાગરિકોને અનેક મૂળભૂત અધિકારો આપ્યા છે.સમાનતાનો અધિકાર,સ્વતંત્રતાનો અધિકાર, શોષણ સામે રક્ષણ, ધાર્મિક સ્વતંત્રતા, સાંસ્કૃતિક અને શૈક્ષણિક અધિકારો તથા ન્યાય મેળવવાનો અધિકાર...આ બધું લોકશાહી જીવનના મજબૂત આધારસ્તંભો છે. પરંતુ અધિકારોની સાથે નાગરિક તરીકે આપણી ફરજો પણ એટલી જ મહત્વપૂર્ણ છે. દેશની એકતા અને અખંડિતતા જાળવવી, જાહેર સંપત્તિનું રક્ષણ કરવું, કાયદાનું પાલન કરવું, સ્ત્રી-પુરૂષ સમાનતાનો સ્વીકાર કરવો, દરેક ધર્મ અને સંસ્કૃતિનો આદર કરવો, પર્યાવરણની જાળવણી કરવી અને સમાજમાં ભાઈચારો વધારવો..આ બધું આપણી નાગરિક જવાબદારીનો ભાગ છે.માત્ર પોતાના અધિકારો માટે જાગૃત રહેવું પૂરતું નથી.બીજાના અધિકારોનું સન્માન કરવું પણ સાચી લોકશાહીની ઓળખ છે.

**માનવતા જ બંધારણની આત્મા છે..**

બંધારણની પ્રસ્તાવનામાં ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુતાના આદર્શોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ચારેય મૂલ્યોને જો આપણે આપણા રોજિંદા જીવનમાં ઉતારીએ તો સમાજમાં અનેક સમસ્યાઓ આપોઆપ ઓછી થઈ શકે.જાતિભેદ,ઊંચ-નીચ,અસ્પૃશ્યતા,ધાર્મિક દ્વેષ, સ્ત્રી-પુરુષ અસમાનતા, ગરીબ અને સમૃદ્ધ વચ્ચેની માનસિક દીવાલો તથા પરસ્પર અવિશ્વાસ.. આ બધું માનવતાના માર્ગમાં અવરોધ છે.બંધારણ આપણને એક એવી દ્રષ્ટિ આપે છે કે દરેક વ્યક્તિનું સન્માન થવું જોઈએ. કોઈની સાથે અન્યાય થાય તો તેની સામે અવાજ ઉઠાવવો જોઈએ. કોઈ વ્યક્તિ ગરીબ હોય, નિરક્ષર હોય, નબળી સ્થિતિમાં હોય કે કોઈપણ પ્રકારની ભિન્નતા ધરાવતી હોય છતાં તે સમાન માનવીય ગૌરવ અને અધિકારો ધરાવે છે.આપણે જો સાચા અર્થમાં બંધારણનું સન્માન કરતા હોઈએ તો આપણા વ્યવહારમાં પ્રેમ, સહિષ્ણુતા, સહકાર, ન્યાય અને કરૂણા દેખાવા જોઈએ.

**ઉજવણી નહીં જીવનમાં અમલનો સંકલ્પ..**

સંવિધાન દિવસની ઉજવણી શાળાઓ, કોલેજો, સરકારી કચેરીઓ, સામાજિક સંસ્થાઓ અને જાહેર સ્થળોએ વિવિધ કાર્યક્રમો દ્વારા કરવામાં આવે છે.બંધારણની પ્રસ્તાવનાનું સામૂહિક વાંચન, ચર્ચાઓ, નિબંધ સ્પર્ધાઓ અને જાગૃતિ કાર્યક્રમો યોજાય છે, આ બધું પ્રશંસનીય છે. પરંતુ આ ઉજવણીનો સાચો હેતુ ત્યારે જ સફળ થશે જ્યારે બંધારણીય મૂલ્યો આપણા જીવનનો ભાગ બનશે.આજે આપણે એવો સંકલ્પ કરીએ કે કોઈની સાથે અન્યાય નહીં કરીએ, કોઈનું અપમાન નહીં કરીએ, ભેદભાવ નહીં રાખીએ, અંધશ્રદ્ધા કે દ્વેષને પ્રોત્સાહન નહીં આપીએ અને દરેક માનવીને માનવી તરીકે પ્રેમ તથા સન્માન આપીશું.ભારતનું બંધારણ આપણને માત્ર ભારતીય નાગરિક તરીકે ઓળખ આપતું નથી પરંતુ એક જવાબદાર-જાગૃત અને સંવેદનશીલ માનવી બનવાની પ્રેરણા પણ આપે છે. બંધારણની સાચી શક્તિ તેના પાનાંઓમાં નહીં પરંતુ તેને અનુસરતા નાગરિકોના વિચારો અને વર્તનમાં રહેલી છે.આપણે મહાન બંધારણ ઘડવૈયાઓને નતમસ્તકે વંદન કરીએ અને તેમના વિચારોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ કરીએ.

'હું માનવી, માનવ થાઉં તો ઘણું' આ ભાવનાને જીવનમાં ચરિતાર્થ કરી શકીએ તો જ સાચા અર્થમાં સ્વતંત્રતા, સમાનતા, બંધુતા અને માનવતાને મજબૂત બનાવી શકીશું.ચાલો..સંવિધાન દિવસને માત્ર એક દિવસની ઉજવણી નહીં પરંતુ સમગ્ર જીવનમાં માનવ મૂલ્યો જાળવવાના મહાપર્વ તરીકે ઉજવીએ.

# વિશેષ વાંચન

Thursday 26, November 2026
દમણગંગા ટાઇમ્સ

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. - **સંપાદક**

## અંતે જીત તો સાચાની થાય છે

**ચંદ્રકાંત પ્રભાકર મગોદ ડુંગરી**



તમે ગમે તેટલા સારા કામ કરો જીત તો જુઠાની થાય છે. આજે તમો ગમે તેટલા સારા કાર્યો કરો એ કળિયુગ છે. કળિયુગના સમયમાં રમતા રમતા માણસો ગમી જાય.....ને ગમતા માણસો રમત રમી જાય. આજનો સમય એવો છે જ્યાં સાચા અને ઈમાનદાર લોકોને ઘણીવાર સંઘર્ષ સહન કરવો પડે છે. જે લોકો જુઠુ બોલે છે, દેખાવ કરે છે અને બીજાઓને ગેરમાર્ગે દોરે છે. એવા જ માણસોને લોકો પસંદ કરે છે. કળિયુગ છે અહીં જુઠાનો સ્વીકાર અને સાચાનો શિકાર થાય છે. આવા જુઠા અને ઢોંગી માણસો લાંબા સમય સુધી સફળ અને લોકપ્રિય હોય છે પરંતુ યાદ રાખજો આ પરિસ્થિતિ કાયમી નથી.સત્યને કદાચ તાત્કાલિક તાળીઓ ન મળે પણ સમય સાથે ઓળખ અને માન મળે છે એટલે સત્યને વળગી રહેવું, સારા કાર્ય કરતા રહેવું એ આપણા મૂલ્યો અને સ્વભાવની સાચી ઓળખ છે. દુનિયાના વર્તનથી આપણા સ્વભાવમા કોઈ ફેરફાર ન આવવો જોઈએ. એક મહત્વની વાત આપણે લોકોના વર્તન પ્રમાણે આપણા મૂલ્યો ન બદલવા સત્ય, ઈમાનદારી અને સારા કાર્યો વિપરીત પરિસ્થિતિમા પણ સત્યનો સાથ રાખો અને કોઈપણ લાભ માટે જૂઠ કે દેખાવનો સહારો ન લો. જુઠા ઢોંગી માણસોની અંદર એક સારી ખૂબી હોય છે એ માણસો બહુ જ મીઠું બોલતા હોય છે પણ અંતે તો સત્યની જીત થાય છે અને એજ મીઠી લાગે છે તે શાંતિની અનુભૂતિ કરાવે છે સત્યનો સાથ ઈશ્વરનો હાથ પકડ્યો બરોબર છે. ઈતિહાસ કર્મ જુએ છે બહાના નહિ.મહાભારતની મોટી શીખ શું તમે કયારે વિચાર્યું છે...? ભીષ્મપિતામા,ગુરુ દ્રોણચાર્ય અને કર્ણ જેવા મહાન યોદ્ધાઓ હોવા છ ત ા ં મહાભારતનું યુદ્ધ કેમ હારી ગયા...? કારણ કે મહાભારત આપણને શીખવે છે કે જીત માત્ર શક્તિથી નહિ પરંતુ સાચા સિદ્ધાંતો સાથે ઊભા રહેવાથી મળે છે.ભીષ્મપિતામા શક્તિશાળી હતા પણ તેઓ ખોટા પક્ષના સિંહાસન પ્રત્યેના પ્રતિજ્ઞાથી બંધાયેલા હતા,ગુરુ દ્રોણાચાર્ય મહાન વિદ્વાન હતા પરંતુ જયારે ન્યાય અને પક્ષપાત વચ્ચે પસંદગી કરવામાં આવી ત્યારે તેઓ પક્ષપાતથી ઉપર ઉઠી શક્યા નહિ, કર્ણ મહાન દાનવીર વીર યોદ્ધા હતો પરંતુ મિત્રતાની વફાદારી નિભાવતા અધર્મનો સાથ પસંદ કર્યો આ ત્રણેય પાત્રોથી એક મોટી શીખ મળે છે તમારી પાસે ગમે તેટલી શક્તિ હોય,ગમે તેટલું જ્ઞાન હોય,ગમે તેટલી પ્રતિભા હોય પણ તમે ખોટાની સાથે ઉભા છો તો તમારી મહાનતા પણ તમને સાચા સાબિત કરી શકતી નથી એટલે જીવનમાં ક્યારેય પ્રેમ, લાગણીમાં આવીને સાચા રસ્તાને છોડતા નહિ કારણ કે ખોટી વાતમાં સાથ આપીને તમે સંબંધ તો બચાવી શકશે પરંતુ તમારું ચારિત્ર્ય અને સત્ય ગુમાવી બેસો છો. યાદ રાખજો દુનિયા તમારી શક્તિ નહિ નિર્ણયોને યાદ રાખશે કારણ ઈતિહાસ કર્મનો હિસાબ રાખે છે બહાનાનો નહિ.

## બંધારણ દિવસના અવસરે...!

**લાયન કિરીટ શાહ વાપી**

આજે સમગ્ર રાષ્ટ્ર એના બંધારણ દિવસને સગર્વ ઉજવશે. અને આ અનેક રજવાડામાં વિભાજીત રાજ્યોને એક દોરથી બાંધી ભવિષ્યના સુરક્ષિત અને સ્વસ્થ સંચાલન માટે જેમણે આ બંધારણની રચના કરી દેશને અર્પિત કર્યું એ મહામાનવોને યાદ કરશે. વંદન કરશે.

પરંતુ દુ:ખદ વાત એ છે કે જે રીતે બંધારણની પ્રતને આજે રાજકારણનું સાધન સમજી એની મહત્તા અને ગરિમા જાણે જળવાતી ન હોય તેવું જણાતું હોય તો એ યોગ્ય નથી. આ રાષ્ટ્રને જે બંધારણે સમગ્ર વિશ્વના અનેકવિધ પડકારો સામે ટકી રહેવા સામર્થ્ય બક્ષ્યું છે, અનેકવિધ વિસ્તારો, ભાષાઓ, સંપ્રદાયો, પહેરવેશ અને રહેણીકરણીની વચ્ચે પણ આ બંધારણે જે વિવિધતામાં એકતાના દર્શન સમગ્ર રાષ્ટ્રની સાથે સમગ્ર વિશ્વને કરાવી એક સક્ષમ લોકશાહી રાષ્ટ્ર તરીકે આપણા દેશને આગવી ઓળખ આપી છે ત્યારે આ દેશના પ્રત્યેક નાગરિકને એનો ગર્વ હોય એ સ્વાભાવિક છે, અને તેથી જ આ લોકશાહી દેશના પ્રત્યેક વ્યક્તિની એ નૈતિક જવાબદારી છે કે આપણે સૌએ સમર્પિત રહીને એનો આદર કરવો જોઈએ, એનું સન્માન કરવું જોઈએ અને એના થકી મળેલ સ્વતંત્રતાનો મર્યાદાપૂર્વક લાભ લેવો જોઈએ.

આજે આ દેશની અખંડિતતા અને એનો વિકાસ આપણને પ્રાપ્ત થયેલ અદભૂત બંધારણને આભારી છે એ ન ભૂલાવું જોઈએ. જેમ આપણી પાસે આપણું રાષ્ટ્ર ગીત છે, આપણો રાષ્ટ્રધ્વજ છે, તેજ રીતે આપણી પાસે એક સક્ષમ બંધારણ પણ છે.બાબાસાહેબ આંબેડકર અને એમના સાથીદારોએ આ દેશને એક અનન્ય ભેટ બંધારણની આપી છે ત્યારે આ બંધારણ દિવસના અવસરે આપણે એમને શતશત વંદન કરીએ. એમના પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરીએ.



ઈશ્વર અલ્લાહ તેરો નામ, સબકો સદમતિ દે ભગવાન..!

**બંધારણ દિવસના અનન્ય અવસરે...!**

બંધારણની ઉજવણીનો, દિવસ આજે આવીયો,
બંધારણની સ્મૃતિનો દિવસ, હા, આજે આવીયો..!
દેશ છે રક્ષિત આજે, જેના શબ્દોના થકી,
એવા અમુલખ બંધારણનો, જન્મદિવસ આવીયો..!
રાખીએ હૈયે સદા, એ શબ્દોના માહાત્મ્યને,
એના હાર્દને, દિલથી સમજવાનો આ અવસર આવીયો..!
છે રાષ્ટ્ર આજે પણ? અખંડિત, જેના સથવારા થકી,
એ બંધારણને યાદ કરવાનો આ અવસર આવીયો..!
લઈએ શપથ એના અમલનો, દિલના પુરા ભાવથી,
એ ગ્રંથના ઘડનારોના, આદરનો અવસર આવીયો..!
કરીએ નમન એ ગ્રંથને, ને ગ્રંથના ઘડનારોને..!
ને સાથ એના અમલનો, સંકલ્પ અવસર આવીયો..!
કરીએ નમન આજે ધરા, સેનાનીઓ ને રાષ્ટ્રને,
આમુખને હૃદયસ્થ કરવાનો આ અવસર આવીયો...!
બંધારણ દિવસ ૨૬ નવેમ્બરના અવસરે...

## પત્રકારત્વ લોકપ્રિય કે જવાબદાર ?

**ડો. જે. એમ. નાયક નવસારી**



તાજેતરમાં જ આપણા દેશમાં ૧૬ નવેમ્બરના દિવસે રાષ્ટ્રીય પ્રેસ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવી. કોઈપણ દેશમાં સ્વતંત્ર પ્રેસ એ જીવંત લોકતંત્રની આધારશીલા છે. પ્રેસ એ સભ્ય સમાજનો અરીસો છે. ૧૪૦ કરોડ કરતાં વધુ વસ્તી ધરાવતા ભારત જેવા લોકતાંત્રિક દેશમાં પ્રેસની સ્વતંત્રતા ખૂબ જ મહત્વ ધરાવે છે. એમ કહેવાય છે કે કલમની તાકાતથી જે પત્રકાર મિત્રો સત્યનો અરીસો બતાવે છે એમના થકી જ લોકશાહી બચી શકે છે ! પત્રકાર મિત્રોની એ ખૂબ જ મહત્વની ફરજ છે કે સાચી અને સચોટ માહિતી દેશની જાહેર જનતા સુધી પહોંચાડે કે જેથી સમાજમાં જાગૃતિ આવી શકે ! દેશ અને વિશ્વમાં થતી ગતિવિધિઓથી લોકોને જાગ્રત કરવાની જવાબદારી પત્રકારત્વ સાથે સંકળાયેલા તમામ લોકોની છે. સમાજના પ્રશ્નોને વાચા આપવી એ પત્રકારોની પવિત્ર ફરજ બને છે. ૨૧ મી સદીમાં એવું લાગે છે કે પત્રકારત્વ એ ફક્ત વ્યૂઝ અને વાયરલ નો ખેલ બની ગયો છે એ લોકશાહી માટે ખૂબ જ જોખમી છે. ગુજરાત સરકારના માહિતી નિયામક જણાવે છે તે અનુસાર સમાચાર સામગ્રી ભલે વાચકોને આકાશવા માટે લોકરંજક બનાવવામાં આવે પરંતુ સત્ય સાથે કોઈ જ પ્રકારનું સમાધાન ચલાવી શકાય નહીં. આર્ટિફિશિયલ યુગ અને ન્યુ મીડિયાના યુગમાં ફેક ન્યૂઝનો જાણે રાફડો ફાટ્યો છે. કોઈ પણ સરકારને પોતાને અનુકૂળ હોય એવા સમાચારો પ્રકાશિત થાય તેમાં રસ હોય એ ખૂબ જ સ્વાભાવિક બાબત છે અને તેથી જ પ્રેસની આઝાદીનો આધાર પત્રકારો પર જ રહેલો છે. પ્રેસ દ્વારા બંને પક્ષોનું સાચું ચિત્ર વાચકો સમક્ષ રજૂ થાય એ ખૂબ જ જરૂરી છે. વૈશ્વિક મીડિયા મોનિટરિંગ સંસ્થા રિપોર્ટસ વિધાઉટ બોર્ડર્સ અનુસાર ભારતનું રેન્કિંગ પ્રેસ સ્વતંત્રતા બાબતે ૧૮૦ દેશોમાંથી ૧૬૧ માં સ્થાન પર છે જે ખરેખર આપણા દેશ માટે ખૂબ જ ચિંતાજનક બાબત છે. લોકતંત્રના ચોથા સ્થંભ સ્વરૂપે પત્રકારત્વ સાથે સંકળાયેલા તમામ મિત્રોને રાષ્ટ્રીય પ્રેસ દિવસની હૃદયપૂર્વક શુભકામના પાઠવું છું.

## મારૂં ઘર સારૂં ઘર

**અશરફ ચુડાસમા ભીલાડ**



થોડી ઈંટો ને સિમેન્ટ અને સળિયાનું બંધારણ આપી ચાર દિવાલ ઊભી કરી દેવામાં આવે એટલે એને ઘરનો દરજ્જો મળતો નથી. ચાર દિવાલથી તો માત્ર મકાન બને છે. પરંતુ ચાર દિવાલની વચ્ચે ચાર ખૂણા એકબીજા સાથે આદર, પ્રેમ અને સ્નેહથી રહેવાનું ચાલુ કરે ત્યારે આ મકાનને ઘરનો દરજ્જો મળે છે. આપણું જીવન ઝડપી અને જિંદગી એકદમ ઘરથી દૂર થઈ રહી છે. આશ્ચર્યની વાત તો એ છે કે, આપણે શાંતિ અને આરામથી જીવવા માટે સગવડ યુક્ત ઘર બનાવીએ છીએ અને પરિણામ એ આવે છે કે સગવડ ઊભી કરવામાં આખું જીવન પૂરું થઈ જાય છે. એટલું બધું દોડીએ છીએ કે છેલ્લા શ્વાસ પણ ઘરમાં નથી છોડી શકતા. આજના યુવાનોને કહેવું છે કે. ઘરનું બ્લડગ્રુપ શાંતિ છે. ઘર મંદિર છે. ઘર એ દુનિયાએ આપેલાં ઘાવને સાજા કરવાનો મલમ છે. ઘર એ જીવનમાં લગતાં દરેક થાકને ઉતરવાનું ઉત્તમ સ્થળ છે. ઘર એ શિવાલયથી વધુ જીવાલય છે. સ્ત્રી ઘરનું હૃદય છે. બાળકો, વડીલો ઘરનો ધબકાર છે.

ઘર એટલે સલામતીનું રક્ષણ આપતી કેવળ ચાર દિવાલો નહીં. ઘર એટલે ઠાઠઠઠારો, શોભામાં અભિવૃદ્ધિ કરતું ફર્નિચર નહીં. ઘર એક જુદી જ વસ્તુ છે. ઘર એટલે બહાર નીકળ્યા પછી જ્યાં પાછાં ફરવા માટે જીવ તત્પર રહેતો હોય તે. એવું તે શું હોય છે આ ઘરમાં કે જતાં જતાં છૂટા પડવાનું દુ:ખ થાય અને પાછા વળવામાં સુખ ઉપજે? મિત્રો! ઘરનો આધાર દિવાલ નહીં પણ એકમેકનું વહાલ છે. એકમેકનું એટલે પતિ પત્ની અને સંતાનોનું. ચાર દિવાલમાં રહીને જે સ્વતંત્રતા આપે તે ઘર. સાથે રહેવું એટલે સાથે જીવવું. સાથે જીવવું એટલે કોઈપણ વાત કોઈ પણ છોછ વિના, કે નિષેધ વિના, સામાને શું લાગશે એના ભય વિના, મોકળાશથી કરી શકો તે ઘર.

કવિ નિરંજન ભગત કહે છે કે જ્યાં તમે પગમાંથી પગરખાં ઉતારો છો, ટોપીનોય ભાર ઉતારી દો છો, જ્યાં તમે હાથ પહોળા કરીને હાશ કહો છો, જ્યાં સર્વના મુખ તમને જોઈને સહજતાથી મલકી ઊઠે છે ત્યાં ત્યાં બધે, કહો, શું તમારૂં ઘર નથી?


જે માણસ મૂળ પોતાના ઘરનો સુખી હોય એને જ જગત આખું પોતાના ઘર જેવું લાગે છે. ઘરમાં જે હાશકારો અનુભવો છો એ હાશકારાની અનુભૂતિ સર્વત્ર થતી હોય તો ઘરની દીવાલો આપમેળે ઓગળતી હોય છે.

આવો! આપણે આપણું વહાલ વરસાવતું ઘર બનાવીએ. અહીં,

હસતાં કૂદતા બાળકો રમે છે,
મા-બાપના ચરણે સૌ નમે છે.
સૌ સાથે બેસીને જ જમે છે,
મનેં મારૂં ઘર સારૂં ઘરેં ખૂબ ગમે છે.

## જીવનને ઉત્સવ બનાવો

**હર્ષદ દેસાઈ વટાર**



મનુષ્યનું જીવન મૂળભૂત રીતે તો સાચા આનંદની શોધ કરવા માટે મળ્યું છે દરેક મનુષ્ય ઈચ્છે છે કે પોતાનું જીવન સુખ, શાંતિ, પ્રસન્નતા વગેરેથી ભરપુર રહે અને જીવન એક ઉત્સવ બની જા. પરંતુ આટલું જ પુરતુ નથી. જો જીવનમાં વિવેક બુદ્ધિ અને સદ્‌ગુણ ન હોય તો એ આનંદ ઉચ્છંખલતા અને અસંયમમાં બદલાઈ જાય છે. એના પરિણામે સુખના બદલે જીવન દુ:ખ બની જવાની સંભાવના વધી જાય છે. જીવનમા જ સાચો આનંદ, શાંતિ તથા સુખ મેળવવા હોય તોમાનસિક સંતુલન જાળવવું અનિવાર્ય છે. માણસે પ્રગતિના માર્ગે આગળ વધવું પડે છે.

આપણા ઋષિમુનઓ આપણને વારંવાર કહે છે કે માણસો પ્રસન્નચિત્ત રહેવું જોઈએ. પરંન્તુ અહીં એક વાત સારી રીતે સમજી લેવી જોઈએ કે જો જીવનમાં પ્રમાદ અને અસાવધાની હોય તો કદાપિ પ્રસન્નતા માની શકતી નથી. જયારે માણસ પોતાની જવાબદારીઓથી વિમુખ થઈ જાય છે ત્યારે તેનું જીવન તેના માટે ભારરૂપ બની જાય છે. ઈતિહાસ પરથી ખબર પડે છે કે કોઈ સમાજ કે દેશ ભલે ગમે તેટલો શકિતશાળી હોય, છતાં જો તે અસાવધ રહે અને ભોગવિલાસમાં ડુબેલો રહે તો અવશ્ય તેનું પતન થઈ જશે અને તે ગુલામ બની જશે.

આનંદનો અર્થ માત્ર ભોગવિલાસ ભોગવવા અને ભૌતિક સાધન સામગ્રીનો ભંડાર કરવો એવો નથી. સાચો આનંદ તો આંત્મિક શાંતિ, સંતોષ અને સંયમમાં રહેલો છે. જયારે આપણે આપણું કાર્ય નિષ્ઠા અને સમર્થન ભાવથી કરીએ, આપણા પરિવારમાં સ્નેહ અને સહકારની ભાવના હોય અને જો આપણે સામાજિક તથા નૈતિક જવાબદારીઓનું પાલન કરતા રહીએ તો જ આપણને સ્થાયી આ ન ંદ નો અનુભવ થાય છે. જયારે આપણે આનંદ વિવેકહીન થઈ જાય તો તે કલહ, કલેશ અને દુ:ખનું કારણ બની જાય છે. અસંયમિત ભોગ, નશા ખોરી, અન્ય દુષણો તથા અપરાધી પ્રવૃત્તિઓ ઘણીવાર આનંદની આડમાં જ વિકાસ પામતી હોય છે. એટલે જ આપણા શાસ્ત્રોમાં આપણને ચેતવણી આપતાં કહ્યું છે કે જીવનને ભલે ઉત્સવ બનાવો પરંતુ તેમાં સાવધાની રાખવી જરુરી છે. કદાપિ મર્યાદાનું ઉલ્લંઘન ન થવું જોઈએ.


પ્રસન્નતા અને સજાગતાનું આ સંતુલન જ આપણને સાચો આનંદ આપે છે. આપણે જીવનમાં અનુશાસનનું ચુસ્ત રીતે પાલન કરવું જોઈએ. અને રચનાત્મક પ્રવૃત્તિઓ પણ કરતા રહેવું જોઈએ.

એનાથી આપણું જીવન સ્વસ્થ રહે છે. માનસિક શાંતિ મળે છે. અને આત્મબળમાં વધારો થાય છે. સાથે સાથે સામાજિક જીવનમાં સહયોગ, સહકાર સહનશીલતા વગેરે ગુણોનો વિકાસ થઈને પ્રગતિનો માર્ગ મોકળો થાય છે.

જીવન એક લાંબી યાત્રા છે. એમાં સુખ દુખ, આશા-નિરાશા સફળતા, નિષ્ફળતા વગેરે આવતા જતા રહે છે. જો આપણે સારાત્મક બનીને દરેક પરિસ્થિતિનો સહર્ષ સ્વીકાર કરતાં શીખી લઈએ તો આપણું જીવન એક ઉત્સવ બની જાય છે. આની સાથે સાથે જો આપણણે આપણી જવાબદારીઓ, કર્તવ્યો, અને મર્યાદાઓનું નિષ્ઠાપૂર્વક પાલન કરતા રહીએ તો આપણુ જીવન અવશ્ય સાર્થક, સુંદર, સુખદ, અને પ્રેરણાદાયી બની શકે છે.

## દુનિયાની ઘટમાળ પરિવર્તનશીલ છે

**રાયસીંગ ડી. વળવી ધરમપુર**



માનવીના જીવનમાં આગળ વધવું હોય, પ્રગતિ કરવી હોય તો આપણા જીવનમાં સમય, ઉત્સાહ, આત્મબળ વગેરેની જરૂર રહે છે. નિરુત્સાહી વ્યક્તિનો કોઈ દોષી રહેતો નથી કે માનસૂના કેદારમાં પૂરા થતા નથી, સમય પસાર થતો નથી અને એની ધારણા બદલીને સોનું કામ કરીએ છીએ, ભલે આપણે એ જાણતા હોઈએ કે નિયમિત જીવન જીવવું પડતું હોય. નિયમિત સમય પર જ મળશે એને ખૂબ જ લાભ થશે, માટે આજે જ નક્કી કરી લેવું કે આપણે જીવનમાં સફળતા મેળવવી હોય તો આપણા જીવનમાં ધ્યેય જરૂરી છે.

આમ તો માનવજાતના દિલમાં જે ધ્યેય હોય છે, તે આત્માની શક્તિ અને પ્રવૃત્તિનો આધાર છે. જે એમ સમજીને ચાલે છે કે આત્મા અને શરીરનું જે સંગમ થાય છે તે જ સાચો આનંદ છે, એ આત્માનો આધાર છે. જે માણસને લાગે છે કે મારે આ કામ કરવું છે, તેને કરવા માટે સમય કાઢવો પડે છે. આપણે રાજકારણમાં જોઈએ છીએ કે બ્રિટિશ જેવા શક્તિશાળી રાષ્ટ્રોએ પણ પોતાની સત્તા ગુમાવી છે. આ જગતમાં કોઈ પણ વ્યક્તિ સદાય શક્તિશાળી રહી શકતી નથી.

આ દુનિયા શાશ્વત નથી, પરિવર્તનશીલ છે. યુગોના યુગો બદલાયા છે. ક્યાંય પણ સ્થિર રહી શકાતું નથી. આ દુનિયા સતત બદલાતી રહે છે. કોઈ પણ વસ્તુ સ્થિર રહેતી નથી.

કોઈપણ વ્યક્તિને સિદ્ધિ મેળવવી હોય તો તેને ખૂબ જ મહેનત કરવી પડે છે. મહેનત વગર કોઈ પણ વ્યક્તિને સફળતા મળતી નથી. તેથી જ કહેવાય છે કે મહેનત જ સફળતાની ચાવી છે.

તેથી જ કહેવાય છે કે મહેનત વગર કોઈ પણ સફળતા મળતી નથી. આજે આ જગતમાં સફળતા મેળવવા માટે ખૂબ જ મહેનત કરવી પડે છે. આપણે જીવનમાં ક્યારેય હાર માનવી ન જોઈએ. આપણે જીવનમાં હંમેશા આગળ વધતા રહેવું જોઈએ. આપણે જીવનમાં હંમેશા સકારાત્મક વિચાર રાખવો જોઈએ. આપણે જીવનમાં હંમેશા સારા કાર્યો કરવા જોઈએ.

## ચાલતા ચાલતા ક્યાં પહોંચી ગયા, ખબર જ ન પડી એ જિંદગી...

**અશોક જોષી, બીલીમોરા**



બાળપણની એ નિર્દોષ રમતો, યુવાનીના સપનાઓ અને પરિવાર માટેની ભાગદોડ વચ્ચે સમય ક્યારે પંખ લગાવીને ઉડી ગયો, તેનો અહેસાસ પણ થતો નથી. અરીસા સામે ઊભા રહીએ ત્યારે માથાના સફેદ વાળ અને ચહેરા પરની કરચલીઓ જોઈને અચાનક ભાન થાય છે કે જીવનની સાંજ ઢળવા આવી છે. કાચની દીવાલમાં પોતાનું જ પ્રતિબિંબ નિહાળતી વૃદ્ધા જાણે સમગ્ર માનવજીવનનો સાર કહી જાય છે. ચાલતા ચાલતા ક્યારે અહીં સુધી આવી ગયો, ખબર પણ ન પડી, એ જિંદગી જિંદગીની રફતાર ખરેખર અકલ્પનીય છે. ગઈકાલ સુધી જે ખભા પર સ્કૂલના દફતરનો હળવો ભાર હતો, તે ખભા પર આજે પરિવાર અને સમાજની જવાબદારીઓનો બોજ આવી ગયો છે. બાળપણની નિર્દોષ રમતો, યુવાનીના અરમાનો અને કરિયરની આંધળી દોટ વચ્ચે સમય ક્યારે રેતીની જેમ હાથમાંથી સરકી ગયો, તેનો અણસાર સુદ્ધાં આવતો નથી.

એક દિવસ અચાનક અરીસા સામે ઊભા રહીએ છીએ, ત્યારે માથાના સફેદ વાળ અને ચહેરા પરની કરચલીઓ જોઈને હૃદય ધબકારો ચૂકી જાય છે. ત્યારે અહેસાસ થાય છે કે સવાર ક્યારે બપોર બની અને જીવનની સાંજ ક્યારે ઢળી ગઈ, તેની ખબર જ ન પડી.

આપણે આવતીકાલને સંવારવાની ચિંતામાં આજની અનમોલ પળોને જીવવાનું જ ચૂકી જઈએ છીએ. યાદ રાખજો, સમય ક્યારેય કોઈની રાહ જોતો નથી. જીવનની આ ભાગદોડમાં થોડી પળો થોભીને પોતાની જાત અને પ્રિયજનો સાથે જીવી લેવું જ સાચી કમાણી છે, કારણ કે અંતે તો માત્ર આ યાદો જ સાથે રહેવાની છે.

## જેવા વડીલોં એવા એના સંસ્કાર!

**નીતા પી.જાદવ રાજકોટ**



મારા સલામ છે, એ વડીલોને જે ધૂપસળીની જેમ મહેકતા રહે છે, બાકી ધુમાડા જેમ સળગતા રહીને બીજાને રડાવવા વાળા વડીલોને દૂરથી સલામ !

આપણા સંસ્કાર વડીલોને સન્માન આપતા શીખવે છે અને આપણે આપીએ પણ છીએ, પણ કેટલાંક દુર્ગંધની આદતથી પીડાતા પંડને ગુલાબની મહેકની એલર્જી હોય છેં તમને થશે આ કેવી વાત કરી નાખી.... સંસ્કારી લોકો આવું કેમ બોલી શકે ?

આપણા શાસ્ત્રોમાંથી આપણે શીખવાનું હોય એનું આંધળું અનુકરણ ના કરાય... અને જો અનુકરણ જ કરવાનું હોત તો ભગવાને દરેકને સ્વતંત્ર બુદ્ધિ અને શક્તિઓ આપી જ ન હોત !

ભગવાન રામે મંથરાને માફ કરી કારણકે, એને પ?િતાપ હતો... પણ દ્વાપર યુગમાં શ્રીકૃષ્ણ શીખવીને ગયા કે, જ્યાં ધર્મની હાનિ થાય એવા લોકો અને સંબંધોને સ્વાહા કરો એજ કલ્યાણ...

સારા વડીલો સમજીને વનમાં ભક્તિ માર્ગે ચાલીને સંતાનોને એના મુજબ સંસાર માણવા દેતા, ધૃતરાષ્ટ્રના વડીલો વનમાં નીકળી ગયા, પણ એ પોતે ના ગયા, કંઈ નહિ, પણ એના સંતાનોને સતત એને ઈર્ષ્યા અને અભિમાનના ગુણોથી સીંચીને મોટા કર્યા પછી પણ ગાદી ના છોડી, અંતે આખા કુટુંબનો સર્વનાશ કરાવ્યો. બીજી તરફ શ્રીકૃષ્ણના પરિવારમાં કોઈ વનમાં ગયા નહોતા, રાજસિંહાસન પર બેસી રાજ કરતાં હતાં, પણ વહીવટ શ્રીકૃષ્ણ ચલાવતા, ત્યારે સમજાય કે, સન્માન મેળવવા માટે સંતાનોને સાચા અને સંસ્કાર આપવા પડે અને ઉંમર થાય તો એ યુવાપેઢીને એની કુનેહ મુજબ સંસાર ચલાવવા દેવો... એમાં ઘણીવાર ભુલો થાય તો એમાંથી એમને જાતે શીખવા દેવું જોઈએ. બાળકને આંગળી પકડીને ચાલતા જરૂર શીખવવું જોઈએ, પણ ચાલતાં આવડી જાય પછી એને હાથ પકડી પોતાની સાથે ફેરવતા રહેવું એ અન્યાય છે.

બાળકોને સાચી દિશા અને ગુણોની શિખામણ આપ્યા પછી કચકચ કરવું વડીલોની મર્યાદા માટે અયોગ્ય છે. વડીલ હોવું માત્ર ઉંમરનું પ્રમાણપત્ર નથી; વડીલ હોવું એટલે આવતી પેઢી માટે ઉદાહરણ બનવું. વડીલો જે બોલે છે, જે રીતે વર્તે છે અને જે સંસ્કાર આપે છે, એ જ ધીમે ધીમે પરિવારની ભાવિ પેઢીના સ્વભાવમાં ઉતરે છે. આદર્શ વડીલોના ગુણોમાં સંયમ, નિષ્પક્ષતા, પ્રેમ, ક્ષમા, સમજદારી, સત્યનિષ્ઠા, નમ્રતા અને નાના-મોટા સૌ પ્રત્યે સન્માન હોય છે. તેઓ પોતાના અનુભવનો ઉપયોગ બીજાને દબાવવા નહીં, પરંતુ માર્ગદર્શન આપવા કરે છે. પરંતુ કેટલીકવાર ઉંમર વધે છે, સમજદારી નહીં. કેટલાક વડીલોમાં અહંકાર, ઈર્ષ્યા, અદેખાઈ, પક્ષપાત, કપટ, ટોણાં-મહેણાં અને બીજાના જીવનમાં અતિશય દખલ જેવી ખામીઓ જોવા મળે છે. ખાસ કરીને કેટલાક પરિવારોમાં યુવા પેઢી આગળ વધે, સુખી થાય કે પોતાની રીતે જીવન જીવવા લાગે ત્યારે તેમની ખુશી સ્વીકારવાને બદલે તેની સાથે ઈર્ષ્યા કે અદેખાઈ રાખવામાં આવે છે.

સારા વડીલો ઘરમાં, ઓફિસમાં અને સમાજમાં મદદરૂપ થશે અને પ્રોત્સાહન આપશે, જ્યારે કપટી અને મનના મેલા વડીલો તમારી ઈર્ષ્યા કરશે, તમને નીચા બતાવી અપમાનિત કરવાના મોકા શોધશે ને તમારી પ્રગતિથી નાખુશ થશે.

તમે ચૂપ રહીને સહન કરશો તો એમનું અભિમાન વિકૃત આનંદ લેશે અને જો વિરોધ કરશો કે અન્યાય સહન કરવાની ના પાડશો તો તમને બદનામ કરશે.

મંથરા અને શકુનિ જેવા કલાકાર વડીલો તમને ઠેર ઠેર જોવા મળશે જેને ખૂબ મીઠું બોલીને તમારી ઈજ્જત, પ્રગતિ અને શાંતિને હણી નાખશે અને જો પકડાય જશે તો મગરના આંસુઓ પાડીને દુનિયા સામે બિચારા બનવાની સરસ એક્ટિંગ કરી તમને જ વિલન બનાવી પોતે વિક્ટીમ બની જશે.

સૌથી દુ:ખદ બાબત ત્યારે બને છે જ્યારે યુવા પેઢી અન્યાય સામે શાંતિથી પોતાનો જવાબ આપે, ત્યારે તેને જ વડીલોનો અનાદર કરનાર કહીને વગોવવામાં આવે. પોતાની ભૂલ સ્વીકારવાને બદલે પોતાને બિચારા સાબિત કરીને સહાનુભૂતિ મેળવવાનો પ્રયાસ થાય.

પરંતુ એક વાત યાદ રાખવી જોઈએ–

ઉંમર સન્માન અપાવી શકે, પરંતુ ખરાબ વર્તન સન્માન ટકાવી શકતું નથી.

આજની પેઢી વડીલોનું સન્માન કેમ નથી કરતી એવો સવાલ ઘણીવાર થાય છે. તેનો જવાબ માત્ર આજના બાળકોમાં સંસ્કાર નથી એવો આપવો સરળ છે. પરંતુ ક્યારેક વડીલોને પણ આત્મમંથન કરવું જોઈએ કે શું આપણે જે સન્માનની અપેક્ષા રાખીએ છીએ, એ જ સન્માન આપણે યુવા પેઢીને આપીએ છીએ? સન્માન એકતરફી ફરજ નથી.

સંબંધમાં સન્માન જોઈએ તો સામેની વ્યક્તિના આત્મસન્માનનું પણ સન્માન કરવું પડે.

યુવા પેઢીની દરેક વાત સાચી હોય એવું નથી અને વડીલોની દરેક વાત ખોટી હોય એવું પણ નથી. પરંતુ સંબંધ ત્યારે જ ટકે જ્યારે બંને પેઢી એકબીજાને સમજવાનો પ્રયાસ કરે. અને જીવનનો સૌથી મોટો ન્યાય સમય કરે છે. જે વ્યક્તિ આખી જિંદગી ઈર્ષ્યા, કપટ, કાવતરાં અને બીજાને દુ:ખ આપીને સંબંધો ચલાવે છે, તે અંતે ભલે બહારથી પોતાને નિર્દોષ સાબિત કરતી રહે, પરંતુ તૂટેલા સંબંધો, એકલતા અને પોતાના જ કર્મોના પરિણામોથી બચી શકતી નથી.

બીજાને રડાવીને મેળવેલી જીત ક્યારેય સાચી જીત નથી. વડીલો પાસે જીવનનો અનુભવ છે; હવે એ અનુભવનો ઉપયોગ નવી પેઢીને દબાવવા માટે નહીં, ઘડવા માટે થવો જોઈએ. કારણ કે– આજના વડીલો જેવો વ્યવહાર કરશે, આવતીકાલની પેઢી એ જ વર્તન શીખશે. વડીલો સંસ્કાર આપતા નથી માત્ર–તેઓ પોતાના વર્તનથી સંસ્કારનું જીવંત ઉદાહરણ બને છે.

## સૌથી મોટી અને સૌથી માનવતાવાદી શોધ જો કોઈ હોય તો એ છે – ચંપલ

**વાર્તા**

**પ્રકાશ ટેલર ગોકુલ વિહાર- વાપી**

માણસે જગતમાં ઘણી શોધો કરી. વિમાન શોધ્યું, મોબાઈલ શોધ્યો, ચંદ્ર પર જવાની રીત શોધી. પણ મને તો એમ લાગે છે કે સૌથી મોટી અને સૌથી માનવતાવાદી શોધ જો કોઈ હોય તો એ છે – ચંપલ.

બૂટ પહેરનાર માણસને જોઈને મને હંમેશા દયા આવે છે. બિચારો સવારના પહોરમાં ઊઠીને પહેલાં મોજાં શોધે, પછી પોલિશ શોધે. એટલી મહેનત પછી એ બૂટમાં પગ નાખે ત્યારે એવું લાગે કે જાણે પગને જેલમાં પૂરી દીધો. અને ચંપલ? ચંપલને કંઈ જોઈતું નથી. ન મોજાં, ન પોલિશ. ચંપલ કહે છે – આવો ભાઈ, પગ મૂકો અને ચાલો.

વળી, ચંપલ ને મંદિરમાં જતી વખતે પહેરવી આર્થિક રીતે સલાહભર્યું છે. બૂટ ચોરાય જાય તો મોંઘા પડે. અને ચોર ચંપલ કરતા બૂટને પ્રાથમિકતા આપતો હોય છે. ચંપલ પણ ન ચોરાય એટલા માટે એક ચંપલ મંદિરની એક બાજુ અને બીજી મ

## વાપીમાં ઘરફોડ ચોરીના મુખ્ય આરોપીને કર્ણાટકથી ટ્રાન્સફર વોરંટથી લવાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૨૫ :** વાપી નૂતનનગર વિસ્તારમાં થયેલી દિવસની ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી વલસાડ જિલ્લા પોલીસે આંતરરાજ્ય ચોર ટોળકીના બે ઈસમોની ધરપકડ કરી છે.

ગત તા. ૦૪/૦૨/૨૦૨૬ના રોજ નૂતનનગર ફલેટ નંબર-૩૦૨, એ વિંગ, રાધાકૃષ્ણ એપાર્ટમેન્ટ, આયુષ હોસ્પિટલની પાસે, નૂતનનગર, તા. વાપી ખાતે બે અજાણ્યા ઈસમોએ ફરિયાદીના મકાનના મુખ્ય દરવાજા આગળ મારે લોખંડની ગ્રીલવાળા દરવાજાના નકુચા કોઈ હથિયાર વડે તોડી મકાનમાં પ્રવેશ કરી ઘરમાં રાખેલ લોખંડના કબાટ તથા લાકડાના કબાટના ખાના કોઈ સાધન વડે તોડી કબાટમાં રાખેલ સોનાની ચેન નંગ-૩ કિ. રૂ. ૩૮,૨૦૦ સોનાનું બ્રેસલેટ કિ. રૂ. ૨૦,૫૦૦, સોનાની કાનની બુટ્ટી જોડી નંગ-૨ કિ. રૂ. ૧૩,૫૦૦ સોનાની લગડી (સિક્કો) નંગ-૧ કિ. રૂ. ૨૩,૦૦૦ તથા ચાંદીની પગમાં પહેરવાની પાયલ નંગ-૪ કિ. રૂ. ૧૪,૩૦૦મળી સોના-ચાંદીના દાગીના કુલ્લે કિ. રૂ. ૧,૯૫,૬૦૦ની મત્તાની ચોરી થયેલી હતી. આ અંગે વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયેલ હતો.

આ ગુનાનો ભેદ ઉકેલવા વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા આઇપીએસની સૂચના અને પો.ઇન્સ. એ.યુ.રોજ, એલસીબી વલસાડના માર્ગદર્શન મુજબ એલસીબી વલસાડના પો.સ.ઈ. જે.જી.પરમાર તથા એલસીબી સ્ટાફ તથા વાપી ટાઉન પીઆઈ કેવી ઝાલા પો.સ્ટે.ના સર્વેલન્સ સ્કોડના પોલીસ માણસોની અલગ અલગ ટીમો બનાવી ગુનાવાળી જગ્યા તથા આજુબાજુના સીસીટીવી ફૂટેજ મેળવી ટેકનિકલ એનાલીસીસ હાથ ધરવામાં આવેલ. જેમાં બે શંકાસ્પદ ઇસમોની બનાવ સમયે ગુનાવાળી જગ્યાએ અવર જવર જોવા મળેલ અને તે ઇસમોના ફોટોગ્રાફ આધારે તેઓની ઓળખ કરવા ટીમના માણસો ટેકનિકલ એનાલીસીસ તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સ કાર્યરત હતા દરમિયાન એલસીબી વલસાડના પો.સ.ઈ. જે.જી.પરમારની ટીમને મળેલ હકીકત આધારે ઉપરોક્ત દિવસની ઘરફોડ ચોરીમાં રીઢા ચોર અરમાન ઉર્ફે અમન સોની શોકીન ખાન તથા સંજીવકુમાર ઉર્ફે જોની વિશ્નુ નાઓને કર્ણાટક રાજ્યના દક્ષિણ કન્નડ જિલ્લાના મેંગ્લોર નોર્થ પોલીસ સ્ટેશનના કોઈ ગંભીર ગુનામાં અટક કરવામાં આવેલ હોવાની માહિતી મળી આવેલ. જેથી ઉપરોક્ત વાપી ટાઉન પો.સ્ટે.ની દિવસની ઘરફોડ ચોરીના ગુના કામે આરોપીઓની સંડોવણી હોય જેથી આરોપીઓને એલસીબી વલસાડ તથા વાપી ટાઉન પો.સ્ટે. દ્વારા કબજો મેળવી ઉપરોક્ત ઘરફોડ ચોરીના ગુનામાં અટક કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.પકડાયેલ આરોપીઓમાં અરમાન ઉર્ફે અમન સોની શોકીન ખાન, ઉ.વ. ૩૫, રહે. દિલ્હી ,સંજીવકુમાર ઉર્ફે જોની વિશ્નુ, ઉ.વ. ૩૫, રહે. ન્યુ દિલ્હીનો સમાવેશ થાય છે. મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં કુલ ૨૭ ગુના નોંધાયેલા પકડાયેલ આરોપીઓ સામે તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. આ આરોપીઓ સામે મહારાષ્ટ્રમાં ૧૭ અને કર્ણાટકમાં ૧૦ મળી કુલ ૨૭ જેટલા ગુના નોંધાયા હોવાનું બહાર આવ્યું છે. આરોપીઓ અલગ અલગ રાજ્યોમાં ફરીને દિવસના સમયે બંધ મકાનોને નિશાન બનાવી ઘરફોડ ચોરી કરતા હોવાનું સામે આવ્યું છે.

### સાંસદ ધવલભાઈ પટેલની

## ઉમરગામ પાલિકાની ઓચિંતી મુલાકાત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૨૫ :** આજે સાંસદ ધવલભાઈ પટેલે ઉમરગામ નગરપાલિકાની ઓચિંતી મુલાકાત લઈ સ્થાનિક નાગરિકો સાથે સીધો સંવાદ કર્યો હતો. આ દરમિયાન નાગરિકોને પડતી વિવિધ સમસ્યાઓ અને મુશ્કેલીઓ અંગે જાણકારી મેળવી તેમના પ્રશ્નો સાંભળ્યા હતા.

તેમજ નગરપાલિકાના વિવિધ અધિકારીઓ સાથે ચર્ચા કરી નાગરિકોના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ આવે અને નગરપાલિકાની સેવાઓ વધુ સરળતાથી લોકો સુધી પહોંચે તે માટે જરૂરી સૂચનો આપ્યા હતા. આ પ્રસંગે નગરપાલિકાના કાઉન્સિલરો સાથે પણ નાગરિકોની સમસ્યાઓના નિરાકરણ અંગે મહત્વપૂર્ણ ચર્ચા કરવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન નગરપાલિકા પ્રમુખ ખુશબુબેન જાધવ, ભાજપા ઉમરગામ શહેર પ્રમુખ મયંકભાઈ પ્રેસવાલા સહિત સ્થાનિક આગેવાનો અને નગરપાલિકાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વાપી આર.જી.એ.એસ. હાઈ.ના વ્યાયામ શિક્ષકે રાજ્યકક્ષાએ ૧ ગોલ્ડ, બે સિલ્વર જીત્યા

**વડોદરામાં યોજાયેલ લાંબી કૂદમાં પ્રથમ ક્રમે ગોલ્ડ મેડલ, ૪૦૦ મીટર દોડમાં સિલ્વર મેડલ અને ૩ કિ. મી. વોક માં સેકન્ડ ક્રમ પ્રાપ્ત કરી સિલ્વર મેડલ મેળવ્યા**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** તા.૨૨/૧૧/૨૦૨૬ના રોજ 9th ગુજરાત રાજ્ય માસ્ટર્સ ચેમ્પિયનશિપનું આયોજન એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા મુકામે યોજાયો હતો. આ ચેમ્પિયનશિપમાં વલસાડ જિલ્લાના આર.જી.એ.એસ. હાઈસ્કુલ, વાપીના વ્યાયામ શિક્ષક તરીકે ફરજ બજાવતા પિયુષ કુમાર છોટુભાઈ કેપ્ટન ૫૦ ( plus ) વય જૂથમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. લાંબી કૂદમાં પ્રથમ ક્રમ મેળવી ગોલ્ડ મેડલ, ૪૦૦ મીટર દોડમાં દ્વિતીય ક્રમ મેળવી સિલ્વર મેડલ અને ૩ કિ. મી. વોક ( Walk )માં સેકન્ડ ક્રમ પ્રાપ્ત કરી સિલ્વર મેડલ મેળવ્યો હતો. આમંત્રિત મહેમાનઓના વરદ હસ્તે મેડલ તેમજ સર્ટિફિકેટ આપી નવાજવામાં આવ્યા હતાં.

આમ વલસાડ જિલ્લા તથા શાળાનું નામ રોશન કરવા બદલ વલસાડ જિલ્લા રમત - ગમત અધિકારી જી.જી. ગળવી સર તેમજ શાળાના ઇન્ચાર્જ આચાર્ય નીતાબેન ડી. ઠાકોર તથા શાળા પરિવારે પિયુષ કેપ્ટનને અભિનંદન પાઠવ્યા હતાં.

## ગણદેવી પાલિકાના વર્ષોથી ફરજ બજાવતા હંગામી સફાઈ કામદારોને કાયમી કરવાની માંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૨૫ :** ગણદેવી નગરપાલિકામાં છેલ્લા ૧૦ થી ૧૫ વર્ષથી પણ વધુ સમયથી સતત નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા હંગામી સફાઈ કામદારોને કાયમી કર્મચારીનો દરજ્જો આપવા બાબતે ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ અને વાલ્મીકિ સમાજના પ્રમુખ યોગેશભાઈ ઠાકોરભાઈ નિયારણ દ્વારા ગણદેવી નગરપાલિકાના મુખ્ય અધિકારી (ચીફ ઓફિસર) ને લેખિતમાં રજૂઆત કરવામાં આવી છે.

આ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, શહેરની સ્વચ્છતા અને જાહેર આરોગ્ય જાળવવામાં સફાઈ કામદારોની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. આમ છતાં, દોઢ દાયકા જેટલા લાંબા સમયથી એક જ પ્રકારની કામગીરી જવાબદારીપૂર્વક બજાવતા કામદારોને આજદિન સુધી નોકરીની કાયમી સુરક્ષા મળી નથી અને તેઓ હંગામી ધોરણે જ કામ કરી રહ્યા છે. વધુમાં રજૂઆતમાં એવો પણ ગંભીર મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે કે, અગાઉ ૧૦ સફાઈ કામદારોને કાયમી (પરમેનેન્ટ) કરવાના ઓર્ડર આપવામાં આવ્યા હતા અને ૫ વર્ષ પૂર્ણ થયા બાદ તેમને ૧ મહિનાનો પગાર પણ કાયમી ધોરણે ચૂકવવામાં આવ્યો હતો. પરંતુ ત્યારબાદ ફરીથી આ કામદારોને હંગામી ધોરણે પગાર ચૂકવવામાં આવી રહ્યો છે, જે અંગે યોગ્ય ખુલાસો કરવાની માંગ કરવામાં આવી છે. આ રજૂઆત અંતર્ગત તમામ હંગામી સફાઈ કામદારોની સેવા અને નોકરીની વિગતો, ભરતી, હાજરી રજિસ્ટર અને પગાર સંબંધિત તમામ રેકોર્ડની તપાસ કરવા તેમજ ૧૦ થી ૧૫ વર્ષ કે તેથી વધુ સમયથી કામ કરતા કામદારોને સરકારી નિયમો મુજબ કાયમી કરવા માટે યોગ્ય દરખાસ્ત તૈયાર કરી સક્ષમ સત્તાધિકારી સમક્ષ રજૂ કરવા માંગણી કરાઈ છે. અંતમાં, આ રજૂઆત કોઈ વ્યક્તિ કે તંત્ર વિરુદ્ધ નહીં પરંતુ વર્ષોથી મહેનત કરતા કામદારોને ન્યાય અપાવવાના હેતુથી કરાઈ હોવાનું જણાવી, આગામી ૧૫ દિવસની અંદર આ બાબતે યોગ્ય તપાસ કરી લેખિતમાં જવાબ આપવા ચીફ ઓફિસરને વિનંતી કરવામાં આવી છે.

### પાક વળતરની માંગ સાથે મહેશ આહીરની

## ડાંગમાં સાત દિવસની ભૂખ હડતાળ સમેટાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૨૫ :** ડાંગ જિલ્લામાં પાક નુકસાનના વળતરની માંગ સાથે ખેડૂતોના પ્રશ્નોને વાચા આપવા સામાજિક આગેવાન મહેશ આહીર દ્વારા શરૂ કરવામાં આવેલી ભૂખ હડતાળ આજે સાતમા દિવસે સમાપ્ત થઈ હતી. જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા પાક નુકસાનના સર્વેની કામગીરી પૂર્ણ થયાનું મૌખિક આશ્વાસન આપવામાં આવતાં સાત દિવસથી ભૂખ હડતાળ પર બેઠેલા મહેશ આહીરે પારણાં કર્યા હતા.ડાંગ જિલ્લામાં ખેડૂતોને થયેલા પાક નુકસાનનું યોગ્ય વળતર મળે અને ખેડૂતોના પ્રશ્નોનું નિરાકરણ આવે તેવા આશય સાથે મહેશ આહીર છેલ્લા સાત દિવસથી ભૂખ હડતાળ પર બેઠા હતા. આ દરમિયાન ખેડૂતોના પ્રશ્નો અંગે રજૂઆત કરવા મોટી સંખ્યામાં ખેડૂતો આહવા કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા. જોકે, સાત દિવસથી ભૂખ હડતાળ પર બેઠેલા મહેશ આહીરની તબિયત અને તેમની મુલાકાત અંગે જિલ્લા કલેક્ટર તરફથી કોઈ પ્રતિક્રિયા ન મળતાં ખેડૂતો અને સમાજના લોકોમાં નારાજગી જોવા મળી હતી.આ અંગે મહેશ આહીરે આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, ખેડૂતોના ગંભીર પ્રશ્નો અંગે જિલ્લા કલેક્ટરે ઉડાઉ જવાબ આપી પોતાની જવાબદારીમાંથી છટકવાનો પ્રયાસ કર્યો છે. ખેડૂતોના પાક નુકસાન અને વળતર જેવા મહત્વના મુદ્દે તંત્રની ગંભીરતા સામે પણ તેમણે સવાલો ઉઠાવ્યા હતા.

બીજી તરફ, જિલ્લા ખેતીવાડી અધિકારી બાલુભાઈ પટેલ દ્વારા ૩૩ ટકા પાક નુકસાનના સર્વેની કામગીરી પૂર્ણ થઈ હોવાનું મૌખિક આશ્વાસન આપવામાં આવ્યું હતું. સરકાર તરફથી જે નિર્ણય લેવામાં આવશે તે મુજબ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી ખાતરી આપવામાં આવતાં સાત દિવસથી ભૂખ હડતાળ પર બેઠેલા મહેશ આહીરે પારણાં કર્યા હતા.હવે ખેડૂતોને ખરેખર પાક નુકસાનનું વળતર ક્યારે મળશે અને સરકાર દ્વારા કયા ધોરણે સહાયની જાહેરાત કરવામાં આવશે તેવા સવાલો વચ્ચે ખેડૂતોની નજર આગામી સરકારી નિર્ણય પર મંડાઈ છે.

## નોગામામાં બાઈક ડિવાઈડર સાથે અથડાતા એકનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા.૨૫ :** ચીખલી તાલુકાના નોગામા ગામે એક મોટરસાયકલ રાત્રિના સમયે ડિવાઈડર સાથે અથડાતા મોટરસાયકલ ઉપર સવાર ત્રણ ઈસમો માંથી એક ઈસમ ને શરીરે ગંભીર ઈજા થતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાની ઘટના ચીખલી પોલીસ મથકે નોંધાવા પામી છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ખારેલથી ટાંકલ જતા રોડ ઉપર નોગામા ગામની હદમાં આહીરવાસ પાસે હનુમાનજી મંદિર નજીક રાત્રિના પોણા અગિયારેક વાગ્યાના અરસામાં એક વગર નંબરની હીરો સ્પ્લેન્ડર મોટર સાયકલ નો ચાલક હિતેશ ભરતભાઈ પટેલ હળપતિ રહે. ગણદેવા ગામ નાણાંકુઈ ફળિયું તા. ગણદેવી મૂળ રહે. નોગામા ગામ ભૂરી ફળીયા તા. ચીખલી જે તેજસ છનાભાઈ હળપતિઉ.વ. ૨૧ તથા કાર્તિક સાથે ગાડી ઉપર જઈ રહ્યા હતા દરમિયાન હિતેશ હળપતિએ પોતાની સ્પ્લેન્ડર મોટરસાયકલ પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી રોડ વચ્ચે આવેલ ડિવાઈડર સાથે મોટરસાયકલને અથડાવી દેતા આ ત્રણેય જણા મોટરસાયકલ ઉપરથી પડી જતા તેજસ હળપતિને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેમજ શરીરે ઈજા પહોંચતા -થમ સારવાર ખારેલ હોસ્પિટલમાં આપ્યા બાદ વધુ સારવાર અર્થે સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા સવારે સારવાર દરમિયાન તેજસ છનાભાઈ હળપતિ નું મોત નીપજ્યું હતું બનાવ અંગેની ફરિયાદ છનાભાઈ ડાયાભાઈ હળપતિ ના એ ચીખલી પોલીસ મથકે કરતા આગળની વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

## આહવામાં પતિ સામે આડા સંબંધોનો આક્ષેપ કરી પત્નીએ ફરિયાદ નોંધાવી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૨૫ :** ડાંગ જિલ્લાના આહવા તાલુકામાં પારિવારિક વિખવાદ અને કથિત પ્રેમપ્રકરણની એક ઘટના સામે આવી છે. આહવાના ડુંગરી ફળિયામાં રહેતી ૩૭ વર્ષીય મહિલાએ પોતાના પતિ સામે અન્ય સ્ત્રી સાથે સંબંધ રાખવા ઉપરાંત શારીરિક તથા માનસિક પીડા આપવાના આક્ષેપ સાથે ૧૮ નવેમ્બર ૨૦૨૬ના રોજ ડાંગના મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી ન્યાયની માંગ કરી છે.ફરિયાદની વિગતો અનુસાર, લગ્નજીવનના શરૂઆતના વર્ષો શાંતિપૂર્ણ રહ્યા હતા, પરંતુ ૨૦૨૨થી પતિના અન્ય મહિલા સાથેના કથિત સંબંધોને કારણે ઘરમાં અણબનાવ શરૂ થયા હતા. મહિલાનો આક્ષેપ છે કે ત્યારબાદ પતિના સ્વભાવમાં પરિવર્તન આવ્યું હતું અને કોઈ વાતનો વિરોધ કે પૂછપરછ કરવામાં આવે તો અપમાનજનક શબ્દો, ગાળાગાળી તથા મારઝૂડ કરવામાં આવતી હતી. સંતાનના ભવિષ્યની ફિકર અને ઘરસંસારમાં વધી રહેલા મતભેદો વચ્ચે પરિવારને બચાવી રાખવા મહિલાએ અનેક પ્રયત્નો કર્યા હતા, પરંતુ સ્થિતિમાં કોઈ સુધારો ન થતાં આખરે તેમણે પોલીસની મદદ લેવી પડી હતી.પતિ વિરુદ્ધ નોંધાયેલી આ ફરિયાદના આધારે મહિલા ASI સંગીતાબેન સેવરે દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

## ડુંગરી ગામે મકાનમાં છાપો મારી ૩.૩૦ લાખના દારૂ સાથે બુટલેગર ઝડપાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૫ :** વલસાડ એલસીબીની ટીમે વલસાડના ડુંગરી ગામે આવેલા ફળિયામાં મકાનમાં છાપો મારતા ૩.૩૦ લાખના મુદ્દામાં સાથે નામચીન બુટલેગર ની ધરપકડ કરી છે જો કે આ બુટલેગર વિરુદ્ધ ડુંગરી પોલીસ મથકમાં ૨૨ વલસાડ સીટી પારડી વાપી પોલીસ મથકમાં કુલ ૨૫ જેટલા ગુના નોંધાયેલા છે.

વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના મુજબ, LCBના પી.આઈ. એ.યુ. રોઝના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. જે.જી. વસાવા અને તેમની ટીમ વલસાડ જિલ્લા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે વલસાડના ડુંગરી ભરા ફળીયામાં રહેતો લિસ્ટેડ બુટલેગર યોગેશ ઉર્ફે શિવો ભગુભાઈ રડકાભાઈ ઘોડીયા પટેલ (ઉ.વ. ૩૫) પોતાના ઘરે દારૂ સંતાડીને રાખી તેનું વેચાણ કરે છે. જે બાતમીના આધારે પોલીસે છાપો મારતા ઘરમાંથી વ્હિસ્કી, વોડકા અને બિયરની કુલ ૮૫૦ નંગ બોટલ/ટીન ની કિંમત ૩,૩૦,૬૨૭ રૂપિયા એક મોબાઈલ કિંમત ૫૦૦ મળી કુલ ૩,૩૧,૧૨૭ રૂપિયાના મુદ્દા માલ સાથે આરોપીની ધરપકડ કરી હતી.

## નાનાપોંઢામાં છાપો મારી ૩૨.૨૧ લાખના મુદ્દામાલ સાથે ૬ બુટલેગરો ઝડપાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૨૫ :** ગાંધીનગરની સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમેને મળેલી બાતમી આધારે નાનાપોંઢા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા બાલચોંડી કોલક નદી પાસેથી ૩૨.૨૧ લાખના મુદ્દામાલ સાથે ૬ બુટલેગરો ની ધરપકડ કરી છે જ્યારે દારૂ ભરાવનાર દમણ અને વડોદરાના ૪ આરોપી વોન્ટેડ જાહેર કર્યા છે.

ગાંધીનગરની સ્ટેટ મોનિટરિંગ સેલ ની ટીમ વલસાડ જિલ્લાના અંતરીયાળ વિસ્તારમાં પેટ્રોલિંગમાં ફરતી હતી તે દરમિયાન SMCની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે દમણ તરફથી મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો નાનાપોંઢાના રસ્તે ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહ્યો છે.

આ બાતમીના આધારે લ્યએ નાનાપોંઢાથી બાલચોંઢી તરફ જતા માર્ગ પર, કોલક નદી નજીક નારીયેળી ફળિયામાં ઉસ્માન ટીમ્બરની સામે જાહેર રોડ પર વોચ ગોઠવી જાહેર રોડ પરથી ૭૦ પેટી બિયર તેમજ દારૂનો જથ્થો મળી કુલ ૨૮૯ બોટલ કિંમત રૂપિયા ૧૧,૬૮,૦૮૩ રૂપિયા બે વાહનો અને સાત મોબાઈલ મળી કુલ ૩૨,૨૧,૫૮૩ નો મુદ્દામાલ પોલીસે આરોપી હુસેન સુમાભાઈ સંધી – રહેવાસી પાલેજ, જિલ્લો ભરૂચ, ફૈયાઝખાન હુસેનખાન પઠાણ – રહેવાસી પાલેજ, જિલ્લો ભરૂચ, નિર્મ તુળજીભાઈ ચૌધરી – રહે. ધરમપુર, જિલ્લો વલસાડ, પિયુષ મુકેશભાઈ પટેલ, શિવાંગ રણજીતભાઈ પટેલ, રૂત્વિક અનિલભાઈ પટેલ – ત્રણે રહે. ચીખલી-વાંસદા, જિલ્લો નવસારી ને ધરપકડ કરી હતી

દારૂના આંતરજિલ્લા નેટવર્કમાં દારૂ ભરી આપનાર અને મંગાવનાર દમણ તથા વડોદરાના ચાર શખસો માં મયુર સોલંકી ઉર્ફે મયુર પંચાલ – રહે. નાની વાંકડ, દમણ ૨ મિત્તલ પટેલ – રહે. નાની વાંકડ, દમણ, બોસ નામનો શખસ – રહે. -તાપનગર, વડોદરા, અજાણ્યો ઈસમ રહે. ખાનવેલ ખાતે દારૂ ભરેલી ગાડી પહોંચાડવા આવેલો ઈસમ ને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. સમગ્ર મામલે ઝડપાયેલા ૬ અને વોન્ટેડ ૪ મળી કુલ ૧૦ આરોપીઓ વિરુદ્ધ નાનાપોંઢા પોલીસ મથકમાં પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## કલસરથી દારૂ લઈ જતી ચાર મહિલા ઝડપાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૨૫ :** પારડી તાલુકા ના કલસર ગામે જાહેર રસ્તા પરથી ગેરકાયદેસર રીતે વિદેશી દારૂનો જથ્થો લઈ જતી ચાર મહિલાઓને પારડી પોલીસે ઝડપી પાડી હતી પોલીસે ચારેય મહિલાઓના કબજામાંથી દારૂ, વ્હિસ્કી, વોડકા, જિન અને બિયરના કુલ ૯૧૨ બોટલ, પાઉચ તથા ટીન મળી કુલ ૨૨૫.૨૪૦ લિટર દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો જપ્ત કરાયેલા મુદ્દામાલની કિંમત આશરે રૂ.૧.૫૬ લાખ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પારડી પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ પ્રોહિબિશન સંબંધિત ગુનાઓ શોધવા માટે પેટ્રોલિંગમાં હતા. દરમિયાન કલસરમાં ચાર મહિલાઓ ગેરકાયદેસર રીતે દારૂનો જથ્થો સગેવગે કરી રહી હોવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસે બે પંચોને સાથે રાખી ચોકી ફળિયા વિસ્તારમાં બાબભાઈના માચા પાસે જાહેર રસ્તા પર તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન ચાર મહિલાઓ થેલાઓ સાથે શંકાસ્પદ હાલતમાં ઊભેલી જોવા મળતાં પોલીસે તેમને કોર્ડન કરી પૂછપરછ કરતા થેલાઓમાં દારૂનો જથ્થો હોવાનું કબૂલતાં મહિલા પોલીસ કર્મચારીની હાજરીમાં પંચો રૂબરૂ તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન થેલાઓમાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો, પાઉચ તથા બિયરના ટીન મળી આવ્યાં હતાં.

## ગણદેવીનાં દેસાડ ગામે ઝાડી-ઝાંખરામાં આગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૨૫ :** ગણદેવી નાં દેસાડ ગામે રહેણાંક વિસ્તારમાં કચરામાં બુધવાર સવારે આગ લાગી હતી. જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ઘટનાની જાણ થતાં ગણદેવી નગરપાલિકાનું ફાયર ફાયટર ઘટનાસ્થળે ધસી આવ્યું હતું. અને અર્ધા કલાકમાં આગ કાબુમાં લીધી હતી.

ગણદેવી નજીક દેસાડ ગામે રહેતા સોમાભાઈ કારાભાઈ અને રામીબેન સુમનભાઈ હળપતિનાં મકાનો લગોલગ કચરા નાં ઢગલા અને ઝાડી ઝાંખરામાં બુધવાર સવારે ૯ કલાકનાં અરસામાં એકાએક આગ લાગી હતી કે વલસાડના ડુંગરી ભરા ફળીયામાં રહેતો લિસ્ટેડ બુટલેગર યોગેશ ઉર્ફે શિવો ભગુભાઈ રડકાભાઈ ઘોડીયા પટેલ (ઉ.વ. ૩૫) પોતાના ઘરે દારૂ સંતાડીને રાખી તેનું વેચાણ કરે છે. જે બાતમીના આધારે પોલીસે છાપો મારતા ઘરમાંથી વ્હિસ્કી, વોડકા અને બિયરની કુલ ૮૫૦ નંગ બોટલ/ટીન ની કિંમત ૩,૩૦,૬૨૭ રૂપિયા એક મોબાઈલ કિંમત ૫૦૦ મળી કુલ ૩,૩૧,૧૨૭ રૂપિયાના મુદ્દા માલ સાથે આરોપીની ધરપકડ કરી હતી. જોતજોતામાં પવનને પગલે આગ નાં લપકારા વિકરાળ બન્યા હતા.

જેને પગલે લોકો નાં જીવ અધ્ધર થયા હતા. ઘટના અંગે ગણદેવી નગરપાલિકાને જાણ કરાતા ફાયર ફાયટર સાથે લાશકરો ધસી આવ્યા હતા. અને વ્યૂહાત્મક પાણી નો મારો ચલાવી ૩૦મિનિટ માં આગ કાબુમાં કરી હતી. જેને પગલે રહેણાંક મકાનધારકો એ હાશકારો અનુભવ્યો હતો.

### શ્રી.એલ.જી હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલની સિદ્ધિ

## વાપીના વિદ્યાર્થીઓની નેશનલ વોલીબોલમાં પસંદગી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** વાપીની શ્રી.એલ.જી હરિયા મલ્ટીપર્પઝ સ્કૂલના તેજસ્વી સ્ટાર ધોરણ VIII ની કુ. અદિતિ શર્મા અને ધોરણ IXના માસ્ટર સુશાંત સિંગે આ બંનેની નેશનલ કેમ્પ - વોલીબોલ ટુર્નામેન્ટ (U-૧૪ કેટેગરી) માટે પસંદગી થઈ છે, જે મારિડા ભગોદ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, નડિયાદ ખાતે યોજાશે.

તમારી મહેનત, સમર્પણ અને જુસ્સાએ તમને આ સન્માન અપાવ્યું છે. અમને તમારા પર ખૂબ જ ગર્વ છે, સાથે જ કોચ વિજય યાદવનો હૃદયપૂર્વક આભાર, તેમના સતત માર્ગદર્શન, પ્રોત્સાહન અને સહયોગ બદલ. અમારા ચમકતા તારલાઓને કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન એ. કે. શાહ અને મેનેજિંગ ટ્રસ્ટી બિમલ હરિયા અને શાળાના આચાર્ય બીની પૌલ તથા સ્ટાફવતી આશીર્વાદ અને અભિનંદન પાઠવ્યા હતાં.

# અન્ય સમાચારો

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES

Thursday 26, November 2026

## ભાગીદારી નહીં, ભાઈચારો

નેપાળ વિના ભારતના ધામ અને રામ અધૂરા હોય - એમ કહીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઇતિહાસ અને સંસ્કૃતિ બન્ને દેશના મૈત્રી સંબંધને ગાઢ બનાવ્યા છે, ત્યારે નેપાળના વડાપ્રધાન બાલેન્દ્ર શાહે ભારત-નેપાળની મૈત્રીને હિમાલય સાથે સરખાવીને મહાસાગર જેવી વિશાળ હોવાનું કહીને પ્રતિભાવ આપ્યા છે. બન્ને દેશ વચ્ચેના સંબંધમાં આવેલી કડવાશ હવે દૂર થયાના, થવાના સ્પષ્ટ સંકેત છે. પાડોશી પહેલા સગાના નિયમ અનુસાર ભારતની વિદેશનીતિમાં પણ પાડોશી-પ્રથમ છે. હવે નેપાળમાં સત્તા પરિવર્તન પછી પણ આ દિશામાં આગળ વધીને પાડોશી દેશની સાર્વભૌમિકતાના સન્માન સાથે વ્યૂહાત્મક સંબંધ-ભાગીદારી જ નહીં, ભાઈચારો ગાઢ બનાવવાની ઈચ્છા નહીં - નિરધાર સ્પષ્ટ દેખાય છે. ભારત-નેપાળના સંબંધ ઐતિહાસિક છે. વિશ્વનું પ્રથમ હિન્દુ રાષ્ટ્ર ઘોષિત થયા પછી રાજાશાહીના સ્થાને લોકશાહી આવી પણ ૨૦૨૫માં યુવાવર્ગ જેન-ઝીનો અસંતોષ-સામૂહિક આક્રોશ અને હિંસાચારમાં પલટાયો અને પ્રણાલિકાગત-ચીલાચાલુ રાજકીય પક્ષોને જનતાએ જાકારો આપી યુવાવર્ગના હાથમાં સત્તા સોંપી. રાષ્ટ્રીય સ્વતંત્ર પક્ષની બહુમતી અને બાલેન્દ્ર શાહે વડાપ્રધાનપદની સત્તા સંભાળી - નેપાળનું નવસર્જન કરવાની જવાબદારી છે. સત્તા સંભાળ્યા પછી એમની પ્રથમ વિદેશયાત્રામાં ભારતની પ્રથમ પસંદગી થઈ અને ફળદાયી છે તે નોંધપાત્ર છે. વડાપ્રધાન મોદીએ નવી-યુવાપેઢીને મળેલા ઐતિહાસિક જનાદેશનો ઉલ્લેખ કરીને - યુવાવર્ગની આશા-અપેક્ષાનો આ પ્રતિઘોષ હોવાનું કહ્યું છે. બાલેન્દ્ર શાહે પણ જવાબમાં કહ્યું કે, નેપાળના યુવાવર્ગ માટે હવે વિકાસના અવસરની નવી દિશાઓ ખૂલશે, નવા બજાર મળશે અને ઉદ્યોગ સાહસિકોને મૂડીરોકાણ સાથે બિઝનેસ વધારવાના માર્ગ ખૂલશે. તાજેતરનાં વર્ષોમાં ભારત-નેપાળના સંબંધમાં તંગદિલી આવી હતી. ભૂતકાળમાં ધરતીકંપ વખતે મોદી સરકારે તાત્કાલિક સહાય અને રાહતકાર્યની ઓફર કરી ત્યારે કેટલાક સ્થાનિક નેતાઓએ વિરોધ અને અસ્વીકાર કર્યો હતો, પણ આ વર્ષે ઓગસ્ટમાં ભારે પૂર આવ્યાં. હજ્જારો જાન ગયા અને ભારે વિનાશક નુકસાન થયું ત્યારે રાહતકાર્ય માટે પહોંચનાર ભારત હતું. આ પછી બન્ને દેશમાં સંબંધ સુધારવાની ઈચ્છા અને આશા હતી. નેપાળના નવા શાસકો યુવાવર્ગનાં સ્વપ્ન સાકાર કરવા સક્રિય છે. નોકરી-ધંધા-રોજગાર પૂરાં પાડવા માગે છે. વિનાશક પૂરના કારણે જાન-માલની પાયમાલી થઈ તેમાં રાહતકાર્ય તથા ટનલમાં ફસાયેલા લોકોને બચાવવા માટે તાત્કાલિક સહાય મોકલી હતી. ૧૪૦ ટન જેટલી રાહત સામગ્રી પહોંચાડી હતી. ભારત સરકારે તારાજ થયેલા વિસ્તારોના નવસર્જન માટે ૩૫૦૦ કરોડ રૂપિયા ગ્રાન્ટ રૂપે અને ૧૦,૫૦૦ કરોડ ક્રેડિટરૂપે આપવાની જાહેરાત કરી છે. અયોધ્યાને જનકપુર સાથે જોડતી રેલવે લાઈનનો લાભ યાત્રિકોને મળશે. ૬૬૯ મે. વોટનો જળવિદ્યુત પ્લોટ તથા લગભગ બે કરોડ લિટર ઓઈલ સ્ટોરેજની વ્યવસ્થા થશે. કંડલા અને પારાદીપ બંદરથી વ્યાપાર-ની સુવિધા અપાશે. નેપાળના નવસર્જન માટે ૧.૬ બિલિયન ડોલર-અર્થાત્ ૨૪ હજાર કરોડ નેપાળી રૂપિયામાં અપાશે. નેપાળના વ્યાપાર, ટ્રાન્ઝિટ અને મૂડીરોકાણમાં ભારત સૌથી મોટું ભાગીદાર છે. ભારતના બજારમાં નેપાળનો માલસામાન જકાતમુક્ત છે. નેપાળની નિકાસના ૮૦ ટકા માલ ભારતમાં આવે છે. હવે આ વ્યાપારમાં ગણનાપાત્ર વધારો થવાની ગણતરી છે. અયોધ્યાથી જનકપુર ટ્રેન શરૂ થતાં ભારત આવતા અયોધ્યા યાત્રીઓ માટે જનકપુરની યાત્રા સરળ બનતાં નેપાળને ટૂરિઝમનો લાભ મળશે.

## દમણગંગા ટાઈમ્સ CORPORATE NEWS

### વારી એનર્જીસે કિવા પીવીઈએલના પીવી મોડ્યુલ સ્કોરકાર્ડની તમામ ટેસ્ટમાં ટોપ પર્ફોર્મર તરીકે સ્થાન મળ્યું

**સુરત, તા. ૨૫ :** ભારતની સૌથી મોટી ઈન્ટિગ્રેટેડ ક્લીન એનર્જી ટ્રાન્ઝિશન કંપની વારી એનર્જીસ લિમિટેડને કિવા પીવીઈએલના પીવી મોડ્યુલ રિલાયબિલિટી સ્કોરકાર્ડની તમામ આઠ ટેસ્ટ કેટેગરીઓમાં ટોપ પર્ફોર્મર તરીકે સ્થાન મળ્યું છે. આ લિસ્ટિંગ નવેમ્બર, ૨૦૨૬ની અપડેટનો ભાગ છે, જે સ્કોરકાર્ડની મે, ૨૦૨૬ની રીલિઝ પછી ચાલુ વર્ષની બીજી એડિશન છે. વારી દુનિયાભરના સાત ઉત્પાદકો પૈકીની એક છે, જેનું ઓછામાં ઓછું મોડલ ટાઇપ દરેક પરીક્ષણ થયેલી કેટેગરીમાં ટોપ પર્ફોર્મર તરીકે લિસ્ટ થયું છે. સોલર મોડ્યુલની વિશ્વસનિયતા અને કામગીરીનું પરીક્ષણ કરતી સ્વતંત્ર લેબ કિવા પીવીઈએલનું એનો સ્કોરકાર્ડ રીલિઝ કરવાનું પ્રથમ વર્ષ છે. નવેમ્બરની અપડેટમાં ૪૮ ઉત્પાદકો અને ૩૧૧ મોડલ ટાઇપ ટોપ પર્ફોર્મર તરીકે શામેલ છે.વારીનાં લિસ્ટિંગમાં એની બીઆઈએન અને ડબલ્યુએમએન પ્રોડક્ટ પરિવારોની ૧૮ મોડ્યુલ સીરિઝને આવરી લેવામાં આવી છે.

# મોદી કેબિનેટે રૂ. ૧૯,૯૩૪ કરોડના ૫ પ્રોજેક્ટને મંજૂરી

**ચીન પરની આયાત નિર્ભરતા ઘટાડવા ૧૧ હજાર કરોડની યોજના; આસામમાં નવું એરપોર્ટ, તમિલનાડુમાં કન્ટેનર ટર્મિનલ અને પોસ્ટલ સેવાઓનું આધુનિકીકરણ થશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૫ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં દેશના માળખાકીય વિકાસ અને ઔદ્યોગિક ક્ષેત્રને વેગ આપવા માટે કુલ રૂ. ૧૯,૯૩૪ કરોડના પાંચ મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. આ નિર્ણયોમાં ભારતમાં જ ટનલ બોરિંગ મશીન, ક્રેન અને બુલડોઝર સહિતનાં ભારે બાંધકામ ઉપકરણોનું ઉત્પાદન કરવા માટેની યોજના, તમિલનાડુમાં નવા કન્ટેનર ટર્મિનલનું નિર્માણ, આસામમાં ગ્રીનફિલ્ડ એરપોર્ટ, તેમજ પોસ્ટલ સેવાઓ અને સરકારી મિલકતોના આધુનિકીકરણનો સમાવેશ થાય છે. સરકારના આ નિર્ણયોથી દેશમાં સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન મળવાની સાથે આયાત પરની નિર્ભરતા ઘટાડવા, રોકાણ વધારવા અને રોજગારીની નવી તકો ઊભી થવાની અપેક્ષા છે. કેન્દ્રીય કેબિનેટે કન્સ્ટ્રક્શન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર મશીનરીના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૧૧,૦૦૦ કરોડની યોજનાને મંજૂરી આપી છે. આ યોજના આગામી આઠ વર્ષ સુધી અમલમાં રહેશે. હાલમાં ભારતની જરૂરિયાતનાં અંદાજે ૪૫ ટકા બાંધકામ ઉપકરણો વિદેશમાંથી આયાત કરવામાં આવે છે. આ આયાત નિર્ભરતા ઘટાડવા માટે ટનલ બોરિંગ મશીન, એક્સકેવેટર, ક્રેન અને બુલડોઝર સહિત સાત શ્રેણીનાં ભારે ઉપકરણોનું દેશમાં જ ઉત્પાદન કરવામાં આવશે. આ ઉપરાંત એન્જિન અને હાઈડ્રોલિક સિસ્ટમ સહિત પાંચ મુખ્ય ઘટકોના સ્થાનિક ઉત્પાદનને પણ પ્રોત્સાહન આપવામાં આવશે. મશીનોના પરીક્ષણ માટે ARAIને રૂ. ૩૭૫ કરોડની ગ્રાન્ટ આપવામાં આવશે. આ યોજનાથી અંદાજે રૂ. ૨૧,૦૦૦ કરોડનું રોકાણ આવવાની અપેક્ષા છે. કેબિનેટે તમિલનાડુના કામરાજાર પોર્ટ લિમિટેડ ખાતે બીજા કન્ટેનર ટર્મિનલના નિર્માણને પણ મંજૂરી આપી છે. પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ (PPP) મોડલ હેઠળ તૈયાર થનારા આ પ્રોજેક્ટ પાછળ રૂ. ૪,૨૮૮.૨૬ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. આશરે ૯૦૦ મીટર લાંબું આ ટર્મિનલ બે તબક્કામાં વિકસાવવામાં આવશે. તેની વાર્ષિક હેન્ડલિંગ ક્ષમતા ૨૦ લાખ ટીઈયુ રહેશે. આ ટર્મિનલ મોટા કન્ટેનર જહાજોને સંભાળવામાં સક્ષમ બનશે. પ્રોજેક્ટથી આશરે ૧,૫૫૦ લોકોને રોજગારી મળવાની સંભાવના છે. આ પ્રોજેક્ટનો સંપૂર્ણ ખર્ચ ખાનગી ભાગીદારો દ્વારા ઉઠાવવામાં આવશે. ઉત્તર-પૂર્વ ભારતના હવાઈ જોડાણને મજબૂત બનાવવા માટે આસામના સિલચર નજીક ડોલૂ ખાતે નવા ગ્રીનફિલ્ડ એરપોર્ટના નિર્માણને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ પાછળ રૂ. ૨,૦૧૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે. નવા એરપોર્ટમાં ૧૨,૩૫૧ ચોરસ મીટર વિસ્તારમાં આધુનિક ટર્મિનલ બનાવવામાં આવશે. તે પીક અવર્સ દરમિયાન ૮૦૦ મુસાફરોને સંભાળી શકશે. એરપોર્ટ પર A-320 વિમાનો માટે ૨,૭૦૫ મીટર લાંબો રનવે અને એકસાથે છ વિમાનો પાર્ક કરવાની સુવિધા હશે. આ એરપોર્ટ કાર્યરત થતાં દક્ષિણ આસામના બરાક ખીણ વિસ્તાર ઉપરાંત આસપાસનાં રાજ્યોમાં વેપાર, કૃષિ, ઉદ્યોગ અને પ્રવાસન ક્ષેત્રને વેગ મળવાની અપેક્ષા છે. ભારતીય ટપાલ વિભાગની કામગીરીને વધુ આધુનિક, ઝડપી અને કાર્યક્ષમ બનાવવા માટે પોસ્ટલ ઓપરેશન્સ સ્કીમ હેઠળ રૂ. ૧,૧૪૧ કરોડના બજેટને મંજૂરી આપવામાં આવી છે. આ યોજના દ્વારા ટપાલ સેવાઓની કામગીરી અને વ્યવસ્થાપનને વધુ સુદૃઢ બનાવવાનો હેતુ છે.

# રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત



**CBI અને ED તપાસના હાઈકોર્ટના આદેશને રદ કર્યો, નવેસરથી સુનાવણી કરવા નિર્દેશ**

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૫ : કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને કથિત આવક કરતાં વધુ સંપત્તિના મામલે સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત મળી છે. સુપ્રીમ કોર્ટે આ કેસમાં CBI અને ED દ્વારા તપાસ કરાવવાના અલ્હાબાદ હાઈકોર્ટના આદેશને રદ કરીને સમગ્ર મામલે નવેસરથી વિચારણા કરવા હાઈકોર્ટને નિર્દેશ આપ્યો છે. સાથે જ રાહુલ ગાંધીને પણ આ કેસમાં પક્ષકાર બનાવી તેમનો પક્ષ સાંભળવા જણાવ્યું છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે આ મામલે સુનાવણી કરતાં સ્પષ્ટ કર્યું હતું કે સંબંધિત તમામ પક્ષોને સાંભળ્યા બાદ જ આગળનો નિર્ણય લેવામાં આવે. આ નિર્ણયથી રાહુલ ગાંધીને કાનૂની રાહત મળી છે. ઉલ્લેખનીય છે કે ભાજપના કાર્યકર વિઘ્નેશ શિશિરે અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચ સમક્ષ અરજી કરી હતી. અરજીમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે રાહુલ ગાંધીએ અત્યાર સુધી વિદેશ પ્રવાસ પાછળ અંદાજે રૂ. ૯૦ કરોડનો ખર્ચ કર્યો છે, જે તેમની જાહેર કરેલી આવકની સરખામણીએ વધુ છે. આ મામલે ઝ્મૈંઅને ઈડ્ઢ દ્વારા તપાસ કરવાની માગ કરવામાં આવી હતી.

અલ્હાબાદ હાઈકોર્ટના આદેશને રાહુલ ગાંધીએ સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. ૧૭ ઓગસ્ટે થયેલી સુનાવણી દરમિયાન તેમના વકીલ કપિલ સિબ્બલે દલીલ કરી હતી કે હાઈકોર્ટે એકતરફી રીતે આદેશ આપ્યો હતો. ફરિયાદીનો આ મામલા સાથે સીધો સંબંધ ન હોવા છતાં બંધ ચેમ્બરમાં સુનાવણી કરવામાં આવી હતી. વધુમાં, સીલબંધ કવરમાં રજૂ કરાયેલી માહિતી મીડિયામાં લીક થતી હોવાનો પણ તેમણે આક્ષેપ કર્યો હતો.

બીજી તરફ, અરજીકર્તા વિઘ્નેશ શિશિરે રાહુલ ગાંધીની અરજીનો વિરોધ કર્યો હતો. તેમણે દલીલ કરી હતી કે પ્રાથમિક તપાસના તબક્કે કાયદા હેઠળ પ્રસ્તાવિત આરોપીને સાંભળવાની કોઈ જોગવાઈ નથી. CBI તરફથી હાજર થયેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુએ જણાવ્યું હતું કે એજન્સી હાલમાં પ્રાથમિક તપાસ કરી રહી છે અને તપાસ પૂર્ણ થયા બાદ FIR નોંધવા અંગે નિર્ણય લેવામાં આવશે.

**સપા-કોંગ્રેસ વચ્ચે બેઠક વહેંચણીનો વિવાદ વકર્યો**

# "૧૦૦થી ઓછી બેઠકો નહીં" કોંગ્રેસના અલ્ટીમેટમથી યુપીના રાજકારણમાં ગરમાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)

લખનઉ, તા.૨૫ : ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણી પહેલાં સમાજવાદી પાર્ટી (SP) અને કોંગ્રેસ વચ્ચે બેઠક વહેંચણીને લઈને રાજકીય ખેંચતાણ શરૂ થઈ ગઈ છે. બંને પક્ષો વચ્ચે ગઠબંધનને લઈને ચર્ચાઓ ચાલી રહી છે, ત્યારે સમાજવાદી પાર્ટીએ પાંચ બેઠકો પર પોતાના ઉમેદવારો જાહેર કરી દેતાં કોંગ્રેસમાં નારાજગી ફેલાઈ છે. કોંગ્રેસે સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તેને ૧૦૦થી ઓછી બેઠકો સ્વીકાર્ય નથી. આ ઘટનાથી વિપક્ષી ગઠબંધન વચ્ચે તણાવ વધવાની શક્યતા ઊભી થઈ છે.

બેઠક વહેંચણી અંગે બંને પક્ષો વચ્ચે હજુ ચર્ચા ચાલી રહી હતી તે દરમિયાન જ સમાજવાદી પાર્ટીએ પાંચ બેઠકો પર ઉમેદવારો જાહેર કરી દીધા હતા. કોંગ્રેસના નેતા રાજેન્દ્ર પાલ ગૌતમે આ અંગે નારાજગી વ્યક્ત કરતાં કહ્યું હતું કે સપાએ ઉમેદવારો જાહેર કરવામાં ઉતાવળ ન કરવી જોઈતી હતી. તેમણે જણાવ્યું હતું કે બંને પક્ષો વચ્ચે ચર્ચા ચાલી રહી હોય ત્યારે એકતરફી રીતે ઉમેદવારો જાહેર કરવા યોગ્ય નથી. કોંગ્રેસને ગઠબંધનમાં સન્માનજનક બેઠકો મળવી જોઈએ અને ત્રણ આંકડાથી ઓછી બેઠકો સ્વીકાર્ય નથી.

આ વિવાદમાં સહારનપુરના કોંગ્રેસ સાંસદ ઇમરાન મસૂદની નારાજગી પણ મહત્ત્વપૂર્ણ બની છે. બેહટ અને સહારનપુર ગ્રામીણ વિધાનસભા બેઠકો પર કોંગ્રેસ પોતાની દાવેદારી રજૂ કરી રહી હતી. જોકે, સમાજવાદી પાર્ટીએ આ બેઠકો પર પણ પોતાના ઉમેદવારો જાહેર કરી દેતાં ઇમરાન મસૂદ નારાજ થયા હોવાનું સામે આવ્યું છે. ઇમરાન મસૂદે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે તેઓ સમાજવાદી પાર્ટી પાસે બેઠકો માટે ભીખ માગી રહ્યા નથી. તેમના આ નિવેદનથી બંને પક્ષો વચ્ચેનો આંતરિક વિવાદ વધુ ચર્ચામાં આવ્યો છે.

બેઠક વહેંચણીની ચર્ચા દરમિયાન કોંગ્રેસે સમાજવાદી પાર્ટીને ૧૩૦ બેઠકોની યાદી સોંપી હોવાની ચર્ચા છે. બીજી તરફ, સપા તરફથી કોંગ્રેસને માત્ર ૨૬ બેઠકો આપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હોવાના અહેવાલ છે. આટલી મોટી સંખ્યાના તફાવતને કારણે બંને પક્ષો વચ્ચે સહમતી સધાય તે મુશ્કેલ બની રહ્યું છે. કોંગ્રેસના નેતા રાકેશ રાઠોરે પણ ગઠબંધન અંગે તેમની સાથે યોગ્ય ચર્ચા કરવામાં આવતી ન હોવાની નારાજગી વ્યક્ત કરી છે.

# શરદ પવાર એનડીએમાં જોડાશે?

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૨૫ : મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર મોટા રાજકીય ફેરફારની અટકળોએ જોર પકડ્યું છે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદચંદ્ર પવાર)ના વડા શરદ પવાર NDAમાં જોડાઈ શકે છે તેવી ચર્ચાઓ વચ્ચે કેન્દ્રીય મંત્રી રામદાસ અઠાવલે, મહારાષ્ટ્રના મંત્રી છગન ભુજબળ અને શિવસેના (UBT)ના નેતા સંજય રાઉતનાં નિવેદનો સામે આવ્યાં છે. જોકે, શરદ પવાર NDAમાં જોડાશે કે નહીં તે અંગે અત્યાર સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

કેન્દ્રીય મંત્રી રામદાસ અઠાવલેએ દાવો કર્યો છે કે જો શરદ પવાર વર્ષ ૨૦૧૯માં NDA સાથે જોડાયા હોત તો વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમને વર્ષ ૨૦૨૨ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઉમેદવાર બનાવવાનું વિચારી શક્યા હોત. અઠાવલેના જણાવ્યા અનુસાર વડાપ્રધાન મોદી શરદ પવારનું ખૂબ સન્માન કરે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૯માં તેમણે પોતે પણ શરદ પવારને કોમન મિનિમમ પ્રોગ્રામના આધારે NDAમાં જોડાવા માટે અનેક વખત વિનંતી કરી હતી. જોકે, તે સમયે આ રાજકીય પ્રયાસ સફળ થયો નહોતો.

શરદ પવારના NDAમાં જોડાવાની અટકળો વચ્ચે મહારાષ્ટ્રના મંત્રી છગન ભુજબળે પણ પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે વ્યક્તિગત રીતે તેમને એવું લાગતું નથી કે શરદ પવાર NDAમાં જોડાશે. જોકે, પવારના રાજકીય અનુભવ અને અલગ વ્યક્તિત્વનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું કે તેઓ ભવિષ્યમાં શું નિર્ણય લેશે તે અંગે કોઈ ચોક્કસ અનુમાન લગાવી શકાય નહીં.

**શેખ હસીનાની વાપસી પહેલાં અવામી લીગના એલાનથી રાજકીય ગરમાવો**

# બાંગ્લાદેશમાં ૨૭-૨૮ નવેમ્બરે દેશવ્યાપી લૉકડાઉનનું એલાન

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૫

શેખ હસીનાની વાપસી પહેલાં બાંગ્લાદેશમાં ૨૭-૨૮ નવેમ્બરે દેશવ્યાપી લૉકડાઉનનું એલાન, અવામી લીગે મૂકી ૮ મોટી શરતો. બાંગ્લાદેશ ફરી એકવાર રાજકીય અસ્થિરતાના વમળમાં ફસાતું જોવા મળી રહ્યું છે. પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાએ ૧૬ ડિસેમ્બરે સ્વદેશ પરત ફરવાની જાહેરાત કરતાં જ દેશનું રાજકીય વાતાવરણ ગરમાયું છે. તેમની વાપસીના એલાન વચ્ચે શેખ હસીનાની પાર્ટી અવામી લીગે ૨૭ અને ૨૮ નવેમ્બરે સમગ્ર દેશમાં લૉકડાઉનનું એલાન કર્યું છે. એટલું જ નહીં, પાર્ટીએ સરકાર સમક્ષ ૮ મહત્ત્વપૂર્ણ માંગણીઓ પણ રજૂ કરી છે. બીજી તરફ, દેશના વિવિધ વિસ્તારોમાં હિંસા અને વિરોધ પ્રદર્શનોની ઘટનાઓને પગલે રાજકીય સંકટ વધુ ઘેરું બનવાની આશંકા છે. બાંગ્લાદેશના રાજકારણમાં ફરી એકવાર શેખ હસીનાનું નામ કેન્દ્રસ્થાને આવ્યું છે. લાંબા સમયથી ભારત ખાતે નિર્વાસિત જીવન વિતાવી રહેલાં પૂર્વ વડાંપ્રધાને ૧૬ ડિસેમ્બરે બાંગ્લાદેશ પરત ફરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ તારીખ બાંગ્લાદેશના વિજય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. શેખ હસીનાની આ જાહેરાત બાદ અવામી લીગના કાર્યકરો ફરી સક્રિય થયા છે. પાર્ટી દ્વારા મંગળવારે વિવિધ સ્થળોએ મશાલ સરઘસ કાઢવામાં આવ્યું હતું. સાથે જ આગામી દિવસોમાં વિરોધ પ્રદર્શનો વધુ તેજ બનાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. આ રાજકીય ઘટનાક્રમ વચ્ચે અવામી લીગે ૨૭ અને ૨૮ નવેમ્બરે દેશવ્યાપી લૉકડાઉનનું એલાન કરીને સરકાર પર દબાણ વધારવાનો પ્રયાસ કર્યો છે. પાર્ટીની મુખ્ય માગણી શેખ હસીના અને તેના નેતાઓ સામેની કાનૂની કાર્યવાહી પાછી ખેંચવા તથા અવામી લીગ પરનો પ્રતિબંધ દૂર કરવાની છે. શેખ હસીનાએ બાંગ્લાદેશ પરત ફરવાની તારીખ જાહેર કરી હોવા છતાં તેમની વાપસીનો માર્ગ સરળ દેખાતો નથી. બાંગ્લાદેશ સરકારનું કહેવું છે કે શેખ હસીના સામેનો કેસ અને સજા કાનૂની પ્રક્રિયા હેઠળ આવે છે. સરકાર તેમના પ્રત્યાર્પણની માંગ કરી ચૂકી છે અને તેઓ પરત ફરે તો કાયદા મુજબ કાર્યવાહી થઈ શકે છે. શેખ હસીનાની વાપસી અંગે સરકાર અને અવામી લીગ વચ્ચેનો આ વિરોધ આગામી દિવસોમાં વધુ ઉગ્ર બની શકે છે. ખાસ કરીને ૧૬ ડિસેમ્બરની તારીખ નજીક આવતાં દેશની રાજકીય સ્થિતિ પર સૌની નજર રહેશે.

# ભારતમાં દર બેમાંથી એક મહિલા એનિમિયાનો શિકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨૫ : ભારતમાં મહિલાઓના સ્વાસ્થ્યને લઈને ચિંતાજનક હકીકત સામે આવી છે. દેશમાં દર બેમાંથી એકથી વધુ મહિલાઓ એનિમિયા એટલે કે લોહીની ઉણપથી પીડાઈ રહી છે. ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR)ના નવા અહેવાલમાં આ ખુલાસો થયો છે. વર્ષ ૨૦૨૩થી ૨૦૨૫ દરમિયાન હાથ ધરાયેલા સર્વે મુજબ, દેશમાં ૨૦થી ૫૯ વર્ષની આશરે ૫૫ ટકા મહિલાઓ અને ૧૫થી ૪૯ વર્ષની ૫૬ ટકા મહિલાઓ એનિમિયાની સમસ્યાનો સામનો કરી રહી છે. આ આંકડા મહિલાઓના પોષણ અને સ્વાસ્થ્ય અંગે ગંભીર ચિંતા ઊભી કરે છે. ICMRના પોપ્યુલેશન હેલ્થ, એક્ટિવિટી, ડાયટ એન્ડ એન્થ્રોપોમેટ્રી

**અહેવાલ મુજબ દેશમાં ૨૦થી ૫૯ વર્ષની ૫૫ ટકા અને ૧૫થી ૪૯ વર્ષની ૫૬ ટકા મહિલાઓમાં લોહીની ઉણપ**

એસેસમેન્ટ સર્વેમાં દેશના વિવિધ રાજ્યોમાં મહિલાઓના સ્વાસ્થ્ય અને પોષણની સ્થિતિનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. અહેવાલ મુજબ છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ અને પંજાબમાં ૭૦ ટકાથી વધુ મહિલાઓ એનિમિયાથી પીડાતી હોવાનું સામે આવ્યું છે. કર્ણાટકમાં ૨૦થી ૫૯ વર્ષની ૪૮ ટકાથી વધુ મહિલાઓમાં લોહીની ઉણપ જોવા મળી છે. જ્યારે ૧૫થી ૪૯ વર્ષની મહિલાઓમાં આ પ્રમાણ આશરે ૫૦ ટકા છે. દક્ષિણ ભારતનાં પાંચ રાજ્યોની સરખામણીમાં કેરળમાં એનિમિયાની સમસ્યા સૌથી ઓછી જોવા મળી છે. અહીં ૨૦થી ૫૯ વર્ષની ૨૮ ટકા અને ૧૫થી ૪૯ વર્ષની ૨૯ ટકા મહિલાઓ એનિમિયાથી પીડાય છે. બીજી તરફ આંધ્રપ્રદેશમાં સ્થિતિ સૌથી વધુ ચિંતાજનક છે. અહીં બંને વયજૂથની ૬૮ ટકાથી વધુ મહિલાઓ એનિમિયાનો શિકાર છે. તેલંગાણામાં ૨૦થી ૫૯ વર્ષની ૫૧ ટકા અને ૧૫થી ૪૯ વર્ષની ૫૪ ટકા મહિલાઓમાં લોહીની ઉણપ જોવા મળી છે. તમિલનાડુમાં આ પ્રમાણ અનુક્રમે ૫૧.૪ ટકા અને ૫૩ ટકા નોંધાયું છે. મધ્ય ભારતમાં મધ્યપ્રદેશની સ્થિતિ પ્રમાણમાં સારી રહી છે, જ્યાં આશરે ૪૦ ટકા મહિલાઓ એનિમિયાથી પીડાય છે.

# દારૂ ખરીદવા આવનારનું મેડિકલ ચેકઅપ થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

ભોપાલ, તા.૨૫ : મધ્ય પ્રદેશના સાગર જિલ્લામાં પ્રશાસનના એક અનોખા અભિયાનની ચર્ચા જોરશોરથી થઈ રહી છે. સામાન્ય રીતે હોસ્પિટલમાં દર્દીઓની સારવાર માટે ડોક્ટરોની ટીમ જોવા મળે છે, પરંતુ અહીં દારૂની દુકાનોની બહાર જ મેડિકલ ટીમ તૈનાત કરવામાં આવી છે. દારૂ ખરીદવા આવતા નિયમિત ગ્રાહકોનું બ્લડ પ્રેશર, શુગર અને લિવર-કિડની સહિતની સ્વાસ્થ્ય તપાસ કરવામાં આવી રહી છે. પ્રશાસન આ પહેલને સ્વાસ્થ્ય જાગૃતિ અભિયાન ગણાવી રહ્યું છે.

મળતી માહિતી અનુસાર, સાગર જિલ્લાના બંડા વિસ્તારમાં દારૂના સેવન બાદ થયેલી મોતની

**મધ્ય પ્રદેશના સાગર જિલ્લામાં અનોખું અભિયાન; બ્લડ પ્રેશર, શુગર સહિત લિવર-કિડનીની તપાસ શરૂ, બે દિવસમાં ૧૫૦ લોકોના**

ઘટનાઓને પગલે જિલ્લા પ્રશાસને આ અભિયાન શરૂ કર્યું છે. દારૂનું નિયમિત સેવન કરતા લોકોના સ્વાસ્થ્યની સ્થિતિ જાણવા અને તેમને દારૂના નુકસાન અંગે જાગૃત કરવાનો આ અભિયાનનો મુખ્ય હેતુ છે.

કલેક્ટર દિલીપ કુમાર યાદવના નિર્દેશ પર સ્વાસ્થ્ય વિભાગ, આબકારી વિભાગ અને પોલીસની સંયુક્ત ટીમો આ કામગીરીમાં જોડાઈ છે. આબકારી વિભાગ દ્વારા દારૂની દુકાનોના નિયમિત ગ્રાહકોની યાદી તૈયાર કરવામાં આવી છે. તેના આધારે સાગર, બંડા, દેવરી, બીના અને ખુરઈ સહિતના વિસ્તારોમાં મેડિકલ કેમ્પ યોજવામાં આવી રહ્યા છે. દારૂની દુકાનોની બહાર ટેબલ અને ખુરશીઓ ગોઠવીને ડોક્ટરોની ટીમ દ્વારા લોકોની તપાસ કરવામાં આવે છે. આ દરમિયાન બ્લડ પ્રેશર અને શુગરની તપાસ ઉપરાંત લિવરની સ્થિતિ જાણવા LFT તથા કિડનીની સ્થિતિ જાણવા RFT ટેસ્ટ માટે બ્લડ સેમ્પલ લેવામાં આવે છે. મીડિયા અહેવાલો અનુસાર, પ્રશાસને સમગ્ર જિલ્લામાં અંદાજે ૩૦૦ નિયમિત દારૂનું સેવન કરતા લોકોની ઓળખ કરી છે. અભિયાનના શરૂઆતના બે

# યુક્રેન યુદ્ધમાં રશિયાના ૭.૨૦ લાખ સૈનિકો ગુમાવ્યાનો ચોંકાવનારો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)

કીવ, તા.૨૫

રશિયા અને યુક્રેન વચ્ચે ફેબ્રુઆરી ૨૦૨૨થી ચાલી રહેલા યુદ્ધમાં રશિયાને ભારે જાનહાનિ થઈ હોવાનો ચોંકાવનારો દાવો સામે આવ્યો છે. અહેવાલો અનુસાર, અત્યાર સુધીમાં રશિયાના અંદાજે ૭.૨૦ લાખથી વધુ સૈનિકોનાં મોત થયાં છે. આ આંકડાએ આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચા જગાવી છે. સ્વતંત્ર રશિયન મીડિયા સંસ્થાઓએ રશિયાની સરકારી આંકડા સંસ્થામાંથી મળેલા લીક થયેલા ડેટાના આધારે આ અંદાજ તૈયાર કર્યો છે. તેમના વિશ્લેષણ મુજબ, સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં લગભગ ૪.૯૦ લાખ સૈનિકોનાં મોત નોંધાયાં હતાં. ગુમ થયેલા સૈ

# અન્ય સમાચારો

### નૂતન વર્ષ નિમિત્તે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં

## ગાંધીનગરમાં પત્રકાર સ્નેહમિલન સમારોહ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**અમદાવાદ, તા.૨૫ :** મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે નૂતનવર્ષ નિમિત્તે પત્રકાર સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં મુખ્યમંત્રીએ સૌને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિકસિત ભારત અને નશામુક્ત ભારતના સંકલ્પને મિડિયા જગત અને સરકારના સંકલનથી સાકાર કરવાનું આહ્વાન કર્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સરકાર માટે પત્રકારો ક્યારેય અલગ ન હોઈ શકે. સરકાર માટે ટીકા એ ટોનિક સમાન છે. સરકાર અને પત્રકારો વચ્ચે પરસ્પર સંવાદ, સહકાર અને રચનાત્મક અભિગમ લોકશાહીને વધુ મજબૂત બનાવે છે. ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું વડાપ્રધાનનું વિઝન અને નશામુક્ત ભારતનો સંકલ્પ સાકાર કરવા માટે આપણે સૌ સાથે મળીને કાર્યરત રહીએ. વિકસિત ભારતના નિર્માણમાં અહીં ઉપસ્થિત સૌની બેવડી જવાબદારી છે. એક તરફ પોતે કાર્ય કરવાની અને બીજી તરફ સમાજના અન્ય નાગરિકોને પણ આ દિશામાં કાર્ય કરવા માટે પ્રેરિત કરવાની જવાબદારી છે.

વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, મંત્રીમંડળના સભ્યો, ભાજપ પ્રદેશ અધ્યક્ષ અને ધારાસભ્ય જગદીશભાઈ વિશ્વકર્મા ઉપસ્થિતિમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રીના નેતૃત્વમાં રાજ્ય સરકાર અને પત્રકારો ટીમ ગુજરાત તરીકે સાથે મળીને રાજ્યને વધુ મજબૂત બનાવવા કાર્યરત છે. પત્રકારો માત્ર ટીઆરપી માટે નહીં પરંતુ ગુજરાત અને તેના નાગરિકોના હિતમાં સાચી માહિતી લોકો સુધી પહોંચાડવાનું અને સરકારની ભૂલો પ્રત્યે ધ્યાન દોરવાનું અત્યંત જવાબદારીભર્યું માધ્યમ બન્યા છે. કોઈ ક્ષતિ જણાય તો જરૂરથી ધ્યાન દોરવું પરંતુ રાજ્ય કે નાગરિકોના હિતને નુકસાન ન થાય તે રીતે સૌએ સહિયારો પ્રયાસ કરવો જોઈએ.

### નાગરિકોની રજૂઆતો - ફરિયાદોના ઓનલાઈન નિવારણનો

## આજે ઓક્ટોબર મહિનાનો રાજ્ય સ્વાગત યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**અમદાવાદ,તા.૨૫ :** મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દર મહિને યોજવામાં આવતાં રાજ્ય સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત નવેમ્બર-૨૦૨૬નો રાજ્ય સ્વાગત આવતીકાલે ગુરૂવાર, ૨૬મી નવેમ્બરે યોજવામાં આવશે. નાગરિકો આ રાજ્ય સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો ગુરૂવાર, ૨૬મી નવેમ્બરના રોજ સવારે ૮ થી ૧૧ વાગ્યાં દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે. તેઓ, ગુરૂવારે બપોર બાદ રાજ્ય સ્વાગતમાં પ્રત્યક્ષ ઉપસ્થિત રહીને નાગરિકોની આવેલી રજૂઆતો સાંભળશે.

## આજે ગુજરાત વિધાનસભા સચિવાલય ખાતે બંધારણ દિવસની ઉજવણી કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**અમદાવાદ, તા. ૨૫ :** ભારતના બંધારણ સ્વીકારની સ્મૃતિમાં ૨૬મી, નવેમ્બરે સમગ્ર દેશમાં બંધારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાત વિધાનસભા સચિવાલય ખાતે ૨૬મીએ સવારે ૧૦ વાગ્યે વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવશે. જેનો ઉદ્દેશ્ય ભારતીય બંધારણના ઘડવૈયાઓના યોગદાનનું સ્મરણ કરી બંધારણમાં નિહિત ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના મૂલ્યો તથા લોકશાહી પરંપરાઓ પ્રત્યેની પ્રતિબદ્ધતાને વધુ સુદ્રઢ કરવાનો છે.

આ કાર્યક્રમનો પ્રારંભ વિધાનસભા સચિવાલયના પોડિયમ ખાતે બંધારણ પૂજનથી કરવામાં આવશે ત્યારબાદ શાસક પક્ષના ખંડ ખાતે વિવિધ લો કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા તેમને ફાળવવામાં આવેલા વિષયો પર ચર્ચા-પરિસંવાદ કરશે. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી, મંત્રીઓ, ધારાસભ્યો, વિધાનસભા સચિવાલયના અધિકારીઓ કર્મચારીઓ અને વિવિધ લો કોલેજના વિદ્યાર્થીઓ પ્રાધ્યાપકો ઉપસ્થિત રહેશે.

દરમિયાન આવતીકાલે સંવિધાન ગૌરવ દિવસે અમદાવાદ ટાગોરહોલ ખાતે કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં પ્રબુદ્ધ નાગરિક સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

## ગુજરાતના વિભાગોની મુખ્યમંત્રીએ સમીક્ષા શરૂ કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**અમદાવાદ,તા.૨૫ :** સામાન્ય સંજોગોમાં દર વર્ષે ફેબ્રુઆરીના ત્રીજા સપ્તાહના પ્રારંભે ગુજરાત સરકારનું બજેટ સત્ર મળે છે અને તેના બીજા દિવસે રાજ્ય સરકારનું વાર્ષિક બજેટ રજૂ થાય છે. આ સત્ર માર્ચના અંત સુધી ચાલે છે. હવે આ વખતે ડિસેમ્બર-૨૦૨૭માં ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજવાની છે એટલે સરકાર માટે સમાજના તમામ વર્ગોને આકર્ષવા ફૂલ ગુલાબી બજેટ આપવાની ફરજ પડશે. આવી સ્થિતિ વચ્ચે સરકારના વિવિધ વિભાગોમાં ચાલુ વર્ષના બજેટની સ્થિતિ શું છે, બજેટ મુજબનું કામ થયું છે કે કેમ, તે ચકાસવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે વિવિધ વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠકોનો દોર શરૂ કર્યો છે.

મુખ્યમંત્રીએ, ૨૫મીના બુધવારે વિભાગોના વરિષ્ઠ સચિવો અને વિભાગના વડાઓ સાથે શ્રેણીબદ્ધ બેઠકો યોજી હતી. આ અન્વયે તેમણે શિક્ષણ, આરોગ્ય, ગૃહ અને સામાન્ય વહિવટ વિભાગની કામગીરીની વિસ્તૃત સમીક્ષા હાથ ધરી હતી. આ વિભાગોની પ્રવર્તમાન કામગીરી, બજેટના યોજનાકિય લક્ષ્યાંકો સામે થયેલી પ્રગતિ અને સિદ્ધિઓની વિગતો ઝિણવટ પૂર્વક મેળવી હતી અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ તબક્કે મુખ્ય સચિવ એમ.કે.દાસ, મુખ્યમંત્રીના મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા, નાણાં વિભાગ સહિત સંબંધિત વિભાગોના અધિક મુખ્ય સચિવો આ બેઠકોમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

### હવે ઘર ખરીદતા પહેલા ગ્રાહકો બિલ્ડરની 'કુંડળી' જાણી શકશે

## રેરા દ્વારા પ્રોજેક્ટની વિગતો સાથે હવે પ્રમોટરોનો ટ્રેક રેકોર્ડ ચકાસવાની સુવિધા ઉપલબ્ધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**અમદાવાદ, તા.૨૫ :** ગુજરાતમાં ઘરનું ઘર ખરીદવાનું આયોજન કરતા લોકો માટે મહત્વના સમાચાર છે. ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (રેરા) દ્વારા ઘર ખરીદતા ગ્રાહકોના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. હવે પ્રોપર્ટી ખરીદતા પહેલાં બિલ્ડરની સમગ્ર કુંડળી ગ્રાહકોને આંગળીના ટેરવે ઉપલબ્ધ થશે. બિલ્ડરે અગાઉ ક્યા ક્યા પ્રોજેક્ટ્સ બનાવ્યા છે અને તેની સામે ફરિયાદો સહિતની વિગતો જાણી શકાશે. રેરાના આ પગલાંને રિયલ એસ્ટેટ ક્ષેત્રે પારદર્શિતા વધારવા માટે સીમાચિહ્નરૂપ ગણાવાઈ રહ્યું છે.

ગુજરાતના કોઈપણ શહેરમાં પ્રોપર્ટીની ખરીદી કરતા પહેલા સંબંધિત બિલ્ડર કે પ્રમોટરનો સંપૂર્ણ ભૂતકાળ અને કામગીરીનો હિસાબ હવે ગ્રાહક ઘરે બેઠા મોબાઈલ કે કમ્પ્યુટર પર ચકાસી શકશે. આ માટે ગુજરેરા વેબ પોર્ટલ પર દરેક રિયલ એસ્ટેટ પ્રોજેક્ટના પેજ પર પ્રમોટર્સ ટ્રેક રેકોર્ડ નામનું એક નવું જ સેક્શન ઉમેરવામાં આવી રહ્યું છે. આ અલાયદા વિભાગ હેઠળ રાજ્યના ૧૭,૦૦૦થી વધુ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સના પ્રમોટર્સની વિગતો એક જ ક્લિક પર ઉપલબ્ધ થશે. અત્યાર સુધી ઘર ખરીદનારાઓ માટે બિલ્ડરની અગાઉની કામગીરી અને તેની વિશ્વસનીયતા અંગેની સંપૂર્ણ માહિતી મેળવવી મુશ્કેલ હતી. પરંતુ હવે ગુજરેરા પોર્ટલ પર આ માહિતી સરળતાથી મેળવી શકાશે. બિલ્ડર ટ્રેક રેકોર્ડમાં બિલ્ડરે અગાઉ કયા પ્રોજેક્ટ્સનું નિર્માણ કર્યું છે, તેની સામે કઈ ફરિયાદો નોંધાઈ છે, સરકારી નોટિસ આપવામાં આવી છે કે કેમ, કોઈ કાર્યવાહી થઈ છે કે નહીં અને કેટલી પેનલ્ટી ફટકારવામાં આવી છે તેની વિગતો ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત રેરા સંલગ્ન કોઈ કેસ હોય તો તેના જજમેન્ટની વિગતો પણ આ પોર્ટલ પરથી ઉપલબ્ધ થઈ શકશે.

નાગરિકો પ્રોજેક્ટના નામ અથવા રેરા રજિસ્ટ્રેશન નંબરના આધારે સર્ચ કરીને જરૂરી વિગતો મેળવી શકશે. આ સુવિધા ગુજરાત રેરાની સત્તાવાર વેબસાઈટ પર ઉપલબ્ધ છે. ગુજરાત રેરાના આ નિર્ણયથી રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં પારદર્શિતા વધવાની આશા છે. ગુજરાતમાં રિયલ એસ્ટેટ ક્ષેત્ર કૂદકે ને ભૂસકે વધી રહ્યું છે. અમદાવાદ, સુરત, રાજકોટ સહિતના શહેરોમાં ઘરનું ઘર ખરીદવા ગ્રાહકો ભારે રઝળપાટ કરીને ઘર ખરીદવા મરણમૂડી ખર્ચ કરતા હોય છે. જો કે બિલ્ડરના ખરડાયેલા ભૂતકાળને લીધે ગ્રાહકો સાથે ભૂતકાળમાં છેતરપિંડીના કિસ્સાઓ પણ બનતા હતા. રિયલ એસ્ટેટ ક્ષેત્રે ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખીને રેરા દ્વારા બિલ્ડરના ટ્રેક રેકોર્ડની વિગતો પણ જાહેર કરવામાં આવશે. આનાથી ઘર ખરીદતી વખતે માત્રે કાર્પેટ એરિયા, પ્રોજેક્ટ પ્રમોટર, આર્કિટેક્ટ, પ્રોજેક્ટ પ્રોગેસના આધારે નહીં પરંતુ ગ્રાહકનો ભૂતકાળ જાણીને ગ્રાહકોને નિર્ણય કરવો સરળ બનશે.


**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM DIMPLE TO NEW NAME DIMPALBEN ARVINDBHAI PATEL AS PER DOCUMENTS

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY OLD NAME FROM SANA SHEIKH TO NEW NAME SANA SHAHIR SHEIKH AS PER DOCUMENTS



**TMB** Tamilnad Mercantile Bank Ltd. Be a step ahead in life

CIN - L65110TN1921PLC001908

**તમિલનાડ મર્કન્ટાઇલ બેંક લિ.**

આમીર કોમ્પ્લેક્ષ, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી-સિલવાસા રોડ, વાપી-૩૯૬૧૯૧, વલસાડ જિલ્લો, ગુજરાત. આમિ

ઈમેઈલ : vapi@tmb.bank.in, ફોન : ૦૨૬૦-૨૪૨૩૯૯૯, મો. ૮૧૪૧૬૩૩૩૯૯

**સ્થાવર મિલ્કતોની વેચાણ માટે વેચાણ નોટિસ**

**સિક્યુરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ સાથે સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) અધિનિયમ, ૨૦૦૨ની કલમ ૮ (૬) અને ૯ (૧) ની જોગવાઈઓને વંચાણે લેતાં બેંકમાં ગીરો/ચાર્જમાં મૂકેલી સ્થાવર સંપત્તિની હરાજી દ્વારા વેચાણ અંગેની નોટિસ.**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, **મેસર્સ પ્રિન્સ મેન્સ વેર પ્રોપરાઇટર : શ્રી મદનલાલ માંગીલાલ જૈન જે માંગીલાલ જૈનના પુત્ર જામીનદાર : શ્રીમતી પુરન મદનલાલ જૈન જે મદનલાલ માંગીલાલ જૈનના પત્ની** ની સ્થાવર મિલકત જે ગીરો/ચાર્જ તરીકે મુકેલા સુરક્ષીત મીલકતનો રચનાત્મક કબજો તામિલનાડ મર્કન્ટાઈલ બેંક વાપી શાખાનાં અધિકૃત અધિકારીએ લીધો છે; જેનું વેચાણ **"જ્યાં છે, જેમ છે", "જ્યાં છે જે છે" અને "જ્યાં પણ જે કંઈપણ છે"**ના આધાર પર સદર નીચે દર્શાવેલી **તારીખ : ૧૫.૧૨.૨૦૨૬** નીચે દર્શાવેલ **રૂા.૨૦,૬૦,૬૧૩.૭૦ (અંકે રૂપિયા વીસ લાખ સાઇઠ હજાર છસો તેર અને સિત્તેર પૈસા પુરા) [સીસી (391700150950011) - રૂા. ૧૮,૫૪,૯૩૬.૬૩ + ખર્ચાઓ - રૂા. ૨,૦૫,૬૭૭.૦૭ તા. ૩૧-૧૦-૨૦૨૬ મુજબ તામિલનાડ મર્કન્ટાઈલ બેંક લિમિટેડ, વાપી શાખા** જે નીકળતાં બાકી લેણાંની વસૂલાત માટે વેચાણ અર્થે મૂકવામાં આવી છે.

રિઝર્વ કિંમત **રૂા.૨૨,૩૬,૦૦૦/- (અંકે રૂપિયા બાવીસ લાખ છત્રીસ હજાર પુરા)** અને અર્નેસ્ટ મની ડિપોઝીટ **રૂા.૨,૨૩,૬૦૦/- (અંકે રૂપિયા બે લાખ ત્રેવીસ હજાર છસો પુરા)**

| | |
|---|---|
| ઈએમડી ભરવાની અને હરાજીનું સ્થળ | તમિલનાડ મર્કન્ટાઇલ બેંક લિ., આમીર કોમ્પ્લેક્ષ, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી-સિલવાસા રોડ, વાપી-૩૯૬૧૯૧, વલસાડ જિલ્લો, ગુજરાત. ઈ-મેઈલ : vapi@tmb.bank.in, ફોન : ૦૨૬૦-૨૪૨૩૯૯૯, મો. ૮૧૪૧૬૩૩૩૯૯ |
| હરાજી વેચાણની તારીખ અને સમય | ૧૫.૧૨.૨૦૨૬ બપોરે ૦૧.૦૦ કલાકે |
| અપસેટ કિંમત | રૂા.૨૨,૩૬,૦૦૦/- (અંકે રૂપિયા બાવીસ લાખ છત્રીસ હજાર પુરા) |

**સ્થાવર મિલકતનું વર્ણન**

રહેણાંક મિલકતના તમામ ભાગ અને હિસ્સા ફ્લેટ ક્ષેત્રફળ ૯૭૨ ચો. ફૂટ અથવા ૯૦.૩૩ ચો.મી. સુપર બિલ્ટઅર એરીયા ફ્લેટ નં. બી/૬૦૬ ઉપરાંત અવિભાજિત જમીનના હિસ્સા ક્ષેત્રફળ આશરે ૫.૦૦ ચો.મી. અને સીટી સર્વે નં. ૨૫૦૫/બી૬ અને સીટી સર્વે નં. ૨૫૦૫/બી/૭, છઠ્ઠા માળે, પારસમણી કો-ઓપ. હાઉસીંગ સોસાયટી લિ. "હનુમાન મંદિર રોડ" બી-વિંગ, તાલુકો વાપી, જિલ્લો વલસાડ, ગુજરાત રાજ્ય ખાતે સ્થિત ઉપરોક્ત ફ્લેટમાં વાપી નગર પાલિકા ઓફિસ છે, જેનું ઘર નં. ૪/૪૧૧/૧ શ્રી મદનલાલ માંગીલાલ જૈનના નામે છે. ચતુર્સીમા : ઉત્તર : દેસાઈ વાડ રોડ, દક્ષિણ : ફ્લેટ નં. ૬૦૧, પૂર્વ : બિલ્ડીંગ એ, પશ્ચિમ : ફ્લેટ નં. ૬૦૫

**નોંધ: શ્રી મદનલાલ માંગીલાલ જૈન ને મંજૂર કરાયેલ કેડિટ મર્યાદા માટે કોલેટરલ મિલકત સામાન્ય છે (હોમ લોન - ૩૯૧૭૦૦૬૫૦૧૦૦૦૨૦ માટે રૂા. ૨૩,૬૨,૫૬૬.૯૦ તા. ૩૧.૧૦.૨૦૨૬ મુજબ અને વત્તા ખર્ચાઓ રૂા. ૨૬,૭૬૬.૪૫)**

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને સુરક્ષિત લેણદારની વેબસાઈટ એટલે કે (www.tmb.bank.in) માં આપેલી લિંકનો સંદર્ભ લો.

**અધિકૃત અધિકારી,**
**તમિલનાડ મર્કન્ટાઇલ બેંક લીમીટેડ,**
**(વાપી શાખા માટે)**

**સ્થળ : વાપી**
**તારીખ : ૨૫-૧૧-૨૦૨૬**



**TORRENT POWER | DNHDD**

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ, સબસ્ટેશન સામે દર્શાવેલ, વિસ્તારોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૦૮:૦૦ થી સાંજના ૦૭:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | ફીડર | વિસ્તાર |
|---|---|---|---|
| ૩૦/૧૧/૨૦૨૬ સોમવાર | ખડોલી | ૬૬/૧૧ કેવી ખડોલી એસએસ સાથે જોડાયેલા તમામ ગ્રાહકો) | ૬૬/૧૧ કેવી ખડોલી એસએસના તમામ ગામો/વિસ્તારોઃ ખડોલી નવાપાડા, ખડોલી ઔદ્યોગિક એસ્ટેટ, ચીંચપાડા નિમલપાડા, ચીખલી સાવરપાડા, દપાડા, વસોના, પાટી, ચીખલી, ચીંચપાડા, અંબોલી પીએચસી કેમ્પ, અંબોલી ઈન્ડસ્ટ્રીઝ, ટિનોડા, ખડોલી કારભારીપાડા, ખડોલી પટેલપાડા, ખડોલી ચાર રસ્તા, વસોના-દપાડા-ખડોલી ઈન્ડસ્ટ્રીઝ, ડીયર પાર્ક, સાતમાળિયા, અંબોલી મણીપાડા, અંબોલી બંગાળપાડા, અંબોલી ખાડીપાડા, ખડોલી ધોડીપાડા, ખડોલી કરભારીપાડા. **એક્સપ્રેસ ફીડર :** સૂરજ ઈન્ડસ્ટ્રી, મીરા કોટન, હિન્દુસ્તાન યુનિલિવર એક્સપ્રેસ ફીડર કેડીએલ, આઈપીપી (દપાડા), જય કોર્પ (ખડોલી), મેહરા પોલિટેક્સ, ડી. એન. સ્ટીલ, એમ. આઈ. એલોય્સ, જય કોર્પ (વસોણા), દપાડા, આઈટીડબલ્યુ સિગ્રોડ ઈન્ડિયા, બાલાજી કાસ્ટિંગ, શ્રી સિદ્ધિ ઈસ્કાલ્ટ કોર્પ એક્સપ્રેસ ફીડર, બલબીર, વસોના, ટીપીએલ, શ્યામ ઈન્ગોટ્સ (કેડીએલ), ટીસીપીએલ (કેડીએલ), અમિશ્રી, કેઈઆઈ કેબલ, આઈપીપીએલ (ખડોલી), ચતુર્ભુજ એલોય, વૈષ્ણો કાસ્ટિંગ્સ, સિલવાસા બોટલિંગ, નીતિન કાસ્ટિંગ, ખડોલી-૪. ૬૬ કેવી ગ્રાહકો ૬૬ કેવી સનાથન, ૬૬ કેવી સ્ટરલાઈટ (વેદાંતા લિમિટેડ), ૬૬ કેવી સુમિતા, ૬૬ કેવી ડીએનએચ સ્પિનર્સ, ૬૬ કેવી રાજ રેયોન ઈન્ડસ્ટ્રીઝ. |

**અસુવિધા બદલ દિલગીર છીએ**

**આરસીસીબી/ઈએલસીબીનો મોટો લાભ**
**તમારા પરિવારની સુરક્ષાની ખાતરી**

અર્થ લિકેજ સર્કિટ બ્રેકર લગાવો અને સુરક્ષિત રહો

એક નાનકડી ડિવાઈસ તમને વિજળીના ઝટકાથી બચાવશે



**આપની સેવા માં હરહંમેશ હાજર**
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com


### જાહેર નોટીસ

**મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**

જાવક નંબર - ૨૩૯૦/૨૦૨૬
કિ.પ.અ.નંબર - ૧૮૮૩/૨૦૨૬

અરજદાર : નાનુભાઈ છીબુભાઈ પટેલ
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ અને મરણ રજીસ્ટ્રારશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત ડુંગરી, તા.જી.વલસાડ**

સદરહુ કામે અરજદાર **નાનુભાઈ છીબુભાઈ પટેલ** રહે. લિન્ક રોડ, છાપરી ડુંગરી, ડુંગરી તા.જી. વલસાડના માતા નામે **કેશરબેન છીબાભાઈ પટેલનું** મરણ તેમના રહેવાના ઘરે મોજે ડુંગરી, લિન્ક રોડ, છાપરી ડુંગરી તા.જી. વલસાડ મુકામે તા. ૧૧/૦૧/૧૯૯૫ના રોજ થયેલ છે. જેઓની મરણની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ. નંબર ૧૮૮૩/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ જન્મની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા.૨૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું.

જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો.

તા.૨૦/૧૧/૨૦૨૬

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ડેન્ટ, | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી ચીફ જ્યુડી. મેજી. કોર્ટ વલસાડ

### જાહેર નોટીસ

**મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**

જાવક નંબર - ૨૪૦૭/૨૦૨૬
કિ.પ.અ.નંબર - ૧૯૨૦/૨૦૨૬

અરજદાર : સુમનભાઈ મોહનભાઈ પટેલ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ગાડરીયા**

સદરહુ કામે અરજદાર **સુમનભાઈ મોહનભાઈ પટેલ** રહે. દાદરી ફળિયા, ગાડરીયા, વલસાડ, તા.જી. વલસાડના પિતાજી નામે **મોહનભાઈ પરાગભાઈ પટેલનું** મરણ તેમના ગાડરીયા, તા.જી. વલસાડ મુકામે તા.૦૧/૦૨/૧૯૮૬ના રોજ થયેલ છે. જેઓની મરણની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ. નંબર ૧૯૨૦/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ જન્મની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા.૨૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું.

જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો.

તા.૨૦/૧૧/૨૦૨૬

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ડેન્ટ, | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી ચીફ જ્યુડી. મેજી. કોર્ટ વલસાડ

### જાહેર નોટીસ

**મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**

જાવક નંબર - ૨૭૦૮/૨૦૨૬
કિ.પ.અ.નંબર - ૧૯૪૩/૨૦૨૬

અરજદાર : ગીતાબેન કાંતીલાલ પટેલ
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી, ડુંગરી**

સદરહુ કામે અરજદાર **ગીતાબેન કાંતીલાલ પટેલ** રહે. કરદીવા લક્ષ્મણ સ્ટ્રીટ, માલવણ, તા.જી. વલસાડના પુત્ર નામે **પટેલ અશીતકુમાર કાન્તીલાલનો** જન્મ ડુંગરી, તા.જી. વલસાડ મુકામે તા. ૨૧/૦૬/૧૯૮૭ના રોજ થયેલ છે. જેઓની જન્મની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ. નંબર ૧૯૪૩/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ જન્મની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા.૨૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું.

જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો.

તા.૨૦/૧૧/૨૦૨૬

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ | મુકાબલ કરનાર સહી/- સુપ્રિટેન્ડેન્ટ, | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રારશ્રી ચીફ જ્યુડી. મેજી. કોર્ટ વલસાડ

### જાહેર નોટીસ

**મે. ઉમરગામના એડી. ચીફ જ્યુડિ. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. ઉમરગામ**

ફો.પ.અ.નં.૪૨૫/૨૦૨૬

અરજદાર : શાંતીબેન અર્જુનભાઈ બારીયા
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી, નારગોલ તા.ઉમરગામ, જી.વલસાડ**

**-: જાહેર નોટીશ :-**

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના પુત્રી નામે **ઉર્મીલા દશરત બારી**નો જન્મ તારીખ ૧૬/૦૪/૧૯૭૦ના રોજ નારગોલ, તા.ઉમરગામ, જી.વલસાડ મુકામે થયેલાની નોંધ સરકારી દફ્તરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

સદરહુ અરજીની સુનાવણી તારીખ ૧૧/૦૧/૨૦૨૭ના રોજ ૧૧:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમોને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો.

આજ રોજ તા.૨૫ માહે નવેમ્બર સને ૨૦૨૬નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર સહી/- આસિસ્ટન્ટ એડી. સીની. સિવિલ જજ | મુકાબલ કરનાર સહી/- આસિસ્ટન્ટ એડી. સીની. સિવિલ જજ | કોર્ટનો સિક્કો | હુકમથી સહી/- રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ, ઉમરગામ

### UT ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU

**Public Works Department**
**NOTICE INVITING TENDER**
**Expansion of Education Hub at Tokarkhada High School & Higher Secondary School DNH**

| | |
|---|---|
| On line downloading start of tender documents | 23.11.2026 @ 18.30 Hrs |
| * Pre-bid meeting | 01.12.2026 @ 11.30 A.M. hrs |
| Last date & Time for Receipt of Bid/Uploading Bid | 18.12.2026 @ 14.00 Hrs |
| Online Opening of Technical Bid | 18.12.2026 @ 16.00 Hrs |
| On line opening of Price Bid | 18.12.2026 @ 16.30 hrs. (if possible) |

For details please scan dnhtenders.nic.in e-bldg.dnh@ddd.gov.in 0260 2642350

**ID.No. 2026_UTDNH_8340_1**

**I/c. Executive Engineer, (PC) P.W.D., DNH, Silvassa**
**No.4-1(1)/WCD.I/E-Ten./2026-27/802 Dtd.23/11/2026**
**NO.: IP/DMN/2/5/2026-27/668 DATED : 25/11/2026**

### જાહેર નોટીસ

**મહેરબાન વલસાડના જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં,**

જાવક નંબર - ૨૪૦૨/૨૦૨૬
કિ.પ.અ.નંબર - ૧૮૦૭/૨૦૨૬

અરજદાર : અલ્લારખી સુલેમાન શેખની પુત્રી તે મજીદ ખલીફાની પત્ની
**વિરુધ્ધ**
**સામાવાળા : જન્મ અને મરણ નોંધણી અધિકારીશ્રી ગ્રામ

આપનું અખબાર : આપનો અવાજ DGT

# વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

● સલવાવ ● બલીઠા ● છરવાડા ● છીરી ●મોરાઈ ●કુંતા ● વટાર ● નામધા ● ચંડોર, ● કરવડ ● ચણોદ

## વાપીને ડિસેમ્બરમાં બે મોટી ટ્રાફિક સમસ્યામાંથી મુક્તિ મળશે

### જે-ટાઈપ ઓવરબ્રિજનું ૧૫ ડિસેમ્બરે લોકાર્પણ, જૂના ફાટક પાસેનો અંડરબ્રિજ ૩૧ ડિસેમ્બરે ખુલ્લો મુકાશે

### નાણામંત્રી કનુભાઈ દેસાઈની જાહેરાતથી સ્થાનિકો અને વાહનચાલકોમાં ખુશી, વાપી-દમણની અવરજવર સરળ બનશે



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** વાપી જીઆઈડીસીના જે-ટાઈપ વિસ્તારમાં રૂા. ૫૦ કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામી રહેલા રેલવે ઓવરબ્રિજની કામગીરી અંતિમ તબક્કામાં પહોંચી છે. આગામી ૧૫ ડિસેમ્બરે આ ઓવરબ્રિજ વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવશે. જ્યારે જૂના રેલવે ફાટક પાસે નિર્માણ પામી રહેલો નવો અંડરબ્રિજ ૩૧ ડિસેમ્બરે ખુલ્લો મૂકવામાં આવશે. રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ વાપીમાં યોજાયેલા ભાજપના સ્નેહમિલન સમારોહ દરમિયાન આ જાહેરાત કરી હતી.

જે-ટાઈપ ઓવરબ્રિજ શરૂ થતાં નેશનલ હાઈવે નં. ૪૮ પરથી વાપી જીઆઈડીસીના જે-ટાઈપ થઈ નામધા રિંગરોડ મારફતે વાપી ટાઉન તેમજ સંઘપ્રદેશ દમણ તરફની અવરજવર સરળ બનશે. બીજી તરફ જૂના રેલવે ફાટક પાસે અંડરબ્રિજ શરૂ થતાં પૂર્વ અને પશ્ચિમ વિસ્તાર વચ્ચે અવરજવર કરતાં રાહદારીઓ અને વાહનચાલકોને પણ મોટી રાહત મળશે. હાલમાં ઓવરબ્રિજના જે-ટાઈપ તરફ એક અને રિંગરોડ તરફ બે આર.સી.સી. બ્લોક બનાવવાની કામગીરી બાકી છે. જે ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહી છે. બ્રિજ પરના માર્ગનું કામ તેમજ રિંગરોડની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. જ્યારે બ્રિજની નીચે સર્વિસ રોડ બનાવવાની કામગીરી પી.ડબ્લ્યુ.ડી. વિભાગ દ્વારા ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે.

વાપી ટાઉનમાં ભારે વાહનો સહિત અન્ય વાહનોના વધતા ટ્રાફિકને કારણે સર્જાતી સમસ્યામાં આ બંને પ્રોજેક્ટ શરૂ થયા બાદ નોંધપાત્ર ઘટાડો થવાની આશા છે. ખાસ કરીને નેશનલ હાઈવે નં. ૪૮ પરથી સીધા ઓવરબ્રિજ મારફતે રિંગરોડ થઈ વાપી ટાઉન અને દમણના ઔદ્યોગિક તથા શહેરી વિસ્તારોમાં જતાં વાહનોને વૈકલ્પિક માર્ગ મળશે. લાંબા સમયથી આ બંને પ્રોજેક્ટની રાહ જોઈ રહેલા સ્થાનિકો અને વાહન ચાલકો માટે ડિસેમ્બરમાં ઓવરબ્રિજ અને અંડરબ્રિજ ખુલ્લા મૂકવાની જાહેરાત કરવામાં આવતા લોકો માટે મોટી રાહત થશે.

## વાપી જાયન્ટ્સ ગ્રુપનું ૧૮ એવોર્ડથી સન્માન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** સુરત ખાતે જાયન્ટ્સ ગ્રુપ ઓફ સુરત સિલ્ક સિટી દ્વારા જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશનની બીજી મલ્ટી યુનિટ કોન્ફરન્સ અને કન્વેન્શન-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાપીથી ખંભાત સુધીના વિવિધ જાયન્ટ્સ ગ્રુપના હોદેદારો અને સભ્યોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં જાયન્ટ્સના ડેપ્યુટી વર્લ્ડ ચેરમેન પી.વી. જોશીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપી તરફથી પ્રમુખ રિતેશ રાવલ, એસ.સી.એમ. બાલકૃષ્ણ શેટ્ટી, ડી.એ. ખ્યાતિ રાવલ, ડી.એફ. રજની શેટ્ટી, ભૂતપૂર્વ પ્રમુખ હિરેન ગોર સહિત સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં. કોન્ફરન્સમાં વર્ષ ૨૦૨૬ દરમિયાન કરવામાં આવેલી સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ બદલ જાયન્ટ્સ ગ્રુપ ઓફ વાપીને વિવિધ કેટેગરીમાં કુલ ૧૮ એવોર્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યું હતું. ગ્રુપની ૨૫ વર્ષની સિલ્વર જ્યુબિલી સફરમાં આ સિદ્ધિ ગૌરવરૂપ બની છે.

ગ્રુપ દ્વારા વર્ષ દરમિયાન આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ અને જરૂરિયાતમંદોને સહાય સહિતના ક્ષેત્રોમાં ૨૦ જેટલા સેવાકીય પ્રોજેક્ટો હાથ ધરવામાં આવ્યા હતાં. સાથે જ સભ્ય સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો હતો. ગ્રુપના પ્રમુખ રિતેશ રાવલે જણાવ્યું હતું કે, ૧૮ એવોર્ડ સમગ્ર ટીમની એકતા, સમર્પણ અને સેવાભાવનાનું પરિણામ છે.

## વાપી મનપા વિસ્તારમાં વસ્તી ગણતરીના બીજા તબક્કાની તૈયારી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** વાપી મહાનગરપાલિકા વિસ્તારમાં વસ્તી ગણતરીના બીજા તબક્કાની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આગામી ૧૦ જાન્યુઆરી ૨૦૨૭થી વસ્તી ગણતરીની કામગીરી શરૂ થશે. આ કામગીરી માટે અંદાજે ૯૦૦ જેટલા કર્મચારીઓની ટીમ તૈનાત કરવામાં આવશે. જે ઘરે-ઘરે જઈ ડિજિટલ પદ્ધતિથી પરિવારોની માહિતી એકત્રિત કરશે. વસ્તી ગણતરીના કાર્યક્રમ મુજબ, ૧૦થી ૨૪ જાન્યુઆરી ૨૦૨૭ દરમિયાન નાગરિકોને ઓનલાઈન સ્વ-ગણતરી કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. ત્યારબાદ ૨૫ જાન્યુઆરીથી ૨૮ ફેબ્રુઆરી સુધી ગણતરી માટે નિયુક્ત ૯૦૦ જેટલા કર્મચારીઓ ઘરે-ઘરે જઈ દરેક પરિવારની વિગતો ડિજિટલ માધ્યમથી નોંધશે. વસ્તી ગણતરી દરમિયાન દરેક પરિવારને અંદાજે ૪૦ જેટલા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. ઉલ્લેખનીય છે કે વાપી મહાનગરપાલિકાની હદમાં નવા સમાવિષ્ટ થયેલા ૧૧ ગામોનો પણ આ વસ્તી ગણતરીમાં સમાવેશ કરવામાં આવશે. જેના પરિણામે પ્રથમ વખત વિસ્તૃત મહાનગરપાલિકા વિસ્તારની વસ્તી અને ભૌગોલિક વિસ્તારની વાસ્તવિક સ્થિતિનો અંદાજ મેળવી શકાશે. આ ગણતરી વાપી શહેરના ભાવિ આયોજન, શહેરી વિકાસ અને સુવિધાઓના આયોજન માટે પણ મહત્ત્વપૂર્ણ સાબિત થશે.

## વાપી ગુંજનમાં જર્જરિત મકાનો ઉતારી નહીં લેવાય તો હોનારતની ભીતિ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** વાપી ગુંજન નોટીફાઇડ વિસ્તારમાં આવેલા કેટલાંક જર્જરિત મકાનો હવે મોટી હોનારતને આમંત્રણ આપી રહ્યા છે.

લાયન્સ બ્લડ બેંકના પ્રવેશદ્વાર પાસે અને આજુબાજુ આવેલા આ મકાનો વાહન ચાલકો અને રાહદારીઓ માટે ખૂબ જ જોખમી બની ગયા છે. આ મકાનોની દિવાલોમાં તિરાડો પડી ગઈ છે, પ્લાસ્ટર ખરી રહ્યું છે અને છતના ભાગો કોઈપણ સમયે ધરાશાયી થાય તેવી સ્થિતિમાં છે.

### લાયન્સ બ્લડ બેંક પ્રવેશ દ્વાર પાસે અને આજુબાજુ કેટલાંક મકાનો વાહન ચાલકો અને રાહદારીઓ માટે જોખમી

જાણવા મળ્યા મુજબ આ જર્જરિત મકાનો ખાલી કરી દેવાયા છે. પરંતુ તંત્રએ માત્ર નોટિસ ચોંટાડીને સંતોષ માની લીધો છે. મકાનો ઉતારી લેવા માટે કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી. જેના કારણે રોજ આ રસ્તા પરથી પસાર થતાં હજારો લોકોના જીવ તાળવે ચોંટ્યા છે.

લાયન્સ બ્લડ બેંકમાં રોજ દર્દીઓના સગા, દાતાઓ અને કર્મચારીઓની અવરજવર રહે છે. ઉપરાંત આ ગુંજનનો રહેણાંક વિસ્તાર છે તેમજ વાહનોની પણ અવરજવર રહે છે.

જો આ મકાનનો કોઈ ભાગ તૂટી પડે તો મોટી જાનહાની થઈ શકે છે.

સ્થાનિક લોકોની માંગ છે કે, કોઈ દુર્ઘટના બને તે પહેલા તંત્ર જાગે અને આ જર્જરિત મકાનો તાત્કાલિક ઉતારી લેવામાં આવે.

### વલસાડ જિલ્લાના વાહન ચાલકો સતર્ક રહે

## હવે હાઈવે પર ઈ-ડિટેક્શન સિસ્ટમ ખાનગી વાહનો માટે પણ કાર્યરત

### કાર, મોટરસાઈકલ અને અન્ય સફેદ નંબર પ્લેટ ધરાવતા વાહનો ચાલકોના પીયુસી, રજીસ્ટ્રેશન જેવા દસ્તાવેજોની તપાસ કરવામાં આવશે

**વાપીના વાવડ**
મુકુંદ સોની

ગુજરાત રાજ્યમાં વાહનોના જરૂરી દસ્તાવેજો માન્ય છે કે નહીં તેની તપાસ કરવા માટે હાઈવે પર ઈ-ડિટેક્શન સિસ્ટમ દ્વારા અત્યાર સુધી કોમર્શિયલ વાહનો જેમ કે ટ્રક, બસ અને માલવાહક વાહનોના દસ્તાવેજોની તપાસ કરવામાં આવતી હતી.

પરંતુ, હવે માર્ગ સલામતિને ધ્યાનમાં રાખી ઈ-ડિટેક્શન સિસ્ટમ ખાનગી વાહનો માટે પણ કાર્યરત થનાર છે. જે અંતર્ગત ખાનગી વાહનો જેવા કે કાર, મોટરસાઈકલ અને અન્ય સફેદ નંબર પ્લેટ ધરાવતા વાહનોના દસ્તાવેજોની તપાસ કરવામાં આવશે. આવા સંજોગોમાં વલસાડ જિલ્લાના વાહન ચાલકો એ પણ આ મામલે સતર્ક થઈ જરૂરી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. ખાસ કરીને ખાનગી વાહનચાલકોએ પોતાના વાહનના તમામ જરૂરી માન્ય દસ્તાવેજો અદ્યતન રાખવા અપીલ કરવામાં આવી છે. દસ્તાવેજો અમાન્ય જણાશે તો ઈ-ડિટેક્શન સિસ્ટમ દ્વારા ચલણ ઈશ્યુ કરવામાં આવશે.

### ઈ-ડિટેક્શન સિસ્ટમ આ રીતે રીતે કામ કરશે

હાઈવે પરથી પસાર થતા વાહનોની નંબર પ્લેટ કેમેરા દ્વારા વાંચવામાં આવશે. ત્યારબાદ સિસ્ટમમાં વાહનના નંબરના આધારે તેના દસ્તાવેજોની વિગતો તપાસવામાં આવશે. જો કોઈ જરૂરી દસ્તાવેજની સમયમર્યાદા પૂરી થઈ ગઈ હશે અથવા તે માન્ય નહીં હોય, તો નિયમ મુજબ વાહનચાલકને ઈ-ચલણ મોકલવામાં આવશે.

### વાહનચાલકોએ આ બાબતોનું ધ્યાન રાખવું પડશે

ઈ-ડિટેક્શન શરૂ થાય તે પહેલાં દરેક વાહનમાલિકે પોતાના વાહનનું પ્રદૂષણ નિયંત્રણ પ્રમાણપત્ર માન્ય હોવું જોઈએ. વાહનનો વીમો ચાલુ અને માન્ય હોવો જોઈએ, વાહનનું રજિસ્ટ્રેશન માન્ય હોવું જોઈએ.

### વાપીનો નવો વિકાસ નકશો જાહેર થયો, પણ ટીપીનો ઝડપી અમલ જરૂરી

વાપી મનપા બન્યા બાદ હવે વાપી મનપામાં ભળેલા ૧૧ ગામોમાં સુવિધાઓ વધારવા વિકાસ નકશો તૈયાર કરવામાં આવ્યો છે. ૧૧ ગામોના ડીપીમાં હવે અહીં રહેણાંક અને કોમર્શિયલ નવા પ્લાનો આવશે. પણ ૪૦ ટકા જમીન કપાતની અસર અત્યારથી જ વર્તાવા માંડી છે. અનેક જમીનના સોદા રદ થયા છે, જેને લઈ બિલ્ડરો અને ડેવલોપરો મૂંઝવણમાં છે. હાલ વાપીના રિયલ એસ્ટેટમાં મંદીનો માહોલ છે. ભવિષ્યમાં વાપી નજીકના ગામોમાં નવા બાંધકામના પ્રોજેક્ટોના કારણે વસ્તીમાં વધારો થશે. પરંતુ અહીં નવા વિકાસ પામનાર મિલકતોના ભાવોમાં પણ વધારો થશે.

વાપી મનપાના નવા વિકાસ નકશાથી હવે નવી લાઇનદોરી સાથે જમીન માલિકોને પોતાની જગ્યા અંગે સ્પષ્ટતા થશે. પહેલા ગામોમાં પંચાયતના સહી-સિક્કા અને ઠરાવથી બાંધકામના પ્રોજેક્ટોને મંજૂરી મળતી હતી, જેથી સ્થાનિક કક્ષાએ મોટા ભાગનું કામ થઈ જતું હતું, પરંતુ હવે રાજ્ય સરકારના નવા વિકાસ નકશાના ગેઝેટ મુજબ જમીન માલિકોએ બાંધકામ માટે મંજૂરી લેવી પડશે. એન.એ. કરાવી મનપામાં બાંધકામ મંજૂરી માટે એપ્લાય કરવું પડશે. જેનાથી જમીન માલિકો કે ડેવલોપર્સને પણ ફાયદો થશે.

જોકે ડીપી બાદ ઝડપથી ટાઉન પ્લાનિંગ એટલે કે આયોજનબદ્ધ વિકાસને મંજૂરી મળવી જોઈએ. જેનાથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધવાથી જ મિલકતના ભાવો વધશે. મૂળ વાપી-ચલા શહેરી વિસ્તારમાં પુનર્વિકાસ માટે જગ્યા રહી નથી. ત્યારે નવા ભળેલા ગામોમાં વિકાસની પૂરતી સંભાવના છે. જેથી ટીપીનો ઝડપી અમલ જરૂરી બન્યો છે. હવે હાઈવે પર ખાનગી વાહનોમાં પણ ઈ-ડિટેક્શન દ્વારા દસ્તાવેજોની તપાસ કરી ચલણની કાર્યવાહી થશે.

## ડુંગરા આશ્રમમાં માલા પૂજન અને સત્સંગ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** વાપીના ડુંગરા સ્થિત સંત આસારામ બાપુના આસારામજી ગુરુકુળ આશ્રમ ખાતે દેવ દિવાળી અને કાર્તિક પૂર્ણિમાના અવસરે ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૯ વાગ્યે શરૂ થયેલા આ કાર્યક્રમમાં નિર્મળા દીદીના સત્સંગ સહિત વિવિધ ધાર્મિક વિધિઓ યોજાઈ હતી. કાર્યક્રમની શરૂઆત આસારામાયણના પાઠથી કરવામાં આવી હતી. ત્યારબાદ ગુરુ રાધિકા પૂજન અને માલા પૂજનની વિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રસંગે વાપી, દમણ, સેલવાસ તેમજ આહવા-ડાંગ વિસ્તારના મોટી સંખ્યામાં આસારામ બાપુના ભક્તો અને સાધકો ઉપસ્થિત રહ્યા હતા અને ધાર્મિક કાર્યક્રમનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન ડુંગરા વાપી આશ્રમના મુખ્ય સંચાલક મુકેશભાઈ અને સાધકો દ્વારા કરવામાં આવ્યું હતું.






## વાપી-દમણ રોડ પહોળો કરાયો તો તેના ઉપર વાહન ચાલકોને અડિંગો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** ચલા સર્કલથી આગળ વાપી-દમણ રોડ માટે જમીન સંપાદન કર્યા બાદ ડામર પાથરી રોડ પહોળો કરવામાં આવ્યો હતો, જેથી વાહન ચાલકોને રાહત મળશે તેવી આશા હતી. પરંતુ હવે આ પહોળા કરાયેલા રોડ ઉપર જ પાર્કિંગના અડિંગાને કારણે વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

અહીં ખાનગી જમીનમાં વિકસાવેલા ખાણીપીણીના સ્ટોલ પર આવતા અસંખ્ય ગ્રાહકોના વાહનો આ રોડ ઉપર જ પાર્ક કરવામાં આવતા હોય છે. જેના કારણે પહોળો કરાયેલો રોડ ફરી સાંકડો બની જાય છે. રાત્રે અન્ય વાહન ચાલકોને ભારે અગવડનો સામનો કરવો પડે છે.

ખાસ કરીને શનિવાર અને રવિવારે સાંજથી મોડી રાત સુધી અહીં અરાજક પરિસ્થિતિ સર્જાય છે. બંને તરફ વાહનો પાર્ક થઈ જતા ટ્રાફિક જામ થાય છે અને અકસ્માતનો ભય પણ રહે છે. ઉપરાંત અહીં સ્ટ્રીટ લાઈટ પણ નથી, જેના કારણે રાત્રે અંધારામાં વાહન ચલાવવું વધુ જોખમી બની જાય છે.

આ અંગે મનપા તંત્ર ધ્યાન આપે તે જરૂરી છે અને આ જાહેર માર્ગ ઉપરના દબાણો દૂર કરી માર્ગ ખુલ્લો કરે તેવી અન્ય વાહન ચાલકોની માગ છે.

## વાપીની ફેલોશિપ મિશન સ્કુલમાં 'કૌશલ વિકાસ' તાલીમ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૨૫ :** શિક્ષણની ગુણવત્તામાં સતત સુધારો લાવવા અને શિક્ષકોને આધુનિક શિક્ષણ પદ્ધતિઓથી સજ્જ કરવા માટે ફેલોશિપ મિશન સ્કૂલ, વાપી ખાતે મંગળવાર, તા.૨૪ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સીબીએસઈ દ્વારા ક્ષમતા નિર્માણ તાલીમ કાર્યક્રમ 'કૌશલ વિકાસ - Empowering Teachers, Transforming Classrooms, Shaping TomorrowÓનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના ઓડિટોરિયમમાં સવારે ૭:૩૦થી સાંજે ૪:૩૦ વાગ્યા સુધી યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ શાળાઓના શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ તાલીમ કાર્યક્રમમાં મુખ્ય સંસાધન વ્યક્તિ તરીકે સીબીએસઈ રિસોર્સ પર્સન કલ્પના ચૌધરી તથા સીબીએસઈ માસ્ટર ટ્રેનર અને એનડીડીબી કેમ્પસ, આણંદ, ગુજરાતના આચાર્ય તેજશકુમાર એચ. દેસાઈ ઉપસ્થિત રહ્યા હતાં. બંને નિષ્ણાતોએ પોતાના જ્ઞાન, અનુભવ અને માર્ગદર્શન દ્વારા શિક્ષકોને તાલીમ આપી હતી.

શિક્ષકોને સશક્ત બનાવવાથી વર્ગખંડમાં સકારાત્મક પરિવર્તન આવે છે અને તેના પરિણામે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વધુ સક્ષમ શૈક્ષણિક વાતાવરણનું નિર્માણ થાય છે.

સશક્ત શિક્ષક, ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ઉજ્જવળ ભવિષ્ય એ જ કૌશલ વિકાસનો મૂળ મંત્ર છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**